بسم الله الرحمن الرحيم

નસીરૂદદીન.

(એક ઈસ્લામી ગૃહસ્થની જીવનકથા.)

લખનાર અને પ્રગટ કરનાર,

નિઝામુદદીન અમીરૂદદીન કુરેશી.

પાંચપટી—અમદાવાદ.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦

૧૩૩૩ હિજરી. સને ૧૯૧૫.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા

ધી નિઝામીયા પ્રી. વર્કસ (છાપખાનુ)માં

મી. નિઝામુદદીન અમીરૂદદીન

કુરેશીએ છાપ્યું.

કીમ્મત આઠ આના.

بسم الله الرحمن الرحيم

નસીરૂદ્દીન.

(એક ઇસ્લામી ગૃહસ્થની જીવનકથા.)

લખનાર અને પ્રગટ કરનાર,

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી.

પાંચપટી—અમદાવાદ.

ઇ. સ. ૧૯૧૫. પ્રત ૧૦૦૦.

૧૩૩૩ હિજરી. સને ૧૯૧૫.

કીમ્મત આઠ આના.

આબેદા.

[અનુવાદક નિઝામુદ્દીન કુરેશી]

એમ તો ઈસલામી વાંચક વર્ગમાં મી. કુરેશીની વાર્તાઓ ઘણીજ પસંદગીથી વાંચવામાં આવે છે પણ મજકુર વાર્તાએ અસાધારણ રીતે વાંચકોના મન હરણ કરવામાં ફતેહ મેળવી છે. જ્યારે તે રંગુનથી અઠવાડીઆમાં બે વખત પ્રગટ થતા ગુજરાતી પત્ર "રંગુન સમાચાર"માં પ્રગટ કરવામાં આવી ત્યારેજ વાંચકોએ તેને પુસ્તકના આકારમાં બહાર પાડવાની ભલામણ કરવા માંડી હતી. જેથી અમોએ મજકુર વાર્તા છાપવી શરૂ કરી દીધી છે. આ વાર્તામાં એક ઈસલામી બાળાની જીંદગીની કથા લખવામાં આવી છે, જે તેણીએ પોતાના મુખે વાંચકોને સંભળાવી છે. પાક ઈસલામ મઝહબના શિક્ષણને વાર્તાના રૂપમાં એવી સરસ રીતે લખવામાં આવ્યા છે કે વાંચક ઘણાંજ રસની સાથે મહાન ઈસલામ ધર્મના પવિત્ર શિક્ષણોના દરેક પાઠનું પણ જ્ઞાન સહેલાઈથી મેળવી શકાય છે યાદ રાખજો કે આજ સુધી આવી વાર્તા ગુજરાતી ભાષામાં બહાર પડી નથી.

ગ્રાહક થવા માટે આજેજ નામ નોંધવા માટે એક કાર્ડ લખી મોકલો. કીમત હવે પછી નક્કી કરવામાં આવશે. કેમકે તે કેટલા પાનાની થશે તે અત્યારથી કાંઈ કહી શકાય નહિ. કીમત નકી કર્યા પછી દરેક ગ્રાહકને પોસ્ટ કાર્ડથી ખબર આપવામાં આવશે. કીમત જાણ્યા પછી અગર તે ગ્રાહકના લીસ્ટમાં પોતાનું નામ નહી રાખવા ચાહતો હોય તો તેનું નામ ખુશીથી કમી કરવામાં આવશે. માત્ર પહેલાં ગ્રાહકોની સંખ્યા કેટલી થાય છે તે જોવા માટે આ જાહેર ખબર છપાવવામાં આવી છે.

મેનેજર નિઝામીયા બુક ડેપો,

પાંચપટી—અમદાવાદ.

૭૮૬

બે બોલ.

સને ૧૯૦૮ માં આ વાર્તાની પહેલી આવૃતી પ્રગટ કરવામાં આવી હતી. હાલમાં ગ્રાહકોની માંગણીના સબબે બીજી આવૃતી પ્રગટ કરવામાં આવે છે.

ખુદાવન્દે કરીમના ફઝલો કરમથી મારી વાર્તાઓ મુસલીમ વાંચક વર્ગમાં ઉત્સાહથી વંચાઇ રહી છે જેથી મારા લખવાના ઉત્સાહમાં વધારો થઇ રહ્યો છે.

મારી ગેરહાજરી દરમ્યાન ભાઇ સરદારખાન એફ. હસની નીઝામીએ જે કાળજી પુર્વક મારા કામકાજની દેખરેખ રાખી છે તે માટે આ તકે હું તેમનો ખાસ આભાર માનું છું.

૧૫-૬-૧૫
૬૧, મુગલ સ્ટ્રીટ
રંગુન.

નિઝામુદ્દીન કુરેશી.

અર્પણ પત્રિકા.

હું

મારી

આ વાર્તાની

બીજી આવૃતિ

મારા રંગુનના પ્રવાસ

દરમીયાન સગા ભાઈ કરતાં પણ

વધારે હેત રાખનાર બિરાદરે અઝીઝ

કાસિમ યુસુફ ભાઇમીયાં સાહેબને

અતી આનંદની સાથે એક

યાદ તરીકે અપર્ણ

કરતાં અતી આનંદ

પામું

છું.

૬૧ મુગલ સ્ટ્રીટ
રંગુન.
તા. ૧૫-૬-૧૫

સ્નેહાંકિત,
નિઝામુદ્દીન કુરેશી.

بسم الله الرحمن الرحيم

નસીરૂદદીન.

પ્રકરણ પહેલું.

મારો જન્મ.

હું તે કમનસીબ છું કે જ્યારે મારો જન્મ થયો ત્યારે મારા બાપને સ્વર્ગવાસ થયે આઠ મહીના વીતી ગયા હતા. મારા જન્મની વખતે આડોશી પાડોશી અને ઓળખાણ પીછાણવાળા મારૂં મુખ જોઇને કહેતા હતા કે હાય! હાય! આ બાળક તો બહુ મોહટો કાળ પગો અને અભાગ્યો છે, કેમકે તેણે તો માના પેટમાં આવતાંની સાથેજ પોતાના બાપનો જીવ લીધો અને પોતાની યુવાન સવાગણ માને વિધવા બનાવી. હું મારી માને પેટે પેહલોજ પુત્ર અવતર્યો હતો. મારી મા માત્ર પંદર વરસની બાળ વયે વિધવા બની હતી. મારા જન્મથી મારી માને કાંઇ ખુશાલી ઉપજી નહોતી, તેમ કાંઇ દીલગીરી પણ થવા પામી નહોતી. હું મારી માને બોજા રૂપ પણ થઇ પડયો નહોતો, તેમ કાંઇ આનંદ પામનારો પણ થયો નહોતો. પુત્ર જન્મની વખતે જેમ ઢોલ વાજાં વગાડી અને ભવઇયા ગવઇયાને નચાવી ખુશાલી જાહેર કરવામાં આવે છે તેમ મારા જન્મની વખતે થવા પામ્યું નહોતું. પરંતુ મારી માને મુબારક સલામત આપવાના બદલામાં દરેક જણ મારૂં મુખ જોઇ નિશ્વાસ નાંખતા હતાં.

હું મારી કથા આગળ લંબાઉ તે પેહલાં સંક્ષેપ્તમાં મારા બાપની હકીકત વાંચકો સનમુખ રજુ કરવી મુનાસબ ધારૂં છું. મારા બાપનું નામ

શમસુદ્દીન હતું, જેઓ અસલ ગુજરાતના રહેવાશી હતા પણ, વ્યાપારના સબબે લાંબા કાળથી મુંબઇમાં રેહતા હતા. તેઓ ટોપીઓનો વ્યાપાર કરતા હતા, ભીંડી બજારની વચ્ચોવચ ટોપીઓવાળાની લેનમાં તેઓની દુકાન હતી, દરેક ગ્રાહકમાં તેઓ સાચા બોલા અને ધર્મીષ્ટ સાબીત થઇ ચુકેલા હોવાથી વરસે દહાડે પાંચ પૈસા સારી રીતે પેદા કરી લેતા હતા. મારા બાપે પોતાની પંચાવન વરસની વયે મારી માની સાથે લગ્ન કીધાં, જે વખતે મારી માની વય માત્ર ચૌદ વરસનીજ હતી. મારી માને પીયરમાં કોઇ સગું વહાલું નહોતું. સગાં વહાલાં કે ઓળખાણ પીછાણવાળા જે કાંઇ ગણો તે માત્ર મારા બાપ હતા. મારા બાપની સગાઇમાં પણ માત્ર એક વિધવા બ્હેન હતી, જે બહુજ ધનવાન અને માલદાર હતી, પરંતુ તેણીનો સ્વભાવ આકળો ઉતાવળીઓ અને ખરાબ હતો, તેથી મારા બાપને અને તેણીને એક ઘડી પણ બનતું નહોતું. તેણી પોતાના આકળા સ્વભાવ માટે વિખ્યાતી પામી ચુકી હતી, તેથી તેણીથી દરેક જણ મળતાં અચકાતો હતો. તેણી પૈસા ટકામાં ભરપુર હતી, પણ આગળ પાછળ કોઇ ખાનાર કે રડનાર કુટનાર નહોતો. પહેલા મારા બાપની સાથે તે ઘણીજ પ્રીતી રાખતી હતી, પણ જ્યારથી મારા બાપે વૃદ્ધા અવસ્થામાં જુવાન સ્ત્રી સાથે લગ્ન કર્યાં, ત્યારથી તેણી મારા બાપથી બહુજ ચીડાઇ ગઇ હતી. તેણીએ વાંદરામાં પોતાનો વસવાટ રાખ્યો હતો, જ્યાં તે માત્ર એક નોકર સાથે રહેતી હતી.

જ્યારે મારા બાપને પ્લેગ થયો અને તેઓ મરણને શરણ થયા, ત્યારે તેઓ પોતાની પાછળ પાંચ હજારનું ઘરેણું તથા દુકાનનો માલ વીગેરે મળી આશરે વીસ હજારની મીલકત મુકી ગયા હતા, જે પાછળથી મારી માએ મજકુર મીલકતમાંથી પંદર હજાર રૂપીયા મોતી બજારવાળા કરમચંદ શેઠને ત્યાં જમે રખાવ્યા હતા.

મારા બાપના સ્વર્ગવાસ પછી મારી માએ પોતાની ખાતરીની રહેમત નામની ડોસીને પોતાની પાસે નોકર રાખી કેમકે તેણી બે જીવની હોવાથી કામકાજમાં બહુ અડચણ પડતી હતી. ઘરડી વયની ડોસી રાખવામાં તેણીએ બહુ મોહટી ચતુરાઇ વાપરી હતી. જ્યારે મારા બાપની સાડેચાર માસી એટલે ગુજરવાના દીવસને સાડાચાર મહીના થઇ ગયા, ત્યારે એક દીવસ મારી મા પોતાની કમનસીબી અને આવી રીતે યુવાનીમાં વિધવા બનવા પર વિચાર કરતી બેઠી હતી, એટલામાં બહારથી કોઇએ બારણું ઠોક્યું,

મારી મા તરતજ પોતાના વિચારોમાંથી ચોંકી અને ડોસીને કહ્યું કે, રહેમત જુઓ કોણ બારણું ઠોકે છે. ડોસીએ જ્યારે બારણું ઉઘાડયું તો જણાયું કે બારણું ઠોકનાર બીજું કોઇ નહીં પણ મારી માલેતુજાર મીજાજી ફોઇ હતી. બારણું ઉઘડતાંજ તે અંદર આવી મારી માએ જ્યારે મારી ફોઇને આવતી જોઇ ત્યારે તેણીએ ઉઠીને સલામ કર્યો અને પલંગ પર બેસવા ઇશારો કરતી હતી, તેવામાં તો મારી મીજાજી ફોઇએ ગુસ્સાના આવેશમાં બોલવું શરૂ કર્યું, દીકરી બેસ, હું બેસું છું, હું તને કાંઇક કહેવા આવી છું તે સાંભળ, જો હાલમાં મેં સાંભળ્યું છે કે તું બે જીવથી છે, જો આ વાત ખરી હોય અને તને જોવાથી ખરીજ માલમ પડે છે તો તું લગારે ગભરાતી ના, અને જરા પણ દીલગીરી કરીશ નહીં. જો કદાચ તું વગર લેવેદેવે નકામી દીલગીરી કરીશ તો પેટમાંનું બાળક મરી જશે અને તેના સદમાથી તું પણ તારા બેવકુફ અને નાદાન ખાવીંદની પેઠે કબરમાં જઇને વાસો કરીશ. વળી સાંભળ, મારી એક બીજી વાત ધ્યાન દઇને સાંભળ અને તે ઉપર પુરેપુરો અમલ કરજે. કદાચ તને છોકરો અવતરે તો તેની મને કોઇ કાળે પણ ખબર કરતી ના, અને મને મુખ પણ દેખાડતી ના, પણ જો કદાચ છોકરી અવતરે તો તરત તાબડતોબ મને ખબર આપજે, એટલે હું આવીને તેની અને તારી સંભાળ લઇશ અને તારી છોકરીને મારી બધી મીલકતની વારસ બનાવીશ. પણ જો છોકરો આવે તો ખબરદાર કોઇ કાળે પણ મને ખબર આપતી ના, સમજી, આ વખતની મારી આ વાતને સારી પેઠે દીલમાં ગોખી રાખજે.

"લે હવે હું જાઉં છું." આટલું કહી મારી મીજાજી ધનવાન અને બેબાકળી ફોઇ જેવી રીતે એક પવનના સપાટાની પેઠે આવી હતી તેવીજ રીતે બારણું ઉઘાડીને ચાલતી થઇ ગઇ.

પ્રકરણ બીજું.

મારી બીજી ફોઈ.

જ્યારે મારી વય ત્રણ વરસની થઈ ત્યારે મારી માએ મારી વરસગાંઠ ઘણીજ ધુમધામથી કરી. સગાં-વ્હાલાંમાં તો કોઈ હતુંજ નહીં, તેથી આડોશી પાડોશીને બોલાવ્યા અને બે ચાર જાતના પકવાન રંધાવી બધાને ખવરાવ્યા, મને રેશમી લુગડાં પેહરાવી પીરની દરગાહે મોકલ્યો, અને થોડી વારના માટે જાણે મારી બીસમીલ્લા હોય નહીં તેમ ધુમધામ કરી નાંખી. વરસગાંઠના બીજા દીવસે કોણ જાણે મારી માનાં દીલમાં શું આવ્યું કે ઝટ ગાડી મંગાવીને મને સાથે લઇ વાંદરે મારી ફોઇના ઘેર પોંહચી, મારી મા જે વખતે બંગલાના બારણા પાસે ગઇ તે વખતે મારી ફોઇ જેનું નામ શીરીનવહુ હતું બંગલાના હોલમાં બેસીને ખાણું લેતી હતી, જેવી મારી માને મારી ફોઇએ જોઇ તેવીજ કુરસીપરથી છલાંગ મારીને ઉભી થઇ ગઇ અને મારી માને ગુસ્સાથી લાલચોળ આંખો બનાવી કહ્યું.

શીરીનવહુ—કેમરે લયલા (મારી માનું નામ) તું અહિં ક્યાંથી ?

લયલા—હું પણ અહિં.........

શીરીનવહુ—તને કોણે બોલાવી ?

લયલા—કોઇએ નહીં.

શીરીનવહુ—તો ફરી કેમ આવી ?

લયલા—અમસ્થી !

શીરીનવહુ—અમસ્થી આવવાનું કારણ ?

લયલા—તમારા દીદારને આંખો તડપી રહી હતી.

શીરીનવહુ—શું સાચું !

લયલા—જી હા ! અને વળી આ નસીરૂદ્દીન (મારૂં નામ) પણ પાછળ લાગ્યો હતો કે ફોઇને ત્યાં જવું છે તેથી આવી.

શીરીનવહુ—ઠીક !

લયલા—સાચું કહું છું કે મારૂં મન તમને જોવા બહુજ તડપી રહ્યું હતું.

શીરીનવહુ—કેમ ન તડપે ! તમે મારા જીગરના લોહી ખરાને !

લયલા—હું લોહી નથી પણ તમારા લોહીની વહુ અને મા તો છું.

શીરીનવહુ—મારા લોહીએ બહુજ ખોટું કર્યું કે તારાથી લગ્ન કીધું.

લયલા—વાહ બહેન વાહ, લોકો પોતાને ત્યાં આવેલા મહેમાનની આવીજ ખાતર બરદાસ કરતા હશે. ચાલો રહેવા દો મેં તમારે ત્યાં આવીને સારો લાભ ઉઠાવ્યો.

શીરીનવહુ—તને મેહમાન કોણે બોલાવી. તારા જેવાને મરતાં સુધી થુંકુએ નહીં.

લયલા—બસ હવે જવા દો. બહુ વાતને વધારો નહિ !

શીરીનવહુ—શું તું મને મારા ઘરમાં દબાવવા આવી છે ?

લયલા—બહેન ! હું ક્યાં તમને દબાવું છું કે તમે વગર લેવે દેવે હાથ પગ ધોઇને મારી પાછળ પડી ગયા છો.

શીરીનવહુ—ચાલ ચાલ ડાહી, બેસ બેસતી હોય તો હું તો તારા જેવી ઉછાલ છક્કાને પેહલાંથીજ ઓળખું છું.

લયલા—ચાલો બા માફ કરો, હવેથી તમારા ઘરનું નામ લઉં તો ગુનેહગાર, આવી રીતે એકલપેટા છો તેથીજ જંગલમાં એકલાં પડી રહો છો.

શીરીનવહુ—અરે ઓ નાદાન ! જા જા મારી સામેથી ચાલી જા, હું તારી એક વાત પણ સાંભળવા માંગતી નથી, તેંજ મારા ઘરડા ભાઇને ઘરડે ઘડપણ કલંક લગાડયું છે. જો મારૂં ચાલે તો હું તારા કટકે કટકા કરીને કાગડાઓને આપું.

લયલા—જુઓ બહેન કાંઇ વિચાર કરીને બોલો, હવે તમારૂં ઘડપણ છે, કબરમાં પગ લટકાવીને બેઠાં છો, શું કરવા મુજ ગરીબ ઉપર આળ મુકો છો, જરા ઇનસાફ તો કરો કે મેં કેવી રીતે તમારા ભાઇને ઘરડે ઘડપણ કલંકીત કર્યા.

શીરીનવહુ—અરે ઓ અભાગ્યણી ! મારા ભાઇની આ વય લગ્ન કરવાની હતી કે તેં લટક મટક કરીને મારા ભાઇને ફંદામાં ફસાવી દીધો તને તો જોઇતું હતું કે પોતાની યુવાવસ્થાની જાળમાં કોઇ યુવાનને ફંસાવતી.

લયલા—(ગદગદીત કંઠે) મેં તો તમારા ભાઇને લટકા મટકા દેખાડીને કાંઇ ફંસાવ્યા નથી, પણ તેઓએ મને ઠેકાણાં વગરની બનાવી દીધી. મારી માએ મરતી વખતે આવી વસીયત નહોતી કરી કે તેઓ પોતેજ મારાથી લગ્ન કરી લે. પણ હશે જે ભાગ્યમાં હતું તે થયું.

શીરીનવહુ—ચાલ ચાલ જુઠી લબાડ, તેંજ તે બીચારા ઘરડાને ચટકા મટકા બતાવી લલચાવી લીધો અને લગ્ન કરીને બેઠી અને બિચારાને થોડીજ મુદ્દતમાં કબરમાં ધકેલી દઇને હવે પોતે તેની બધી મીલકત દબાવી માલેક બની ગઇ છે.

લયલા—(આકાશ તરફ હાથ ઉઠાવી) તે મારો અલ્લાહ સારી પેઠે જાણે છે કે મેં તમારા ભાઇને ફંસાવ્યા કે તમારા ભાઇએ મને ઠેકાણાં વગરની બનાવી.

શીરીનવહુ—જા હવે બહુ લાંબી ટુંકી ન કર, હું સારી પેઠે સમજુ છું કે તું અહીં કેમ આવી છે.

લયલા—હા જરા કહો તો ખરા કે હું અહિં શા માટે આવી છું ?

શીરીન—તું એટલાજ માટે મને સમજાવવા પટાવવા આવી છે કે મારા ભાઇની પેઠે મને પણ કબરમાં ધકેલી દઇને બધી મીલકતની માલેક બની જાય.

લયલા—જો કદા ચહું આ વિચારથી અહિં આવી હોઉં તો મારી ગોરમાં કીડા પડે. આકાશ તુટે, મારી આંખો ફુટે, મારા શરીરમાં આગ લાગે. હું ઉભીને ઉભી............

શીરીનવહુ—શું કરવા પોતે પોતાને કોસે છે.

લયલા—હું કોસુ ન તો શું કરૂં,

શીરીનવહુ—કુવામાં પડ હું કાંઇ તારા કોસવા અને રડવા કુટવાથી લગારે બીહતી નથી. તારી પેઠે તો મને પણ આવડે છે, આવી રીતે ધોકાબાઝી બીજાથી કર, હું તારે ફંદે ફંસાઉં એવી નથી તો; મેં સાઠ વરસ અમસ્થા કાઢયા નથી. કાંઇ ધોળા વાળ ધુપમાં નથી કર્યાં, સમજી. મારી મીલકત મારા ધણીએ બહુ મહેનત અને જાંફેશાનીથી પેદા કરી છે, માટે મીલકતની લાલચ તો રાખતીજ ના. હું મારી મીલકત ઢેડ ભંગીઆને આપી દઇશ અને મરજીમાં આવશે તો છડે ચોક લુટાવી દઇશ, પણ તને તો એક દમડી સરખીએ નહિ આપું, તું તો કાલ ઉઠીને કાંઇ જુવાનીઆથી

લગ્ન કરી લઇશ, તેથી આ મીલકત કે જે મહા મહેનતે ભેગી થઇ છે તે હરામમાં ઉડી જશે. માટે જા એક પાઇની પણ આશા રાખીશ નહિ.

લયલા—બહેન તમારી આવી નશતર જેવી વાતોથી મારા દિલના રૂઝાયલા જખ્મો તાજા થઇ ગયા, તમારા શબ્દોએ મારા બળેલા જીગરમાં તેલનું કામ કર્યું છે. હું તો તમારાથી માત્ર મોહોબ્બતના લીધે મળવા આવી હતી, ન કે તમારી મીલકત લેવા. તમારી મીલકત તમોને મુબારક રહે, ખુદાની મહેરબાનીથી મારી પાસે એટલી મીલકત છે કે મારી જીંદગી સુખમાં ગુજરે, મને તો પૈસાની કે મીલકતની લગારે પરવા નથી.

શીરીનવહુ—ફરી જુઠ બોલી, તું જાણે છે કે મને જુઠ ઉપર બહુ ચીડ છે. દીલથી દીલને રાહ હોય છે, હું તો તને ધિક્કારની નજરથી જોઉં છું પરી તને મારાથી મોહોબ્બત કેવી રીતે થઇ શકે છે, બાકી રહી મીલકતની વાત, તો આજ કાલ તો એવો કોઇએ નથી કે જેને મીલકતની મોહોબ્બત ન હોય, મીલકત બહુજ ખરાબ વસ્તુ છે, આના લીધે ભાઇઓમાં વેર બંધાય છે. મીત્રોમાં જુદાઇ પડે છે. લડાઇ અને ખુનો પણ થઇ ગયા છે. મીલકત અથવા પઇસાના લીધે માણસો હેરાન હેરાન અને પરેશાન જંગલો બીયાબાનમાં રખડે છે, દરીયા અને મહાસાગરોમાં ભુસકા મારે છે તો ફરી હું કેવી રીતે કહું કે આવી હજારો ખરાબીઓ પર પડદો નાંખનારી અને લાખો આશાઓને પુરી કરનારી વસ્તુની તને પરવા નથી.

લયલા—બહેન તમે બહુ મોહટી ભુલ કરો છો, મારી નાહની સરખી વાત પર મોહટા ભાષણની લગારે જરૂર નહોતી. હું તો ખરૂં કહું છું કે માત્ર મોહબ્બતની ભુખી છું, મને પૈસો ટકો કે માલ મીલકત જોઇતી નથી. આ નસીર તમારા ભાઇની રહી સહી નીશાની છે. તમોને જોઇએ કે તમો એના માથા પર હાથ મુકો, આ બાળકનું તમારા અને અલ્લાહના સિવાય બીજું કોઇ નથી.

શીરીનવહુ—આ વાતોથી મારા મનમાં લગારે અસર થનાર નથી. હું તારા ફંદામાં કોઇ કાળે પણ ફંસનાર નથી. અગર હું તારા કહેવાને કબુલ કરૂં તો આ મારા ભાઇની નીશાની છોકરાની જાત છે પોતે પોતાની મેળેજ યુવાન થશે. કાંઇ છોકરી નથી કે મને કાંઇ ચિંતા થાય. બીજું એ કે આ બાળકને જોઇ મારૂં મન લગારે પીગળવાનું નથી. મને ખુદાએ સંતાન આપ્યા નથી કે જે પ્રીતી બાળકોની સાથે સંતાનવાળી માને હોય

છે તે મને હોય. બાળકો પ્રત્યેની પ્રીતીનો પુલ સુકાઇ ગયો. ડાળી કપાઇ ગઇ, તે ઝાડજ જડ મુળથી ઉખડી ગયો, હું કોઇ પણ રીતે તારા કબજામાં આવી શકતી નથી. જા મારી સામે ઢોંગ ન કર, મને સમજ પડી ગઇ કે તું બહુ ઢોંગ ધતુરાવાળી સ્ત્રી છે, હવે માત્ર તારા માટેજ મને વાંદરાનો બંગલો મુકવો પડશે, તારા લીધેજ હું મુંબઇને સલામ કરીશ. જા, જા, એકદમ ચાલી જા, મારી સામેથી જા, દુર થા, નહિ તો લાચારીએ મને નોકરોની પાસે ધક્કા દઇને બહાર કાઢવી પડશે.

મારી ફોઇના આવા શબ્દ પ્રહારોથી મારી મા મને ગોદમાં લઇને રડતી તથા દીલગીર થતી ઘેર આવી અને મારી વિચીત્ર ફોઇ ખરેખર વાંદરાનો બંગલો વેચી કોણ જાણે ક્યાં ગુમ થઇ ગઇ.

પ્રકરણ ત્રીજું.

મારી માનો આશક.

જ્યારે હું પાંચ વરસનો થયો ત્યારે મારા ઘરની પછવાડે આવેલા એક ઘરમાં એક પોલીસનો કોન્સ્ટેબલ આવીને રહ્યો, જે દર વખતે છેલ બનીને ફરતો હતો, જો કે તેનો પગાર મહિને દહાડે પચીસ રૂપીઆથી વધારે નહોતો, પણ ખરચ પચાસ ઉપરાંત કરતો હતો. તે પોતાને પઠાણ જાહેર કરતો હતો, કેમકે તેનું નામ દાઉદખાન હતું. દર વખતે તે આડોસ પાડોસવાળાને ગાળો ભાંડી લડાઇ કરતો હતો, બધા લોકો તેનાથી ત્રાહે ત્રાહે પોકારતા હતા. એક દીવસ કમનસીબીથી મારી મા મેડી ઉપર નાહીને અગાસીમાં વાળ સુકવતી હતી તેને આ શયતાનના શાગરીદ દાઉદખાને જોઇ લીધી અને જોતાંજ આશક બની મારી માંથી મળવાની પેરવીમાં ગુંથાયો. દરરોજ પોલીસનો ડ્રેસ પેહરી ભપકામાં મારા ઘરની નીચેથી જતો હતો, અને જાણીજોઇને ગાનતાન લલકારતોજ નીકળતો. રાતની વખતે પોતાની અગાસીમાં બેસી વિરહના વર્ણનવાળી ગઝલો લલકારતો, અને મારી માના તરફ ઇશારો કરી પોતાનો પ્રેમ દર્શાવતો હતો.

દાઉદખાન હદથી વધારે બદ મીજાજ, તોફાની અને લડાઇખોર હતો પણ જાહેરમાં દેખાવડો, ખુબસુરત, સફાઇવાળો અને સુંદર પોશાક પહેરનારો હતો. તેની વય ત્રીસ વરસથી વધારે નહોતી, અને યુવાવસ્થાએ તેની કુદરતી ખુબસુરતીને વધારે ખુબસુરત બનાવી દીધી હતી. મારી મા જો કે પવિત્ર અને પુરેપુરી પતિવ્રતા હતી, અને વિધવા થવા પછી કોઇ પણ પરપુરૂષની સામે જોતી નહોતી. પરંતુ મને લાચારીએ કહેવું પડે છે કે તેણી કોઇ કોઇ દીવસે બારણાની શટમાંથી આ દેખાવડા દાઉદખાનને જોતી હતી, અને તેના ગાનતાન તથા કાવ્યોથી લગારે નાખુશ નહોતી થતી. જ્યારે દાઉદખાનનો કચેરીમાંથી આવવાનો વખત થતો ત્યારે તેણી બારીમાં ચક નાંખીને બેસતી અને ચકની આડમાંથી દાઉદખાનની તરફ જોઇ તાકઝાક કરતી હતી.

એક દીવસે હું મારી માની પાસે પલંગ પર સુઇ રહ્યો હતો, અને ભોળી ભોળી વાતોથી મારી માને આનંદ પમાડતો હતો કે દાઉદખાને મોહટા સાદથી એક ગઝલ લલકારી અને તેમાંના એક શેરને ફેરવી ફેરવીને ખુબ તાન સાથે ગાયું, જો હું બાળવયની વાતો વીસરી નથી ગયો તો તે શેર કાંઇક આના જેવોજ હતો.

પુર હું શિકવે સે કે હો રાગ સે જયસે બાજા
એક ઝરા છેડિયે ફિર દેખિયે કયા હોતા હે

આ શેર સાંભળતાંજ મારી મા પલંગપરથી ઉઠીને બેસી ગઇ અને મને કહેવા લાગી.

મા—નસીર ! હવે સુઇ જા.

હું—મા ઉંઘ આવતી નથી ને.

મા—આજ તારી વાત સારી નથી.

હું—એકાદ કહાણી કહો.

મા—નસીર ! હવે તું બહુ તોફાની થઇ ગયો છે.

હું—ઉંહ ઉંહ ઉં ઉં તોફાની ઉં ઉં તોફાની નહિ ઉં ઉ ઉં.

મા—બસ હવે સુઇ જા, નહિ તો સવારે નિશાળમાં મોકલી દઇશ, જ્યાં સારી પેઠે માર પડશે. મને આ તારૂં દર વખતે ઉં ઉં ઉં સારૂં નથી લાગતું.

હું—ત્યારે ફરી કોઇ કહાણી કહો.

મા—હું કહું છું કે તું સુઇ જા.

હું—ઉં ઉં નહિ ચુપ ઉં ઉં કહાણી ઉં ઉં.

મા—હાય અલ્લાહ ! આ છોકરો મારી પાછળ લાગેલો છે. આહ હવે હું શું કરૂં.

હું—કહાણી કહો.

મા—જાય ચુલામાં તું ને તારી કહાણી.

હું—ઉં ઉં ચુલામાં નહિ ઉં ઉં ઉં.

મા—(રહેમતને બોલાવી) રહેમત ! જા આ હરામખોરને કુવામાં જઇને નાંખી આવ લગારે જપતો નથી કે જંપીને બેસવા દેતો નથી.

રહેમત—દીકરા ! હઠ કરવી સારી નહિ. હવે સુઇ જા.

હું—ત્યારે કહાણી કહી દે.

રહેમત—ઠીક ત્યારે સુઇ જા, હું તને કહાણી સંભળાવીશ.

મા—રહેમત મુક આ છોકરાને, પીટયો બહુજ બગડી ગયો છે, મને આવી હઠ લગારે ઠીક લાગતી નથી. જો હવે ફરીને કાંઇ બોલ્યો તો ચીપીઆથી જીભજ ખેંચી કહાડીશ.

હું—ઉં ઉં ઉં.

મા—ઉભો તો રહે હમણા તને ઉં નો સ્વાદ ચખાડું છું, (પગની સપાટ ઉપાડીને.)

હું—ઉં ઉં ઉં.

રહેમત—દીકરી, તું પણ બાળકની સાથે નાદાન બને છે.

મા—બસ ડોસી રહેવા દો, વચમાં ન બોલો, આ છોકરો બહુજ બગડી ગયો છે, અત્યારે તેના આવા લક્ષણ છે તો કોણ જાણે જવાન થઇને કેવો નીકળશે.

આટલું કહીને મારી માએ મને એક થપ્પડ મારી, આ આટલી વયમાં પેહલીજ ફેરે થપ્પડ લાગેલી હોવાથી હું બહુજ દરદ ભર્યા સાદમાં રડવા લાગ્યો.

મા—ચુપ ! ચુપ !!

રહેમત—અરે શું છોકરાનો જીવ લેશો ?

મા—હું કહું છું કે ચુપ થા ! ચુપ ! !

રહેમત—અરે દીકરી, જરા શાન્ત થા.

મા—ઉભો રહે, તું એમ નહિ માને, તને આ રહેમત ડોસલીના લાડ પ્યારેજ બગાડયો છે. હમણાં જઇને આગ લાઉં છું અને તારી જીભમાં ડામ દઉં છું.

આગનું નામ સાંભળતાંજ હું બીકનો માર્યો ચુપ થઇ ગયો.

તે પછી પંદરેક મીનીટ ચુપકીદી પસરાઇ ગઇ, પણ ફરી દસેક મીનીટ બાદ આ શેર સંભળાયો.

નાલા ઇસિ ઝોર સે કયું મેરા દોહાઇ દેતા
અય ફલક ગર તુજે ઉંચા ન સુનાઇ દેતા

મા—રહેમત ! આ કોણ છે ?

રહેમત—આ મુવો એજ આપણો પાડોશી જે દર વખતે છેલ બનીને ફરે છે.

મા—સાદ તો બહુ સુરીલો છે.

રહેમત—અરે ભાડમાં નાંખો એના સાદને.

મા—તમે કેમ એનાથી ગુસ્સે છો.

રહેમત—એનું નખ્ખોદ જાય, પીટયો બહુજ તોફાની છે.

મા—તોફાની ! કેવી રીતે ?

રહેમત—જ્યારથી આ મોહલ્લામાં આવીને રહ્યો ત્યારથી લોકોને જરાએ જંપીને બેસવા દેતો નથી.

મા—મને તો આ માણુસ એવો નથી લાગતો.

રહેમત—તમે શું જાણો, જરા મોહલ્લાવાળાઓથી પુછો તો ખબર પડે.

મા—મહોલ્લાવાળાની વાત જવા દો, તેણે તમારી સાથે શો તોફાન કીધો.

રહેમત—દીકરી, આમ શું બોલે છે. આવી વાતો ન કરીએ જરા બુદ્ધિ ઠેકાણે રાખો.

મા—મારી શુદ્ધિ તો ઠેકાણે છે, જરા તમારી બુદ્ધિની ખબર લ્યો.

રહેમત—મારી બુદ્ધિ તો એજ કહે છે કે જો મારૂં ચાલે તો આ મુવાને ઉભોને ઉભો ભીંતમાં ચણાવી દઉં.

મા—અને જો મારૂં ચાલે તો.........

રહેમત—કુતરાની આગળ નંખાવું.

મા—નહિ.........

રહેમત—ઘોડાની ટાપોથી મારી નંખાવું.

મા—નહિ.........

રહેમત—બળતી ચેહમાં નંખાવું.

મા—નહિ.........

રહેમત—હાથીના પગે બંધાવું.

મા—નહિ.........

રહેમત—ફાંસીના લાકડે લટકાવું.

મા—નહિ.........

રહેમત—ત્યારે શું ?

મા—(હસીને) તેનાથી લગ્ન ગાંઠથી જોડાવું !

પ્રકરણ ચોથું.

મારી માના લગ્ન.

એક દીવસે હું આનંદમાં મસજીદથી ભણીને ઘેર આવ્યો તો શું જોઉં છું કે રહેમત બારણાની બહાર ચોધાર આંસુએ રડતી ઉભી છે. તેને આવી રીતે રડતાં જોઇ મારો આનંદ શોકમાં બદલાઇ ગયો. અને હું બીકથી થરથર ધ્રુજવા મંડયો, હું રહેમતને નાની કહેતો હોવાથી મેં તેને એ નામથી બોલાવી.

હું—નાની તમે કેમ રડો છો ?

રહેમત—(મને ગળે લગાવીને તથા બાથમાં ભીડીને) દીકરા ! દીક...દીકરા...દી...દી...ક...રા...

હું—શું માએ તમને ગાળો દીધી.

રહેમત—નહિ મારા બાપ હું મારા માટે રડતી નથી.

હું—ત્યારે ફરી જલદી કહો શું કરવા રડો છો.

રહેમત—રડું છું શું ? મારૂં તો હૃદય ફાટી જાય છે.

હું—પણ કાંઇ કહોને ? કેમ રડો છો ?

રહેમત—હું તારા માટે રડું છું.

હું—શું મારા માટે ?

રહેમત—હાં, હું તારા માટે રડુ છું, હાય, હાય, હું શું કરૂં મારૂં જીગર તો છેદાઇ જાય છે.

હું—હું તો જીવતો જાગતો અને તંદુરસ્ત........

રહેમત—ખુદા તને જીવતો જાગતો અને સલામત રાખે પણ...... હાય, હું શું કરૂં.

હું—નાની ! તમને રડતાં જોઇને મારાથી લગારે રહેવાતું નથી માટે ઝટ કહો કે શું છે ?

રહેમત—હાય, મેં તને મારા જીવથી વધારે ગણીને પાળી પોષી મહા મહેનતે મોહટો કર્યો છે, હાય, હવે નસીર તારા માટે આ ઘર નર્કથી વધારે બોજારૂપ થઇ ગયો.

હું—ઓ ખુદા, મારી નાનીને શું થઇ ગયું.

રહેમત—દીકરા! નાની ગાંડી નથી થઇ, નાની દીવાની નથી બની, નાનીએ બહુ જમાનો જોયો છે, આ તારી નાનીના જોત જોતામાં લાખો ઘર આબાદ થયાં છે, અને હજારો બરબાદ થઇ ગયાં, હાય, હું તને મારી આંખોનો નુર સમજતી હતી, હવે કોણ જાણે તારૂં શું થશે.

હું—તો શું નાની, માથી લડાઇ થઇ તેથી તમે મને મુકીને ચાલ્યા જાવ છો ?

રહેમત—નહિ, મારા પ્યારા નહિ, જ્યાં સુધી મારા શરીરમાં આત્મા છે ત્યાં સુધી તો તને નહિ મુકું, પણ હવે આ ઘરનો દોર બદલાઇ ગયો, હવે અહિં પહેલા જેવી વાત રહી નથી, દીકરા તારો અલ્લાહ નીગેહબાન છે.

હું—હવે આ ઘરમાં એવી કઇ બલા પેસી ગઇ ?

રહેમત—હા ! બલા ! બલા ! પણ તે બલા જેવી બલા છે !

હું—તે બલાનું કાંઇ નામ પણ છે ?

રહેમત—હાય, મારા પ્યારા નસીર ! જ્યારે હું તારી તરફ જોઉં છું ત્યારે કંઇને કંઇ થઇ જાય છે. હાય, આ તારૂં ભોળપણાથી ભરપુર મુખ, આ તારો ચંદ્ર સમાન ચહેરો, કોણ જાણે ક્યાં ક્યાં રખડશે, કોણ જાણે હવે તને કટકો પણ મળશે કે નહિ.

હું—શું માજી મારાથી નારાજ છે, તેથી તેઓ મને કાઢી મુકવા તૈયાર થયા છે ?

રહેમત—(નિશ્વાસ નાંખી) નહીં દીકરા !

હું—તો પ્રરી હું કેવી રીતે કટકા માટે રખડીશ ?

રહેમત—દીકરા, તારી નાનીએ વાળ ધુપમાં સફેદ કર્યા નથી. તેણે તો તડકા છાંયડાનો પુરેપુરો અનુભવ મેળવેલો છે, તેથીજ કહે છે કે તું જરૂર કટકાના માટે રખડીશ.

હું—શું મારી મા ગરીબ થઇ ગયાં ?

રહેમત—નહિ, તારી મા પાસે તો બહુ મીલકત હતી.

હું—હતી કે છે ?

રહેમત—હતી.

હું—હવે કયાં ગઇ ?

રહેમત—હવે તે મીલકતને ચોર લઇ ગયા, તારા બાપે દમડી દમડી કરીને જે મીલકત ભેગી કરી હતી, તે મફતના માલની પેઠે લુટાઇ ગઇ. હાય, મારા નસીર ! હવે હું શું કરૂં ?

હું—કયારે ચોરી થઇ ?

રહેમત—ચોરી તો નથી થઇ.

હું—તો પરી અમે કેવી રીતે ગરીબ થઇ ગયા ?

રહેમત—કદાચ તમે ગરીબ થઇ જતા તો સારૂં થાત, પણ જે સંકટ આવ્યું છે તે ન આવત.

હું—પણ તે સંકટ કયાં આવ્યું છે ?

રહેમત—હું કહું છું ને કે તમારા માથા પર.

હું—ઓ ખુદા, બચાવજે.

રહેમત—ઓ ખુદા, મને રંજના દીવસો દેખાડવાને જીવતી ન રાખજે.

હું—મારી મા તો સારી પેઠે છે ?

રહેમત—તારા માટે મરી ગઇ.

હું—મરી ગઇ ? હાય, ખુદા હું શું કરૂં.

રહેમત—તે મરી નથી ગઇ, પણ તારા માટે તો મરી ગઇ.

હું—મને મુકીને કોઇ બીજી જગ્યાએ ચાલ્યાં ગયાં.

રહેમત—નહિ મેડીપર છે.

હું—ઠીક, ત્યારે હું જઇને જોઉં છું.

રહેમત—હા જા, પરંતુ જરા ઉભો રહે.

હું—શું કરવા ?

રહેમત—હું તને કહું છું કે જરા ઉભો રહે.

હું—ઓ ખુદા, જરૂર મારી માને કાંઇ થઈ ગયું અને નાની મારાથી સંતાડે છે.

રહેમત—નહિ દીકરા ! તારી મા તંદુરસ્ત છે.

હું—ફરી તમે મને ઉપર જતાં કેમ અટકાવો છો ?

રહેમત—ના, હું કયાં અટકાવું છું, ભલે જા.

હું—પણ તમે રડો છો શા માટે ?

રહેમત—અમસ્થા, તારા માટે મારો જીવ બળે છે તેથી.

હું—હું તો તંદુરસ્ત છું.

રહેમત—ત્યારેજ મારા જીગરમાં જરા ટંડક વળે છે.

હું—ચાલો, ઉપર આવો.

રહેમત—હું હમણા ઉપર જઇ શકતી નથી.

હું—કેમ ?

રહેમત—જરા વાર રહીને આવીશ.

હું—કેમ તમોને કોઇએ ઉપર આવવા ના કહ્યું છે !

રહેમત—ના, કોઇએ ના તો કહ્યું નથી.

હું—તો ફરી ઉપર કેમ નથી આવતા ?

રહેમત—હું હમણા રડેલી છું તેથી તે મને જોશે તો કહેશે કે આ ડોકરીને ખુશીના પ્રસંગમાં રડવું કેમ આવે છે.

હું—કોણ કહેશે ?

રહેમત—તારો બાપ.

હું—મારો બાપ ? !

રહેમત—હાં તારો બાપ !

હું—મારા બાપ તો મરી ગયા ?

રહેમત—દીકરા તારો બીજો બાપ.

હું—બીજો બાપ !

રહેમત—હાં, બીજો બાપ !

હું—નાની તમે આ શું કહો છો ?

રહેમત—હું સત્ય કહું છું, આ અભાગ્યણી નાની સત્ય કહે છે.

હું—કોઇના બે બાપ પણ હોય છે ! અને મરેલો બાપ પાછો આવે છે !

રહેમત—મારા ભોળા દીકરા ! તારી માએ બીજું લગ્ન કર્યું છે. અને હવેથી દાઉદખાન તારો બીજો બાપ થયો, જે અત્યારે ઉપર બેઠેલો છે. હું અત્યારે તારી સાથે ઉપર આવીશ તો મારા રડેલા મુખને જોઇને કહેશે કે મારૂં લગ્ન આ ડોસીને ગમ્યું નહિ. તેથી તે મારો દુશ્મન થઇ જશે અને ફરી આ ઘરમાંથી મને કઢાવીનેજ રહેશે, માટે તું જા, હું તારા ઉપર કુરબાન જાઉં, જા, પણ મારી વાત ઉપર કરતો નહિ.

પ્રકરણ પાંચમું.

મારો બીજો બાપ.

જે વખતે મેં રહેમતના મુખથી મારી માએ બીજાં લગ્ન કર્યાનું સાંભળ્યું, તે વખતે મારી આંખોમાં અંધારાં આવી ગયાં. પગ ધ્રુજવા મંડયા, માથામાં દરદ થવા લાગ્યું, રૂહને બહુ મોહટો સદમો થયો, બાળક તો હતોજ, લગ્નનું સાંભળી મારાથી મોટેથી રોવાઇ જવાયું. મારા રડવાનો સાદ જ્યારે મારી માએ સાંભળ્યો ત્યારે પ્યાર અને હેતથી તેણી મને પોતાની પાસે બોલાવા લાગી અને કહેવા લાગી કે દીકરા ! આવ મારી પાસે તું ત્યાં રૂવે છે કેમ ! જો મારી પાસે વા વા છે. આવ હું તને આપું, મારી મા મને તેડે છે એ જોઇ રહેમતે પણ મને શાન્ત કરવા માટે હાથ જોડયા, અને કહ્યું કે, જા દીકરા, નહિ તો તારો બાપ જાણશે કે છોકરાને આ ડોસીએ ભરમાવ્યો છે તો મને હમણા હાલજ કાઢી મુકશે, માટે જા, અલ્લાહ તારો નિગેહબાન છે.

જો કે મારા પગ ભારના લીધે એક એક મણના થઇ ગયા હતા, તોપણ રહેમતના સમજાવ્યાથી હું ઉપર ગયો. ઉપર જઇને હું શું જોઉં છુ કે, મારી વહાલી મા જે પારકા પુરૂષના નામથી સો ગાઉ દુર નાસતી હતી, પુરૂષ તો પુરૂષ પણ પારકી સ્ત્રીને પણ પોતાનું મુખ નહોતી બતાવતી. તે

દાઉદખાનની પાસે બેસીને ચાંહ પી રહી હતી, આ જોઇને જો કે હું તદ્દન બાળક હતો, તોપણ ગુસ્સાથી લાલચોળ બની ગયો અને મનમાં વિચારવા લાગ્યો કે હમણા હાલ જઇને આ મરદુદના મોહઢા પર થુંકી દઉં, પણ વખતને બિચારીને હું ગુપચુપ ઉભો રહ્યો, મને આવી રીતે ઉભેલો જોઇ દાઉદખાને કહ્યું.

દાઉદખાન—આવ દીકરા! મારી પાસે આવ.

મા—દીકરા નસીર! તારા બાપને સલામ કર.

દાઉદખાન—ચાલો હવે સલામ રહેવા દો, આવ દીકરા મારી પાસે આવ અને ચા પી.

મા—દીકરા કેમ બોલતો નથી, આમ આભા જેવો બનીને કેમ ઉભો રહ્યો છે.

દાઉદખાન—બિચારો બાળક છે જ્યારે હળીમળી જશે ત્યારે જોઇ લેજો.

મા—બહુ શરમાળ છે.

દાઉદખાન—હાં, ખુદા તેને જીવતો રાખે.

મા—બસ એજ દોઆ માંગો કે તે ઘરડો ડોસો થાય.

દાઉદખાન—તનો ચહેરો તદ્દન તમારા જેવોજ છે.

મા—મારાથી પણ જરા ખુલતા રંગનો છે.

દાઉદખાન—તમારા રૂપની બરાબરી તો આ દુનિયામાં કોઇ વસ્તુ કરી શકનાર નથી.

મા—હશે, જવા દો આ બાત.

દાઉદખાન—જવા કેમ દેવી, હું તો કસમ ખાવા તૈયાર છું કે તમારા ગુલાબી ગાલની સફાઇની સામે ચંદ્રમાં પણ શરમાય છે, અને સુરજનો પ્રકાશ તો અંધકાર જેવો ભાસે છે.

મા—મને ખાલી શું કરવા બનાવો છો.

દાઉદખાન—જો હું જુઠી પ્રશંસા કરતો હોઉં તો મને તમારા હિનાઇ નાજુક હાથના સોગન છે.

મા—ચાલો જવા દો, તમે બહુ મોહટા બનાવનારા માણસ છો.

દાઉદખાન—બનાવવાની કાંઇ વાત નથી જે સત્ય છે તેજ કહું છું.

મા—હું જાણું છું કે સ્ત્રીઓ કરતાં પુરૂષો ઘણાંજ બેવફા હોય છે, તમારો અત્યારે જે પ્યાર છે તે હમેશાં આવોજ કાયમ રહે તો હું માનું કે પુરૂષો બેવફા નથી.

દાઉદખાન—મારા જીગર! મારા દીલદાર! હું તો તારો સાચો પ્રેમી છું, જીન્દગી સુધી તારા કદમોમાં પડયો રહીશ.

મા—ખુદા એમજ કરે અને તમે જીંદગી સુધી અમારા સરતાજ બન્યા રહો.

દાઉદખન—આમીન.

જ્યાં સુધી આ બન્ને જણમાં આવી પ્રેમાળ વાતો થતી રહી, ત્યાં સુધી હું ઉભોને ઉભોજ રહ્યો. મારા દીલમાં આ વખતે કંઇને કંઇ થતું હતું, આંખોની અંદર આંસુઓનો દરીયા ઉછાળા મારી રહ્યો હતો, મને લગાર પુછવાનીજ કસર રહી હતી, એટલામાં તો મારી માએ મને જોઇને કહ્યું.

મા—હાય, હાય, મારો દીકરો તો અત્યાર સુધી આભોજ બનીને ઉભો છે

દાઉદખાન—આનું નામ શું છે?

મા—નસીરૂદ્દીન.

દાઉદખાન—નસીરૂદ્દીન આગળ આવ, મારી પાસે બેસ. જણાય છે કે છોકરો જરા હઠીલો છે.

મા—ના, એવો કાંઇ હઠીલો તો નથી.

દાઉદખાન—વાત એ છે કે છોકરાને કોઇની બીક રહી નહિ તેથી હઠીલો બન્યો છે.

મા—કોની બીક રહે, બાપ તો જન્મ પેહલાંજ સીધાવી ગયા હતા.

દાઉદખાન—હશે, હવે હું તેને પાંસરો કરીશ, તમે આની જીંદગી ખરાબ કરો છો, સાત વરસની વય થઇ ને હજુ સુધી હઠીલોજ રહ્યો.

મા—હવે તો આ તમારો છોકરો છે, જેમ મરજીમાં આવે તેમ કરજો.

દાઉદખાન—એમાં શી શંકા છે, એને પાંસરો દોર કરીશ.

મા—હવે તમે આ નિરાધાર બાળકના માથાપર હાથ મુકો, આનો તમારા સિવાય બીજો કોઇ વાલી નથી.

દાઉદ્દખાન—બેશક! જુઓ કેવી રીતે ઉભો રહ્યો છે, જાણે પથ્થરની મુરત હોય નહિ?

મા—કોણ જાણે, આજે એને શું થયું છે?

દાઉદ્દખાન—આજે પહેલો દીવસ છે, તો હું કાંઇ કહી શકતો નથી, નહિ તો ચામડીજ ફાડી નાંખતો, આટલી બધી તે હઠ હોય? અફસોસ, તમારા નકામા વ્હાલે આવા ખુબસુરત બાળકને હઠીલો બનાવી દીધો.

મા—હું તો શું કરૂં, મારાથી કસાઇ બની શકાતું નથી.

દાઉદ્દખાન—કસાઇ બનવાની કાંઇ જરૂર નથી, તેમ બાળકને બહુ મોહડે પણ ન ચઢાવી દેવો જોઇએ. જુઓ અર્ધા કલાકથી કેવો બુત બનીને ઉભો છે, ન હાલે છે, ન ચાલે છે. મા બાપનો વ્હાલ તો આજ હોવો જોઇએ કે સારૂં સારૂં ખવાડે, લુગડાં સારાં બનાવે, નહિ કે આવી રીતે હઠીલો બનાવે. જે વાતો તમને હાલ સારી લાગે છે તે મોટપણે બહુજ દુઃખ આપનારી થઇ પડશે.

મા—હાં, ખરૂં કહો છો. દીકરા નસીર, તારા દુશમનોને શું થઇ ગયું છે કે આમ છેકજ આભો બનીને ઉભો છે.

દાઉદ્દખાન—જુઓ કેવો હઠીલો છે.

મા—ચાલો, હવે રહેવા દો.

દાઉદ્દખાન—ખરૂં કહું છું કે રહેવા દોની વાત નથી.

મા—રહેમત કયાં છે?

દાઉદ્દખાન—કેમરે રહેમત બોલતી નથી? શું મરી ગઇ કે?

રહેમત—(આંસુ લોહીને) એ આવી.

દાઉદ્દખાન—આ ડોસી રૂએ છે કેમ?

મા—હાં રહેમત, કેમ રૂએ છે?

દાઉદ્દખાન—પોતાના ભાગ્યને રૂએ છે.

રહેમત—(ધીમેથી) મુવા તારા માટે રોઉં છું, તારા નામને રોઉં છું.

દાઉદ્દખાન—આ શું બડબડે છે?

મા—રહેમત આ રોવાનો સમય છે? મારી ખુશી તને રંજ આપનાર થઇ.

દાઉદ્દખાન—આ ઝાંપડીને કાઢી મુકો અને બીજી કોઇ સારી નોકર રાખો.

મા—જા, રહેમત ઓરડીમાંથી મીઠાઇ લાવીને મારા નસીરને આપ.

હું આટલો વખત તદ્દન ચુપ હતો, પણ મારી માના મુખથી નીકળેલ "મારા નસીર" ના શબ્દોએ નશતરનું કામ કર્યું, હું મોટેથી રોવા લાગ્યો, અને એટલે સુધી રોયો કે મારા લુગડાં આંસુઓમાં ભીંજાઇ ગયા. મારી મા મને જોઇને આશ્ચર્યમાં પડી ગઇ કે આને શું થઇ ગયું છે. મને એકદમ ખોળામાં લઇ લીધો અને પ્યાર કરી સમજાવવા લાગી, તથા દીલાસો દઇને રોવાનું કારણ પુછવા મંડી. પણ મારા આંસુઓ તો નદીના પુરની પેઠે આવેલા હોવાથી રોકાયા નહિ. છેવટે હું રોતાં રોતાં થાકીને મારી માના ખોળામાંજ ઉંઘાઇ ગયો.

પ્રકરણ છઠ્ઠું.

મારી માની સાથે મેં પણ માર ખાધો.

લગ્નના બે અઠવાડીઆ પછીજ મારી માએ જાણ્યું કે, તેણીએ લગ્ન કરવામાં બહુ મોહટી ભુલ ખાધી છે. કેમકે જેની સાથે તેણીએ લગ્ન કીધાં છે તે જાહેરમાં ઇનસાન પણ બાતેનમાં શયતાન છે, જે જાહેરમાં ગૃહસ્થ અને બાતેનમાં ચોર, લુટારો અને પુરેપુરો બદમાશ છે. જે જાહેરમાં નેક પણ અંદરખાનેથી વ્યભીચારી, દારૂડીઓ અને જુગારી છે, પણ હવે પસ્તાવાથી શું થાય છે, જે થવાનું હતું તે તો થઇ ગયું, સોનાની ચકલી ઉડી ગઇ, માત્ર હાથમાં પાંખ રહી ગઇ છે, જે રાજહંસ સોનાનું ઇંડું આપતું હતું, તે સ્વર્ગે સીધાવી ચુકયું હતું, પક્ષીઓએ ખેતરનું સત્યાનાશ વાળી નાંખ્યું હતું, ધનુષ્યમાંથી બાણ નીકળી ચુકયો હતો. મારી નેક, ઇમાનદાર, પવિત્ર, ભોળી અને પતિવ્રતા મા એક લુચ્ચા, બદમાશ, જુગારીના ફંદે ફસાઇ ચુકી હતી.

મારી સ્થીતિ તો એવી હતી કે દાઉદખાનનો ચેહરો જોવાથીજ મારા હોશકોશ ઉડી જતા હતા, જ્યારે તે તાકીને મારી સામે જોતો, ત્યારે મારા રૂંવે રૂંવા ઉભા થઇ જતા હતા, જ્યારે તે ઘરમાં રહેતો, ત્યારે હું બીકના લીધે રસોડામાં ભરાઇને બેસી રહેતો, અને જ્યારે તે ઘરથી બહાર જતો, ત્યારે મારા જીવમાં જીવ આવતો હતો. મારી ભલી

નાની રહેમતનો તો દાઉદખાન જીવ-જાન દુશમન બની ગયો હતો, કોઇક વખતે ભુલમાં હું તેની પાસે જતો, ત્યારે તે મને હમણા આખો ને આખો ખાઇ જશે, એવી બીકથી ધ્રુજતો હતો. નાની રહેમતને તો તે દર વખતે ગાળ આપીનેજ બોલાવતો. જો તેનું ચાલતું, તો તે રહેમતને પાણી પીવાને પણ ઘરમાં રાખતો નહિ. પરંતુ મારી માના લીધે તે કાંઇ બોલી શકતો નહોતો.

એક દીવસે રાતના અગ્યાર વાગે દાઉદખાન દારૂના નિશામાં ચકચુર બનીને ઘેર આવ્યો, અને મનમાં આવે તેમ બોલવા લાગ્યો, તેથી મારી માએ તેને કહ્યું.

લયલા—(હવેથી હું મારી માનું નામ લખીશ.) કેમ વળી આજે આ શું?

દાઉદખાન—આજે આ શું ? મેં નોકરીનું રાજીનામું આપ્યું તેની ખુશી !

લયલા—રાજીનામું કેવું ?

દાઉદખાન—રાજીનામું નોકરીનું ! એટલે મેં નોકરી મુકી દીધી. કોન્સ્ટેબલની નોકરી મારા માટે નીચું જોવરાવનારી હોવાથી મુકી દીધી, અંગ્રેજો પણ વિચીત્ર માણસો છે, તેઓને જોઇતું હતું કે મારા જેવા બહાદુર અને લાયક માણસને ઇન્સ્પેકટર અથવા ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડન્ટની નોકરી આપતા, તેઓ મારી બાહોશીની કદર કરી શકયા નહિ. મારા જેવો બાહોશ અમલદાર તમામ દુનિયામાં દીવો લઇને શોધવાથી પણ મળશે નહિ, મારા જેવો બહાદુર આખા યુરોપ, અમેરીકા, ચીન, જાપાન અને રશીયામાં પણ નહિ હોય, શું હું કોન્સ્ટેબલની નોકરીને લાયક હતો ? આ બધી વાતોને વીચારીને આજે મેં રાજીનામું આપી દીધું. હવે હું આખો દીવસ ઘરમાંજ રહીશ. હા હા હા હા હા (હસવા લાગ્યો.)

લયલા—હાય, આજે એમને શું થયું ?

રહેમત—થાય શું ? ખાનસાહેબ તો નીશામાં ચુર છે.

લયલા—શું દારૂના નીશામાં ? અરેરે તમે આ શું કીધું ?

રહેમત—દીકરી, અત્યારે વધારે વાતચીત ન કર, નહિ તો ફરી જાગશે, કેમકે હમણાં તેમના માથા પર નીશાનો ભુત ચઢેલો છે.

લયલા—હાય, હાય, મારૂં દીલ તો ધડક ધડક થાય છે.

રહેમત—હમણાં શું ધડકે છે. આગળ જોજે.

દાઉદખાન—તમે એમ સમજતા હશો કે હું પીધેલો છું, પણ હું કાંઇ પીને બેશુદ્ધ થયો નથી, હું તે માણુસ નથી કે એકાદ પેગ પીવામાં મસ્ત બની જાઉં. મારી સામે તો એક બે બાટલીઓની કાંઇએ વીસાદ નથી.

રહેમત—ખરૂં છે, તમે તો દારૂના પીપ ને પીપ ઉડાવી જાઓ તોએ કાંઇ ન થાય તો ફરી એકાદ બાટલી તે શી વીસાદમાં છે.

દાઉદખાન—ઓ યસ! તુમ સચ બોલા, તે માટે તને ઇનામ આપીશ.

રહેમત—બેશક, સરકાર તમે બહુ મોહટા સખી દીલ ગુર્દાના માણુસ છો, (ધીમેથી) ખુદા તને ખરાબ કરે મારા પીટયા.

દાઉદખાન—એક લાખ રૂપીયા ઇનામ આપીશ.

રહેમત—જો તમે ચાહો તો કરોડ આપી શકો છો.

દાઉદખાન—આજે અમે નોકરી મુકી દીધી.

રહેમત—બહુજ સારૂં કર્યું.

દાઉદખાન—મારા જેવા બહાદુર માટે કોન્સ્ટેબલની નોકરી બહુજ શરમ ભરેલી હતી.

રહેમત—બેશક.

લયલા—આ તમે શું કહો છો, જરા હોંશમાં આવો, બેકાર માણુસ કોડીના કામમાં પણ આવતો નથી.

દાઉદખાન—કેમ રે, હવે અમે કોડી વગરના થઇ ગયા? ઉભી રહે પહેલાં હું તારી ખબર લઉં છું.

લયલા—બસ, બસ, બેસી રહો.

દાઉદખાન—કેમ, કાંઇ દબાવે છે.

રહેમત—દીકરી આ વખતે ચુપ બેસી રહેવામાંજ માલ છે.

લયલા—શું કરવા ચુપ બેસું? શું મને કોઇની બીક છે?

દાઉદખાન—હવે મને ખબર પડી કે તું બહુજ ખરાબ સ્ત્રી છે, અરે બેવકુફ, હું કાંઇ સ્ત્રીના દબાણમાં રહેનાર માણુસ નથી, હું તો બહુ મોહટો બહાદુર અને શુરવીર છું.

રહેમત—ખરી વાત છે, મીયાં આપ બહુ મોહટા બહાદુર છો.

લયલા—ડોસી, તું વચમાં બકબક ન કર.

દાઉદખાન—કેમ, તું મને ધમકાવે છે. મારૂં એક લાત?

લયલા—તારામાં શું શક્તિ છે કે તું મને લાત મારે.

દાઉદખાન—એમ ?

લયલા—હા, એમ !

દાઉદખાન—હમણાં કાચીને કાચી ખાઇ જઇશ.

લયલા—ખાધું ! ખાધું ?

રહેમત—અરે દીકરી શાન્ત થા, કોની સાથે વાત કરે છે.

લયલા—ચાલ ડોસી, વચમાં ન બોલ.

દાઉદખાન—હવે તને જરા પાંસરી કર્યા વિના તું ઠીક નહિ રહે.

આટલું કહી દુષ્ટ દાઉદખાને પાસે પડેલી એક લાકડી હાથમાં ઉપાડી અને ઘણીજ બે દર્દીની સાથે મારી માને ચાર પાંચ સપાટા લગાવી દીધા. હું મારી માની પાસેજ ઉભેલો હતો, જ્યારે તેણીને લાકડીઓ પડતી જોઇ ત્યારે મારાથી રહેવાયું નહિ, એટલે હું દોડીને દાઉદખાનને વળગી પડયો. તે દુષ્ટે મને એક હાથથી પકડીને ભોંય ઉપર પટકી દીધો. મને આવી રીતે પટકતાં જોઇ મારી મા પોતાનું દુઃખ ભુલી ગઇ અને જોશમાં આવી પોકારી ઉઠી કે ' હાય મારો દીકરો મરી ગયો. " જો કે મને તે જુલમીએ ભોંય ઉપર પટકી દીધો હતો તો પણ હું ફરી ઉઠયો, અને તે દુષ્ટની આંગળી પકડી જેટલું મારામાં જોર હતું તેટલા જોરથી દાંતોમાં ઘાલીને કરડી ખાધી. મારા બધા દાંત તેની આંગળીપર એવા સજ્જડ બેસી ગયા કે તેના દુઃખાવાથી તે દુષ્ટ વાદળોની પેઠે ગરજ્યો અને મને ફરી પકડીને એવા જોરથી ભોંય ઉપર પટક્યો કે મને મારા તન બદનનું લગારે ભાન રહ્યું નહિ. હા એટલું યાદ છે કે જ્યારે તે જાલીમે મને પકડીને રબ્બરની દડીના પેઠે ઉછાળ્યો, ત્યારે મારી મા કુટવા રડવા લાગી ગઇ અને રહેમતે ખુદાનો વાસ્તો આપ્યો, તે પછી શું થયું, તેની મને લગારે ખબર નથી. હું જ્યારે શુદ્ધીમાં આવ્યો, ત્યારે રહેમતે મને કહ્યું કે તારા બેભાન થયા પછી તે દુષ્ટે તારી માને રૂની પેઠે પીંજી નાંખી અને જ્યારે મેં બહુ શોરબકોર કર્યો, ત્યારે મને પણ ખુબ લાકડીઓના ઝપાટા લગાવ્યા. ટુંકમાં એટલું કે તે દુષ્ટે તમામ રાત બીચારી બન્ને અબળાઓ પર ખુબ લાકડીઓનો વરસાદ વરસાવ્યો.

પ્રકરણ સાતમું.

રહેમતથી લડાઇ અને મારી માંદગી.

જ્યારે બીજા દીવસે બપોરે મારામાં શુદ્ધિ આવી, ત્યારે મારા શરીરના દરેક ભાગમાં દુઃખાવો થવા લાગ્યો. મારા માથામાં સોજો પણ ચડી ગયો હતો, અને ડાબા હાથમાં જબરી ચોટ લાગી હતી. પગના ઘુંટણમાં પણ દરદ થતું હતું. મારા બધા શરીરમાં દરદ થતું હોવાથી હું પાસું પણ ફેરવી શકતો નહોતો. જે પલંગ ઉપર હું સુઇ રહ્યો હતો, તે જરા હાલતું તો મને દરદ થતું હતું. હું આ વખતે ન જીવતામાં હતો, ન મડદામાં. બાપડી રહેમત મારા માથા આગળ બેસીને અફસોસ કરતી હતી. જ્યારે મારામાં શુદ્ધિ આવી, ત્યારે સૌથી પહેલાં મેં આંખ ઉઘાડીને લથડતા સાદે પુછ્યું, "મારી મા ક્યાં છે ?" મારો સાદ સાંભળીને રહેમતના ઉડી ગયલા હોશ જરા ઠેકાણે આવ્યા, અને મને બોલતો સાંભળીને તેના ચહેરા પર આનંદની નીશાનીઓ પ્રગટી નીકળી, કેમકે તે મને મરી ગયેલો ધારતી હતી અને મારી જીન્દગીને પુરી થયેલી સમજતી હતી, તેથી તેણી તરતજ ઉભી થઇ ગઇ અને મારા ઓવારણા લઇને કહેવા લાગી.

રહેમત—ખુદાના લાખ લાખ આભાર, મારા લાલ કે મેં તારો ફરી સાદ સાંભળ્યો.

હું—મા ક્યાં છે ?

રહેમત—પડસાળમાં છે.

હું—તેમને અહીં બોલાવો ?

રહેમત—હમણાં આવશે.

હું—તેમને કોઇ ઠેકાણે વાગ્યું તો નથી ?

રહેમત—ના.

હું—ખુદાના વાસ્તે મારી માને આબ ઘડી બોલાવો ?

રહેમત—સારૂં દીકરા, બોલાવું છું.

હું—જલ્દી બોલાવો ?

રહેમત—દીકરી, ઓ દીકરી!

લયલા—શું, મને તેડો છો ?

હું—હા, જરા ઉપર આવજો.

લયલા—ખેરીયત તો છે ને ?

રહેમત—હા, ખેરીયત છે, જુઓને નસીરે આંખ ઉઘાડી છે, અને તમને યાદ કરે છે.

લયલા—ખુદાનો આભાર, કેમ દીકરા ! નસીર તારો અલ્લાહ નિગેહબાન !?!

મેં આંખ ઉઘાડીને જોયું તો મારી મા પલંગની પાસે ઉભી હતી, તેણીના માથાના વાળ વીખરાએલા પીંખરાએલા હતા, તથા ગાલો ઉપર નખોના નીશાન દેખાતા હતા, લુગડાં મેલા અને સફેદ દુધ જેવું શરીર લીલું છમ બની ગયું હતું. ચેહરા ઉપર ઉદાસી છવાઇ રહી હતી. મારી વ્હાલી માની આ સ્થીતિ જોઇ વગર અચકાયે મારી આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી, મને રડતો જોઇ, મારી મા પણ રડવા લાગી, અને રહેમતે પણ મારો અને મારી માનો રડવામાં સાથ દીધો.

લયલા—દીકરા ! તું શા માટે રડે છે ?

હું—માજી, તમારા શરીરપર લાકડીઓ પડવાનાં ચિન્હો જોઇ મારા મનમાં કંઇને કંઇ થઇ જાય છે.

લયલા—દીકરા મારૂં નસીબ !

રહેમત—જેવું કરે તેવું પામે.

હું—હાય ! માજી આ તમારી કેવી સ્થીતિ થઇ ગઇ ?

રહેમત—દીકરા, બહુ હાલ-ચાલ ન કર, હકીમ સાહેબે તારા હાથ પર પાટો બાંધ્યો છે તે ખસી જશે, માટે હવે રડવું બંધ કર, આતો હવે આખી જીન્દગીનું રડવું છે. હમણાં કાંઇ રડવાથી છુટી જવાય છે.

લયલા—રહેમત, તું ચુપ રહે ?

હું—તે બીચારી તો ચુપજ છે.

રહેમત—કેમ લયલા! હું નહોતી કહેતી કે જો આ કામનું પરિણામ સારૂં નહિ આવે પણ તેં માન્યું નહિ, અને પોતાને વગર સોચે-સમજે કુવામાં ધકેલી દીધી. હાય અફસોસ! તેં પોતેજ પોતાના હાથે પોતાના મગ પર કુવાડીનો ઘા કર્યો.

લયલા—રહેમત! મારી કીસમત.

રહેમત—તેં પોતાની સાથે આ બાપડાની જીન્દગી પણ ખરાબ કરી.

હું—તમે મારી ચિન્તા ન કરો, પણ આ જુલમી પાપીના હાથથી મારી માને કોઇ પણ રીતે મુક્તિ અપાવો.

લયલા—જો દીકરા, તે તારો બાપ અને મારો ખાવીન્દ છે, તને આવી રીતે તેના માટે કહેવું લગારે ઘટિત નથી.

રહેમત—આ બીચારાએ તેના માટે શું કહ્યું, બાપડાએ તે પાપીના ફન્દે ફંસી માર તો ખાધો, હવે જીવતો સલામત ઉઠે તો જાણે ગંગા નાહ્યા.

લયલા—નીશામાં માણસને લગારે ખબર નથી પડતી, તેઓએ જે કાંઇ તોફાન કર્યું તે નીશાની સ્થીતિમાંજ કરેલું છે. તે વખતે તો તેઓને પોતાને પોતાના શરીરનું લગારે ભાન નહોતું.

રહેમત—અરે આગ લાગે એવા નીશાને, બીચારા બાળકને વગર લેવેદેવે પટકી દીધો.

લયલા—સવારમાં ઉઠીને તેઓએ ખાવીન્દ થઇને પણ મારા પગ ઉપર માથું મુકી માફ માંગીને કહેવા લાગ્યા કે, રાત્રે જે કાંઇ થયું તેની મને લગારે ખબર નથી. મેં કાંઇ જાણી જોઇને તોફાન કર્યું નથી.

રહેમત—દીકરી, તારા મનમાં આવે તો દસ ગાળો દેજે, પણ હું તો સાચી વાત કહીશ.

લયલા—કઇ સાચી વાત?

રહેમત—સાચી વાત તો બધાને કડવી લાગે છે.

લયલા—પણ કહો તો?

રહેમત—દીકરી! અત્યારે તારા માથાપર જુવાનીનો ભુત ચડેલો છે, તારી આંખો જુવાનીના મદમાં બંધ થઇ ગઇ છે, તું અત્યારે ખરા ખોટાની

પરીક્ષા કરી શકતી નથી, તને તેની ખરાબમાં ખરાબ ટેવ પણ સારી લાગે છે, પણ તારી આંખો ત્યારે ઉઘડશે કે જ્યારે પાસે એક પાઇ પણ નહિ રહે. હમણા તો શરૂઆતની પહેલીજ સીડી છે.

લયલા—જુઓ ડોસી! હું જોઉં છું કે, તમે તો છેકજ મુંઢ ૫૮ થતા જાઓ છો, તેઓએ માર મારી તો મને, પટકી દીધો તો મારા છોકરાને, તેમાં શું કોઇનો કાંઇ ઇજારો છે?

રહેમત—મારની વાત બાજુએ, પણ નોકરી મુકીને જે મીલકત ઉડાવે છે તેનું કેમ?

લયલા—મીલકત ઉડાવે છે, તો તેમાં બીજાનું શું છે? મારી મીલકત છે અને તે ઉડાવે છે.

રહેમત—તે તારી મીલકત નથી, તે મીલકત તો નસીરના બાપની છે, અને તેનો વારસ નસીરૂદ્દીન છે. તે મરહુમ આ મીલકત એટલા માટે મુકી નથી ગયો કે આ લુચ્ચો તેને ધુળની પેઠે દારૂ અને જુગારમાં ઉડાવે.

લયલા—ત્યારે તમે જઇને સરકારમાં કહી દો.

રહેમત—મને શી પડી છે, જ્યારે તું સગી મા થઇને તે મીલકતની બરદાસ કરતી નથી, તો ફરી હું કોણ કે સરકારમાં જઇને ખબર આપું.

લયલા—આ બધા કાંટા તમારાજ વાવેલા છે.

રહેમત—જેવું કરે તેવું પામે.

લયલા—આ તમારા વ્હાલ પ્યારથીજ છોકરો બગડી ગયો છે.

રહેમત—મેં ક્યાં નક્કામો વ્હાલ કર્યો છે?

લયલા—મેં મારા કાનોથી સાંભળ્યું છે કે દર વખતે તમે મારા ખાવીન્દને કોસો છો અને તે સાંભળીનેજ છોકરો પણ હાથમાં રહ્યો નથી.

રહેમત—શાહબાશ દીકરી, મારી મહેનતનું આ ફળ કે?

લયલા—નસીરે આંગળી કરડી ત્યારે આ બધી પીડા થઇને?

રહેમત—ચાલો જવા દો, નસીરે તો આંગળી કરડી તે ઉપરથી તેણે પટકી દીધો, પણ તેં શું બગાડયું હતું કે તારી ખબર લીધી.

લયલા—મારી એકજ કહી! હું તો તેમની મીલકત છું, જે ચાહે તે કરે, અગર તેઓ ચાહે તો ચૌટામાં જઇને વેચી નાંખે. હું તો આખી જીન્દગીના માટે તેમની થઇ ચુકી છું.

રહેમત—સારૂં, દીકરી મારો સલામ છે, તમે તમારૂં ઘર સંભાળી લ્યો. હવે તો દરરોજની લડાઇ મારાથી જોવાતી નથી, મને રજા આપી દો એટલે પીડા પતી.

લયલા—તમારી એમજ મરજી છે, તો હું ક્યાં ના કહું છું.

હું—નાની! નાની! મને માંદો મુકીને જતા નહિ.

રહેમત—નહિ રે દીકરા! તું જ્યાં સુધી સાજો નહિ થાય ત્યાં સુધી હું જનાર નથી.

હું—નાની! હું પણ તમારી સાથેજ ચાલીશ.

લયલા—મા-બાપની લડાઇમાં છોકરાને ઘર મુકતાં નથી જોયો, આતો ભારે નવાઇનો છોકરો લાગે છે.

રહેમત—બળી જાય આવી લડાઇ કે જેથી જીવ ઉપર બની જાય.

રહેમતના મુખમાંથી આ શબ્દો નીકળ્યાંજ હતાં કે દાઉદખાન જે બહાર ગયો હતો તે ઘરની પડસાળમાં આવ્યો અને તેનો ચેહરો જોતાંજ રહેમતના હોશ ઉડી ગયા, મારી મા ચુપ થઇ ગઇ, અને મેં પણ આંખો બંધ કરી લીધી.

પ્રકરણ આઠમું.

રહેમતને રજા અને હું બોર્ડીંગ હાઉસમાં.

હું બરાબર ચાલીસ દીવસ સુધી માંદગીના બીછાને પડયો રહ્યો. ચાલીસમાં દીવસે સાજો થવાથી નાહી ધોઇને લુગડાં બદલ્યાં. આટલા દીવસોમાં દાઉદખાન અને મારી માની વચ્ચે પાંચ છ વખત લડાઇ થઇ ચુકી હતી.

એક દીવસે હું અમસ્થો શાલ ઓઢીને પલંગપર સુતો હતો, તે જોઇ દાઉદખાને જાણ્યું કે હું ભર ઉંઘમાં પડેલો છું, તેથી તેણે મારી મા સાથે વાતચીત શરૂ કીધી. તે વાતચીત મારા સંબંધની હોવાથી મેં ગુપચુપ શાન્તપણે સાંભળી.

દાઉદખાન—પ્યારી! તમારા સારા માટે એક વાત કહું?

લયલા—કહો?

દાઉદખાન—તમને નસીરનો કાંઇ પણ વીચાર આવે છે કે નહિ?

લયલા—કેવો વિચાર?

દાઉદખાન—તમે આને માણસ બનાવવા ચાહો છો કે આમને આમ ભટકેલ રાખવા ઇચ્છો છો?

લયલા—કોઇ મા એવી નથી કે તે પોતાના બાળકને ભટકેલ બનાવવા ઇચ્છતી હોય.

દાઉદખાન—તો ફરી જરા નકામા વ્હાલ અને લાડ પ્યારને બાજુએ મુકી મારી વાત સાંભળો.

લયલા—કહો?

દાઉદખાન—નસીર ઘરમાં રહેવાથી બગડી જવાનો સંભવ છે, તેથી ગવર્નમેન્ટ સ્કુલના બોર્ડીંગ હાઉસમાં મુકવો ઠીક પડશે. ત્યાંજ રહેશે અને ત્યાંજ ભણશે, અઠવાડીયામાં એક વખતે એટલે રવીવારે ઘેર આવી જશે. બોર્ડીંગ હાઉસ બહુજ સારૂં અને સારી વ્યવસ્થાવાળું મકાન છે.

લયલા—હાય, હું મારી જીન્દગીમાં તો નસીરને કેવી રીતે જુદો કરૂં?

દાઉદખાન—એમાં તો વળી જુદો શાનો થાય છે. એકજ શહેરમાં રહેશે, જ્યારે મરજી ચાહે ત્યારે ઘેર બોલાવી લેજો.

લયલા—નહિ, મારાથી તો આવું નહિ થાય.

દાઉદખાન—તો ફરી છોકરો પણ પુરેપુરો નમુનો નીકળશે.

લયલા—છોકરાને સુધારવાની કોઇ બીજી યુક્તિ નથી?

દાઉદખાન—ના, બોર્ડીંગમાં મોકલ્યા વિના બીજી યુક્તિ નથી.

લયલા—વિચાર તો કરો?

દાઉદખાન—હું તો પુરેપુરો વિચાર કરી ચુક્યો છું.

લયલા—ઠીક, ત્યારે તમારી મરજી છે તો હું ના નથી કહેતી, ગમે તે કરો, પણ મારા દીકરાને લાયક બનાવો.

દાઉદખાન—ખુદાનો શુકર છે કે તમે ઠેકાણે આવ્યા.

લયલા—સારૂં, 'હવે તમે જાણો' નસીરના કાળા ધોળાના તમે માલીક છો.

દાઉદખાન—હું વળી તમને એક બીજી વાત કહેવા ચાહું છું?

લયલા—ખુશીથી કહો.

દાઉદખાન—જો કદાચ તમે માનો?

લયલા—તમારો બોલ માથે ચઢાવીશ.

દાઉદખાન—આ જે ડોસી છે?

લયલા—હા.

દાઉદખાન—કહો જોઇએ કઇ?

લયલા—વળી આ રહેમત નહિ તો બીજી કઇ!

દાઉદખાન—હા, એજ એનું રહેવું આપણા ઘરમાં સારૂં નથી.

લયલા—તે કેવી રીતે?

દાઉદખાન—આ ડોસીએજ તમારા છોકરાને બગાડયો છે.

લયલા—ના, ના.

દાઉદખાન—હું ખરૂં કહું છું.

લયલા—તમે શા ઉપરથી કહો છો?

દાઉદ્દખાન—આ જુઓ મારી આંગળી ? આંગળી કરડવા વીગેરેની બધી શીખામણ આ ડોકરીએજ આપેલી છે.

લયલા—તમે હજુ સુધી રહેમતને ઓળખી શકયા નથી. બાપડી મારી બહુજ હિતેચ્છુ છે. અને નસીરપર તો જાન કુરબાન કરે છે.

દાઉદ્દખાન—અરે, જાન શાનો કુરબાન કરે છે, છોકરાને બગાડે છે.

લયલા—હશે, આ વાત જવા દો.

દાઉદ્દખાન—તો ફરી મારૂં માન તો નજ મળે ને ?

લયલા—માન કેમ નહિ, તમે તો મારા માથાના મુગટ છો.

દાઉદ્દખાન—શાના મુગટ, એક નોકર જેટલી પણ મારી આબરૂ નથી.

લયલા—આજે કેમ આવી બાળકો જેવી વાતો કરો છો ?

દાઉદ્દખાન—અફસોસ !

લયલા—શાનો અફસોસ.

દાઉદ્દખાન—આથી વળી કઇ વાતના માટે અફસોસ થતો હશે ?

લયલા—મારા પ્યારા, તમે આવી નજીવી વાત માટે શું કરવા અફસોસ કરો છો.

દાઉદ્દખાન—અફસોસ ન કરૂં તો શું કરૂં ? હું ખાવીન્દ થઇને એક બે બદામની દાસીને પણ કહાઢી નથી શકતો.

લયલા—આવી વફાદાર દાસી ફરી મળવી મુશકેલ છે.

દાઉદ્દખાન—અરે આવી હજારો, મધ હશે તો માંખો બહુએ આવશે.

લયલા—હવે આ ઘરડી બીચારી ક્યાં જશે ? પડી રહેવા દોને આપણું શું ખાય છે.

દાઉદ્દખાન—ગમે ત્યાં જશે, આપણી સગી તો નથી ને ?

લયલા—રહેવા દો બીચારીને, હું તો નહિ કાઢું.

દાઉદ્દખાન—વારૂ, ત્યારે હું તમારાથી એક વાત પુછું છું.

લયલા—કહો ?

દાઉદ્દખાન—જે માણસ મારો દુશ્મન હોય, તેને તમે કેવો સમજશો ?

લયલા—જે તમારો દુશ્મન, તે પહેલાં મારો દુશ્મન.

દાઉદખાન—કેમ, આ વાત ઉપર કાયમ છો ?

લયલા—હા.

દાઉદખાન—તો ફરી આ રહેમત મારી પાકી દુશ્મન છે.

લયલા—નહિ.

દાઉદખાન—હું સોગન ખાઇને કહું છું કે તે મને ધીક્કારની નજરથી જુએ છે.

લયલા—એ તમારી દુશ્મન છે, એમ તમને પુરેપુરી ખાતરી હોય તો ભલે રજા આપો, પણ હું તો કોઇ કાળે મારા મુખથી રજા નહિ આપું.

દાઉદખાન—ના, તમારે કહેવાની જરૂરત નથી, હું પોતે તેને કહી દઇશ.

એટલામાં મારી મા કંઇ કામ યાદ આવી જવાથી પોતાની કાનની બે વાળીઓ મારા પલંગપર ભુલીને રસોડામાં ગઇ, એટલે દાઉદખાને તેમાંથી એક ઉપાડીને પોતાના ખીસામાં મુકી દીધી, હું ઢોંગ કરીને પલંગ પર સુઇ રહ્યો હતો અને આ બધો ખેલ જોતો હતો. થોડી વારમાં મારી મા આવી તો દાઉદખાને ઠાવકું મોહડું રાખીને કહ્યું કે તમારી એક વાળી ક્યાં ગઇ ? મારી માએ કહ્યું કે અહિંજ હતી, આટલું કહીને તે વાળી શોધવા મંડી ગઇ, પણ ત્યાં વાળી હોય તો જડે ને ?

લયલા—હવે શું કરૂં. એકસો એંસી રૂપીઆની જોડ હતી, વાળીની આસપાસ માણેક જડેલાં હતાં.

દાઉદખાન—તો ફરી નેવું રૂપીઆનું નુકસાન થયું કેમ ?

લયલા—હા, પણ જાય ક્યાં, અહીં કોઇ બીજો માણસ તો આવ્યો નથી.

દાઉદખાન—ના, પણ જાણ્યામાં આ કામ રહેમતનું છે.

લયલા—ના, ના, તે બાપડીને શી ગરજ છે કે આમ ચોરી કરે.

દાઉદખાન—અરે ચોરીની ટેવ પડેલી ખોટી.

લયલા—ના, ના, હું તો ન માનું.

દાઉદખાન—બોલાવો ત્યારે, રહેમત ! ઓ રહેમત !

રહેમત—કેમ, શું છે મીયાં ?

દાઉદખાન—જો કદાચ તું પોતાનું ભલું ચાહતી હોય તો જે વાળી ચોરી છે તે છાનીમાની આપી દે, નહિ તો નકામી પોલીસ બોલાવવી પડશે અને અમસ્યો ઢેડ ફજેતો થશે.

રહેમત—કેવી વાળી ને કેવી વાત, શું આજ ભંગ બંગ તો પીધો નથી ને?

દાઉદખાન—જોઇ લુચ્ચીની હરામખોરી.

લયલા—અરે રહેમત આ શું?

દાઉદખાન—અરે એ ચોટ્ટી, ભલમનસાઇથી વાળી આપી દે, નહિ તો ફરી હું પણ પોલીસમાં નોકર રહેલો છું.

રહેમત—અરે બદમાશ, લુચ્ચા, છાકટા, આવી ધમકીઓ ઘરની બાયડીને આપ, હું આ તારી બધી ખટપટોને સારી પેઠે સમજું છું. સીધી રીતે એમ કેમ નથી કહેતો કે ચાલી જા, આવા જુઠ્ઠા તોહમત શું કરવા મુકે છે, લે દીકરી તારો અલ્લાહ નીગેહબાન છે, મારી મરજી તો હતી કે જીન્દગી સુધી તને અને નસીરને નહિ મુકું, પણ આ દુષ્ટ મને રહેવા દેતો નથી, હું જાઉં છું, પણ મારી એક શીખામણ યાદ રાખજે, તારી જે કાંઇ મીલકત છે તે આ લુચ્ચાથી બચાવજે. આ તને જરૂર દગો દેશે.

આટલું કહી બાપડી રહેમત ચાલી ગઇ અને તેના જવાના બે દીવસ પછી મને બોર્ડીંગ હાઉસમાં મોકલી આપવામાં આવ્યો.

પ્રકરણ નવમું.

મારી માને ફરી માર પડી.

જો કે મારી આ વખતે આઠ વરસની વય થઇ હતી, પણ અત્યાર સુધી હું એકલો સુઇ રહ્યો નહોતો. ઘરમાં દરરોજ રહેમતની સાથે સુઇ રહેતો હતો. જ્યારે હું બોર્ડીંગ હાઉસમાં દાખલ થયો, ત્યારે મને જાણે એમ લાગ્યું કે હું આજથી એક નવી જીન્દગી શરૂ કરૂં છું. બોર્ડીંગ હાઉસમાં મને એકલું સુઇ રહેવું પડતું હતું તેથી હું અંદરને અંદર મુંઝાવા લાગ્યો. હું નહાનપણથીજ એકવડા હાડકાનો હતો, તેથી બોર્ડીંગ હાઉસની નવી જીન્દગીએ મારામાં બહુ મોહટો ફેરફાર કરી નાંખ્યો. દિન પ્રતીદિન હું સુકાવા લાગ્યો. નહાનપણથીજ મને અબોલા રહેવાની ટેવ પડેલી હોવાથી હું બોર્ડીંગ હાઉસમાં બીજા છોકરાઓ સાથે વાતચીત અને રમતગમતમાં શામેલ થતો નહોતો, આ ઉપરથી બીજા છોકરાઓ મને મગરૂર સમજતા અને દરેક વખતે વાતચીત તથા રમતગમતમાં બનાવતા હતા. દર અઠવાડીએ રવીવારના દિવસે મને ઘેર જવાની રજા મળતી અને હું ઘેર જતો હતો, પણ ત્યાંએ મારો ઓરમાન બાપ જમની પેઠે પુંઠે લાગેલો હોવાથી મને લગારે ગોઠાતું નહોતું. કોઇ દીવસ પણ હું મારી માથી એકલો મળીને વાત કરી શકતો નહોતો, કેમકે મારો બાપ દર વખતે ઘરમાંજ પડયો રહેતો હતો. કદાચ મને બોર્ડીંગ હાઉસમાં જવાને પાંચ મીનીટની વાર થઇ જતી તો મારો બાપ ધુમ મચાવી દેતો, મારી મા ઘણીએ આજીજી કરતી કે આઠ દીવસ પછી છોકરો આવ્યો છે તો એકાદ કલાક વધુ તો થોભવા દો, પણ તે કાંઇ ગણકારતો નહિ, અને મને એકદમ બોર્ડીંગ હાઉસમાં મુકી આવતો.

એક દિવસ હું દર અઠવાડીઆની પેઠે બોર્ડીંગ હાઉસમાંથી ઘેર મારી માને મળવા આવ્યો, અને હજુ ઘરના પગથીઆંએ ચઢવા નહોતો પામ્યો કે ઘરમાંથી દાઉદખાનના ધુમ બરાડાનો સાદ સંભળાયો. હું તરતજ તે સાંભળીને સમજી ગયો કે ફરી આજે આ દુષ્ટ ઘોડા ઉપર અશ્વાર થઇને આવ્યો છે, હમણાં મારે ઉપર જવું ન જોઇએ. નહિ તો રખેને મને પણ ક્રોધમાં આવીને ચટણી બનાવી દે. માટે અહિંજ ઉભો

રહીને સાંભળું, જ્યારે તે નરમ પડી જશે ત્યારે ઉપર જઇશ. આ વિચાર કરીને હું બારણાની પાસે ઉભો રહ્યો. થોડી વારમાં મને લાકડીના ઝપાટાનો અવાજ આવ્યો, અને મારી માના રડવાનો સાદ સંભળાયો. મારી મા એવા તો દર્દ ભર્યા દીલે રડતી હતી કે મારા કલેજાના કટકે કટકા થઈ જતા હતા, પણ મારામાં તે વખતે એટલી હામ નહોતી કે હું ઉપર જઇને મારી માને તે દુષ્ટની માર-ધાડથી બચાવું. તેથી હું ધ્રુજતો કાંપતો ત્યાંજ ઉભો રહ્યો. પંદરેક મીનીટ સુધી મારી માના રડવાનો સાદ સંભળાયો તે પછી શાંતતા પ્રસરી ગઈ, એવામાં દાઉદખાન અને મારી મા વચ્ચે નીચેની વાતચીત થઇ જે મેં શબ્દે શબ્દ સાંભળી.

દાઉદખાન—મેં તારા માટે પોલીસની નોકરી મુકી દીધી અને હવે તું મને એક એક પૈસા માટે તલપાવે છે.

લયલા—જુઠ્ઠા પર ખુદાની ફીટકાર.

દાઉદખાન—તું અને તારી સાત પેઢી પર ખુદાની માર.

લયલા—હું દરરોજ તો રૂપીઆ કયાંથી લાઉં, શરાફની દુકાને પંદર હજાર રૂપીઆ જમે હતા, તેમાંથી આઠ હજાર રૂપીઆ લઇને તમે દારૂ અને જુગારમાં બરબાદ કરી નાંખ્યા. મારૂં ઘરેણું ઓછામાં ઓછું ત્રણ ચાર હજારનું હતું, તે તમે વગર ઓડકારે હજમ કરી નાંખ્યું, હવે મારી પાસે શું રહ્યું છે કે તમને દરરોજ વેસ્યા અને કુલટાઓને ત્યાં ભટકવા માટે આપું.

દાઉદખાન—ધીક્કાર છે, આવા નિચપણા પર.

લયલા—તમોને લગારે ખુદાની બીક નથી કે નિરાધાર, યતીમ, બાળકની મીલકત ઉડાવી રહ્યા છો, દરરોજ તમને બે બાટલીઓ દારૂની જોઇએ, અને પંદર વીસ રૂપીઆ વ્યભિચાર તથા જુગારને માટે જોઇએ. તે હવે હું દરરોજ તો ક્યાંથી લાઉં. તમે તો મને ફકીર બનાવી દીધી.

દાઉદખાન—પેલા શરાફની દુકાને સાત હજાર રૂપીઆ કોને માટે રાખ્યા છે.

લયલા—વાહ ધન્ય છે. હવે તે સાત હજાર ઉપર દાનત બગડી છે. યતીમના રૂપીઆ ઉડાવતાં લગારે શરમ આવતી નથી. આઠ હજારનું તો પાણી કરી નાંખ્યું. હાય, હાય, તમે મરદ છો કે......

દાઉદખાન—ઠીક, આ રૂપીઆ પેલા હરામીના માટે રાખ્યા છે કેમ?

લયલા—જુઓ જીભને જરા કાબુમાં રાખીને બોલો.

દાઉદખાન—હજારોમાં તેને હરામી કહીશ.

લયલા—કેમ ?

દાઉદખાન—તારો પહેલો ધણી વૃદ્ધ અવસ્થાએ પોંહચી ચુકયો હતો, તેથી તેનાથી પુત્ર થાય એમ કોઇ માની શકેજ નહિ.

લયલા—અરે, જરા ખુદાની બીક તો રાખો.

દાઉદખાન—સાચી વાત કહેવામાં ખુદાની બીક શાની.

લયલા—(આકાશ તરફ હાથ ઉઠાવી અને રડીને) હાય, મારી ફરીયાદ તે ખુદાની પાસે છે.

દાઉદખાન—ચાલ આ વાત રહેવા દે, મને અત્યારે એક હજાર રૂપીઆ આપ, હું વ્યાપાર કરવાનો વિચાર રાખું છું.

લયલા—ખરેખર તમે વ્યાપાર કરશો એવી મને પાકી ખાતરી છે.

દાઉદખાન—મારા માથાના સોગન, હું તારાથી ઉધાર માગું છું.

લયલા—ચાલો જુઠ્ઠાં સોગન ન ખાવ.

દાઉદખાન—મારા જીવના સોગન, ધર્મના સોગન, જવાનીના સોગન, આ છેલ્લીજ વખતે મારી મદદ કરો, હવે હું એક પાઇ પણ નહિ માંગું.

લયલા—પણ મારી પાસે હોય તો આપું ને ? તમે તો એક લુગડું પણ શરીર પર સાબીત નથી રાખ્યું.

દાઉદખાન—હું તારાથી નથી માંગતો, હું તો નસીરના રૂપીઆમાંથી ઉધાર માંગું છુ.

લયલા—પહેલાં તેના જે આઠ હજાર લઇ ચુક્યા છો તે તો આપો.

દાઉદખાન—તે બધા પાઇ પાઇ ગણીને આપીશ.

લયલા—હા, મને ભરૂસો છે !

દાઉદખાન—દીનો ઇમાનના સોગન.

લયલા—સોગન ખાવો કે હવે એક પાઇ પણ નહિ માંગું.

દાઉદખાન—તમારી પાસે હવે એક પાઇ પણ માંગું તો મને મારા પેદા કરનારના સોગન છે.

લયલા—આપો જોઇએ વચન ?

દાઉદખાન—લ્યો મારૂં આ વચન.

લયલા—જાવ ત્યારે શરાફને બોલાવી લાવો ?

દાઉદખાન—મારી વ્હાલી, મારી પ્યારી, આ મારી બાથમાં આવી જા. હું ઘણોજ દીલગીર છું કે મેં તારાપર હાથ ઉપાડયો.

લયલા—શુકર છે ખુદાનો.

દાઉદખાન—ચાલો હવે ક્રોધ ઉતારી નાંખો. ક્રોધ રાખવો મુસલમાનોમાં હરામ છે.

લયલા—હું બાપડી કોનાપર ક્રોધ કરૂં.

થોડી વાર પછી દાઉદખાન મારી માને સમજાવી પટાવીને બહાર ગયો અને હું સીડીઓની આડમાં તેને જોઇને સંતાયો હતો ત્યાંથી નીકળી મારી માની પાસે ગયો અને ધીમેથી સલામ કરી.

લયલા—આ દીકરા નસીર! જીવતો રહે.

હું—માજી તમારી તબીયત કેવી છે ?

લયલા—સારી છે. (વાત ફેરવવા માટે) દીકરા કાંઇક ખાઇ લે.

હું—હું તો ખાઇને આવ્યો છું.

લયલા—શું ખાધું ?

હું—દાળ અને રોટલી.

લયલા—અરે હું દર મહીને પંદર રૂપીઆ આપું છું અને શું તને દાળ રોટી મળે છે.

હું—મારા માસ્તર કહેતા હતા કે જે ચાર રૂપીઆ દર મહીને આપે છે તેને દાળ રોટલી મળે છે.

લયલા—ચાર રૂપીઆ મહીને, હાય! દીકરા, સબર.

હું—શું તમારી પાસેથી ખાનસાહેબ પંદર રૂપીઆ દર મહીને લે છે?

લયલા—હા, દીકરા!

હું—હશે, માજી તમે એમને કહેતા નહિ, નહિ તો વળી તેઓ મને મારશે.

લયલા—તો શું તને તેઓ મારે છે પણ?

હું—હા, મને કેટલીક વખતે માસ્તરને કહીને બહુ **માર** ખવડાવે છે.

લયલા—દીકરા સબર કરવું.

હું—માસ્તરની પાસે જ્યારે આવે છે ત્યારે કહે છે કે **આ હરામીને** મારતાં મારતાં મારી નાંખો.

લયલા—દીકરા ! સબર.

હું—મારૂં નામજ તેઓએ હરામી રાખ્યું છે.

લયલા—સબર !

હું—તમે તેમને ન કહેજો, નહિ તો તેઓ મને ફરી માર ખવડાવશે.

લયલા—નહિ દીકરા કોઇને નહિ કહું, મારી ફરીયાદ તો તે આખા જહાનના માલીકની પાસે છે.

હું—માજી, તમે બહુ પાતળા થઇ ગયા. જુઓને ચહેરાનો રંગ તો તદન હલદર જેવો થઇ ગયો છે.

લયલા—નહિ દીકરા, હું પહેલાના જેવીજ છું.

હું—નહિ, મા તમે શું કરવાને દીલ વાળો છો, પહેલાં તો તમારા ચહેરાનો રંગ દાઢમની કળી જેવો લાલ હતો.

લયલા—(હંસીને) દીકરા, હવે હું ઘરડી થઇને !

હું—જરા તમારી આંખો તો જુઓ.

લયલા—મને ચીંતા કાંઇ થોડી છે ?

હું—તમારી આવી સ્થીતિ જોઇ મને બીક લાગે છે કે તમે માંદા ન પડી જાવ.

લયલા—હજાર માંદગીઓના બદલામાં આ કાંઇ ચીન્તા ઓછી છે.

હું—માજી, તમે ચીંતા ન કરો. જુઓને તમારૂં શરીર તો લીલા કાચની પેઠે બની ગયું છે. આમ થવાનું કારણ જરૂર કાંઇ હોવું જોઇએ.

લયલા—(હંસીને) નહીં કાંઇએ નથી.

હું—માજી, તમે લગારે ચીન્તા ન કરો.

લયલા—દીકરા તને મારી એટલી બધી કેમ ચીન્તા છે ?

હું—મા જો કદાચ તમને કાંઇ થઇ ગયું તો ફરી હું તદન નિરાધાર બની જઇશ.

લયલા—તારા દુશ્મનો નિરાધાર બને.

હું—માજી, તમે નહિ હોવ તો હું ઘર ઘરના ધક્કા ખાઇશ, કોઇ મને પાસે પણ ઉભો નહિ રાખે. ખાનસાહેબ તો મને કુતરાની પેઠે ધુતકારી દેશે, અને એક રીતે જોતાં હમણાંજ ધુતકારી ચુક્યા છે.

લયલા—ખાનસાહેબ શું સમજીને તને કાઢી મુકશે. આ ઘરબાર માલ મીલકત બધી તારી છે.

હું—મારા ભોળા માજી! હવે કોનું ઘર ને બાર.

લયલા—કેમ દીકરા, હું તારા કુરબાન જાઉં, તું આવી આવી વાતો કેમ કરે છે.

હું—મારૂં દીલ આ વખતે શાક્ષી પુરે છે કે કોઇ મોહટી આફત આપણા ઉપર થોડા દીવસમાં આવનારી છે.

લયલા—કંઇ નહિ, આવા વિચારો કાઢી નાંખ, તારા રૂપીઆ શરાફને ઘેર જમે છે જો કદાચ હું મરી ગઇ તો તે બધા તારા કામ લાગશે. અને તને જરાએ દુઃખ વેઠવું નહિ પડે.

હું—મા તે રૂપીઆને તો પાંખો લાગી ગઇ,

લયલા—મારા દીકરા! તું દીલગીર ન થા, હું હમણાં નહિ મરી જાઉં.

હું—ખુદા તમને મારા જેવા નિરાધારના માથા પર સલામત રાખે.

લયલા—અલ્લાહ તારૂં બોલવું મુબારક કરે, તું મોહટો થાય તારૂં લગ્ન કરૂં, તારી વહુ લાઉં અને તારા બચ્ચાંને રમાડું.

હું—મા મારૂં દીલ ચાહે છે કે તમે મને ગળે વળગાડીને પ્યાર કરો.

લયલા—(મને બાથમા ભીડીને) હું કુરબાન જાઉં, મારા કલેજાના કટકા, મારી આંખોના તેજ.

હું—હવે મારા દીલમાં ઠંડક પડી, લ્યો હવે જાઉં છું.

લયલા—જા દીકરા, તું જીવતો રહે અને ખુદા તને આ પાપીના પંજાથી મુક્ત કરાવે.

હું મારી માથી વિદાય થઇને ઘર બહાર નીકળ્યો અને ફરી ઘરમાં આવી મારી માને કહેવા લાગ્યો. માજી, એક વાત કહું, પણ તમે ગુસ્સે તો નહિ થાવ.

લયલા—કહે દીકરા !

હું—ગુસ્સો તો નહિ કરો.

લયલા—નહિ મારા બચ્ચા નહિ.

હું—એક પૈસો આપો ત્યારે.

લયલા—પૈસાને શું કરીશ ?

હું—અંગુર લઇશ.

મારી માએ મને એક પૈસાના બદલામાં બેઆની આપી અને મને બાથમાં બીડી આંખોમાંથી આંસુઓ કાઢી ખુબ ચુંબન કીધા. હજુ સુધી પણ મને મારી માનું તે વખતનું રડવું અને ચુંબન કરવું યાદ છે.

પ્રકરણ દસમું.

મારી માનો સ્વર્ગવાસ.

તે પછી હું દર અઠવાડીએ મારે ઘેર જતો, અને મારી માથી મળી દુઃખ સુખની વાતો કરતો, અને બાકીના દીવસો નિરાધાર, લાચાર, યતીમોની પેઠે બોર્ડીંગ હાઉસમાં ગુજારતો. જેમ જેમ દીવસો વીતતા ગયા, તેમ તેમ મારી માનું શરીર નંખાવા લાગયું. એક દીવસ મેં તેનાં ચહેરા તરફ નજર નાંખી તો તેની બધી ખુબસુરતી નાશ પામેલી જોઇ, તેના શરીરમાં હાડકાં અને ચામડી સિવાય લોહીનું ટીપુંએ નજરે નહોતુ પડતું, તેનો ચહેરો જરા ભયાનક દીસતો હતો. મારી માની આવી સ્થીતિ જોઇ મારા મનમાં કાંઇને કાંઇ થઇ ગયું તે વખતે મારી મા પલંગ પર સુતેલી હતી, અને એક ઘરડી ડોસી તેના પગ દબાવી રહી હતી. મને પોતાની પાસે આવેલો જોઇ મારી માએ કહ્યું.

લયલા—નસીર, તું આ ડોસીને ઓળખે છે ?

હું—ના, મા હું નથી ઓળખતો.

ડાસી—હવે શું કરવાને ઓળખે ?

લયલા—દીકરા, આ તારી દાઇ છે, આના હાથમાંજ તારો જન્મ થયો હતો.

ડાસી—હવે ઓળખી ?

હું—મને શી ખબર, પણ મા તમારા કહેવાથી ઓળખી.

ડાસી—હવે અલ્લાહની પાસે દોઆ માંગ કે તારી મા નાહી ધોઇને ખેરીયતથી ઉઠે અને અલ્લાહ તમારા ભાઇઓની જોડી સલામત રાખે.

લયલા—બાળકને આ વાત શું કરવા કહો છો.

ડાસી—શું કાંઇ બીકની વાત છે.

હું—ઓ ખુદા, મારી માને તંદુરસ્ત કર.

ડાસી—ખુદા ચાહશે તો આજ રાત્રેજ મહેરબાની થઇ જશે.

હું—ઇન્શાઅલ્લાહ.

મારી મા બહુજ બેચેન હતી, ઘડીમાં તો ઉઠીને બેસ્તી હતી, અને ઘડીમાં પાછી સુઇ જતી હતી, અને મને પોતાની પાસે બોલાવી મારા ગાલપર ચુંબનો પર ચુંબન કરતી હતી. તે દીવસે હું પણ સાંજ સુધી મારી માની પાસે બેસી રહ્યો. જ્યારે સાંજ થવા આવી ત્યારે દાઉદખાન ઘરમાં આવ્યો, અને મને સાંજ સુધી ઘરમાં રહેલો જોઇ બોલ્યો.

દાઉદખાન—અલ્યા છોકરા, તું અત્યાર સુધી અહિંજ છે ?

હું—(ધાબરો બનીને) એહેં નહિં !

દાઉદખાન—(મોટે સાદે) બદમાશ ! જુઠું બોલે છે.

હું—મારી મા માંદા છે, તેથી રહ્યો છું.

દાઉદખાન—શું તું ડોકટર, વૈદ્ય કે હકીમ છે ?

હું—નહિં, હું... ... ... હું ... ...

લયલા—(ધીમે સ્વરે) અરે, તમે કેવા માણસ છો. મારી આવી નાજુક હાલતમાં શું તે ચાલ્યો જાય ?

દાઉદખાન—તારે બોલવાની લગારે જરૂર નથી.

લયલા—હું કેમ ન બોલું ?

દાઉદખાન—(મારી તરફ આંખો કાઢીને) અલ્યા એ છોકરા એકદમ અહિંથી ચાલ્યો જા.

લયલા—શું કરવાને જાય.

દાઉદખાન—મારા હુકમને માન આપી એકદમ ચાલ્યો જાય.

હું—(માની તરફ મુખ કરી) માજી, શું હું જાઉં ?

દાઉદખાન—એને શું પુછે છે, હું કહું છું કે તું અબ ઘડી ચાલ્યો જા.

લયલા—મારા દીકરાને ઘરની બહાર કાઢનાર કોણ છે ? તે આ ઘરનો માલેક છે.

દાઉદખાન—કેમ વધારે ફાટી કે ?

લયલા—હાય અફસોસ ! અત્યારે મારી નાજુક સ્થીતિ છે, અને આ મારા બાળકથી મને જુદો કરે છે. ખુદા મારાપર અને મારા બાળક પર મહેરની નજર કર.

દાઉદખાન—તું કયાં મરવા પડી છે ?

લયલા—મરવાને માથે કાંઇ શીંગડા હોય છે, કોણ જાણે હું જીવથી ઉઠું છું કે મુવેલી.

દાઉદખાન—બસ તારો આ પટપટારો બંધ કર.

લયલા—હવે બહુ થયું, આ વખતે પણ મારો દીકરો તમારી આંખોમાં કાંટા સમાન ખુંચે છે.

દાઉદખાન—બસ, હું વધારે કાંઇ પણ સાંભળવા માંગતો નથી. આ તારી જીભ છે કે કાતર ! કેવી કતર કતર ચાલી જાય છે.

ડોસી—મીયાં અત્યારે જવા દો, બીબીની સ્થીતિ ઘણીજ નાજુક છે.

દાઉદખાન—મરવા દે, મરી જશે તો બીજી.

હું—ખાનસાહેબ ! મહેરબાની કરી અત્યારે મારી માને ન સંતાપો.

દાઉદખાન—ચુપ રહે હરામી !

હું—મને જે ચાહો તે કહો, પણ મારી માને અત્યારે કાંઇ ન કહો.

ડોસી—આ બાળકના કહેવાને માની લ્યો, અને ગુસ્સાને મુકી દઇ શાન્ત બનીને બેસો.

દાઉદખાન—અરે, આ બાળકને તો એવો સ્વાદ ચખાડીશ કે તેને છઠ્ઠીનું દુધ યાદ આવી જશે.

બયલા—ખબરદાર ! જો હવેથી મારા દીકરાને કાંઇ કહ્યું તો મેં તો દુઃખ ઉઠાવતાં ઉઠાવતાં કલેજાના કટકા કરી નાખ્યા. જ્યારે જુઓ ત્યારે મારા બચ્ચાનેજ ગાળો દે છે. મેં તમારાથી લગ્ન કરીને બહુજ નફો ઉઠાવ્યો.

દાઉદખાન—હું લગ્નના માટે ક્યાં તારી વીનંતી કરવા આવ્યો હતો.

ડોસી—જવા દો ખાનસાહેબ, આ વખત મેહણા મારવાનો નથી.

દાઉદખાન—મને શું કહો છો, જરા આ જગની ફોઇને તો સમજાવો.

ડોસી—અરે તે બીચારી ક્યાં પોતાની શુદ્ધિમાં છે, આજે તેની સ્થીતિ બહુજ નાજુક છે, જીન્દગી ભયમાં છે, માટે જાઓ અત્યારે કાંઇ શોરબકોર ન કરો.

હું—ખાનસાહેબ, ખુદાના વાસ્તે રહેમ કરો.

દાઉદખાન—જાય તુંને તારી મા જહાનમમાં !

હું—જે તમે કહો તે ખરૂં, પણ અત્યારે શોરબકોર ન કરો.

દાઉદખાન—કેમરે પાજી ! હવે અમે શોરબકોર કરનારા થયા કે !

હું—(ધ્રુજીને) નહિ ખાનસાહેબ.

દાઉદખાન—આટલી ન્હાની વયમાં ગજ બરોબર જીભ છે.

આટલું કહી દાઉદખાને મારા કાનની બુટ પકડીને દબાવી, તેથી મેં બુમ પાડીને કહ્યું.

હું—અરરર, ખાનસાહેબ જવા દો, ખુદાના વાસ્તે મુકી દો, હું હવે કાંઇ પણ નહીં બોલું. ઓ મા, હું મરી ગયો. હાય, હાય, મુકી દો.

દાઉદખાન—ચુપ ચુપ બદમાશ, હવે સાદ કાઢ્યો તો તારી વાત તું જાણે.

બયલા—(હેબતાઇને) હાય, હાય, દોડો, દોડો, મારા પ્યારા બચ્ચાંને આ પાપીએ મારી નાખ્યો.

દાઉદખાન—મારી નાંખ્યો, મારી નાંખ્યો, તો શું જહાનમમાં મોકલી દીધો.

મારી મા મારી બુમો સાંભળીને બેચેન થઇ ગઇ, અને પલંગ પરથી ઉઠવાની કોશીશ કરવા લાગી પણ દરદના લીધે તે ઉઠી શકી નહિ, એટલામાં દાઉદખાન જે અત્યાર સુધી મારા કાનને દબાવીને ઉભો હતો એવા જોરથી મને ધક્કો દીધો કે હું પલંગ પરથી ઉંધા મસ્તકે ભોંયપર પડયો, અને મારી નશકોરી ફુટી ગઇ, જેમાંથી લોહી વેહવા માંડયું. મારા ભોંય પર પડવાનો મારી માના દીલપર એટલો બધો અસર થયો કે વખત થતાં પહેલાં ગર્ભનો દરદ શરૂ થઇ ગયો, અને દસેક મીનીટમાંજ એક મુવેલી છોકરી જન્મી, છોકરીના જન્મની વખતેજ મારી માને બહુજ જોરથી તાવ ચઢયો, અને થોડીજવારમાં વધતો ગયો. રાતના આઠ વાગે છોકરી જન્મી અને દસ વાગે તો મારી મા સખ્ત તાવમાં સપડાઇને બેહોશ થઇ ગઇ. આ જોઇ પાસે બેઠેલી દાઇ ડોસીના પણ હોશ ઉડી ગયા, એટલે તેણે દાઉદખાનને કહ્યું, મને સ્થીતિ ઘણીજ ભય ભરેલી લાગે છે, માટે કોઇ ડોકટરને બોલાવી લાવ? દાઉદખાને કહ્યું કે અત્યારે ડોકટર મળવો મુસ્કેલ છે, રાતની વખતે હું ક્યાં ડોકટર શોધવાને ભટકું. સવારમાં જોઇ લઇશું, તે વખતે મારી હાલત એવી ખરાબ હતી કે કાપો તો શરીરમાંથી લગારે લોહી નીકળે નહિ. હું મારી માના મુખ સામે જોઇને રડતો હતો, અને દાઇને હાથ જોડી મારી માને હુશીયાર કરવા વીનવતો હતો. છેવટે રાતના બાર વાગ્યા સુધી આવીજ સ્થીતિ ચાલુ રહી, અને પેલી તરફ ઘડીઆળે બરોબર બારના ટકોરા વગાડયા, અને આ તરફ મારી પ્યારી માએ પોતાના પ્રાણને મોતના હવાલે કર્યો.

પ્રકરણુ અગીયારમું.

મને ઘરમાંથી કાઢી મુકયો.

આ તરફ મારી વ્હાલી માએ જીવ આપ્યો, અને પેલી તરફ મારા શરીરપર જાણે વીજળી પડી ગઇ. મારી એકે એક આશાઓ ધુળધાણી થઇ ગઇ. મારી આંખોમાં અંધારૂં છવાઇ ગયું. મને મારા શરીરનું લગારે ભાન રહ્યું નહિ. મને એટલીએ ખબર પડી નહિ કે લોકો તે વખતે શું કરતા હતા અને હું શું કરતો હતો. પણ હા! માત્ર સ્વપ્નાની ભ્રાંતિની પેઠે એટલું યાદ છે કે મેં ભોંયપર પછાડીઓ ખાધી. માથા પર ધુળ નાંખી, લુગડાં ફાડી નાંખ્યાં, ગાંડા ઘેલાની પેઠે ધુળમાં આળોટવા મંડી ગયો, કોઇ વખતે દાઇ ડોસીના ગળે વળગીને રડયો, અને કોઇ વખતે મારી મુવેલી માના હાથ પગ પર ચુંબનો કર્યા, કોઇ વખતે પેટ ભરીને રૂદન કર્યું, અને કોઇ વખતે પોતાના રૂદનની સાથે આડોસ પાડોસવાળાઓને રૂદન કરાવ્યું.

હા! મને એટલું યાદ છે કે મારી માના મરણની ખબર સાંભળીને મારી રહેમત ડોસી પણ આવી પોંહચી, અને મારી નિરાશાની યુવાન જીન્દગી પુરી કરનાર માના પલંગ પાસે ઉભા રહીને ખુબ રડી. વળી મને આ પણ યાદ છે કે રહેમતે મને ગળે વળગાડીને એટલું બધું રૂદન કર્યું કે જોનારા અને સાંભળનારાઓ પણ રડવા લાગ્યા. મને યાદ છે કે પાડોસીઓએ મારી માને નવડાવીને કફન પેહરાવ્યું, મને યાદ છે કે મારી માના જનાઝાપર એક કીમતી કસ્બી સાલ નાંખી હતી. અને લોકો કલમએ શહાદત ભણતા ભણતા જનાઝાને કબ્રસ્તાન તરફ લઇ ગયા. મને યાદ છે કે હું ગાંડાની પેઠે જનાઝાની પછવાડે રૂદન કરતો કરતો જતો હતો, લોકો મને જોઇને અફસોસ કરતા હતા, અને કેટલાકો તો મારા રૂદનનો સાથ દેવા આંસુઓ પણ કાઢતા હતા. મને યાદ છે કે મારી પ્યારી નાની રહેમત મારો હાથ પકડીને જનાઝાની સાથે સાથે ચાલતી હતી, અને દર વખતે મારા મુખપર ચુંબનો કરતી હતી. મને યાદ છે કે એક જગ્યાએ લોકોએ જનાઝાને મુકી વઝુ કર્યો અને પછી સર્વે જણાઓએ એક હારમાં ઉભા રહી નમાઝ ભણી, નમાઝ ભણનારાઓની બધી હારો જાણ્યામાં પંદર વીશ થઇ હતી. મને યાદ છે કે જનાઝાની

નમાઝ ભણીને કેટલાક માણુસો પાછા વળી ગયા અને જેઓ રહ્યા હતા તેઓએ જનાઝાને ઉપાડી કબ્રસ્તાન તરફ ચાલવા માંડયું. મને યાદ છે કે જ્યારે અમે કબ્રસ્તાનમાં પોંહચ્યા ત્યારે કબર તૈયાર થઇ નહોતી, તેથી લગભગ એક કલાક સુધી બેસી રહેવું પડયું. મને યાદ છે કે જ્યારે કબર તૈયાર થઇ ગઇ, ત્યારે કેટલાક માણુસોએ મારી માને જનાઝામાંથી કાઢી માટીની તૈયાર થએલી કોટડીમાં સુવાડી દીધી, અને લોકોએ મને કહ્યું કે "તું પણુ માટી આપ." મને યાદ છે કે મારી રહેમતે એક તુટેલી કબરને બતાવતાં કહ્યું કે "આ તારા બાપની કબર છે." મને યાદ છે કે મારી માના કફન દફન પછી મારા ઓરમાન બાપે ભીખારીઓને પૈસા ટકા અને અનાજ આપ્યું, અને કબરની પાસે બે મુલ્લાંઓને કુરઆન શરીફ ભણુવાને બેસાડયા. મને યાદ છે કે જ્યારે કબ્રસ્તાનથી હું પાછો આવ્યો, ત્યારે ઘરમાં બેસીને કેટલાક જણાઓએ ખીચડી ખાધી. મને પણુ ખાવાને બોલાવ્યો, પણુ મેં એક દાણો સરખો પણુ મોંહઢામાં નાંખ્યો નહિ. મને યાદ છે કે આવેલા લોકો મને તથા મારા ઓરમાન બાપને દીલાસો દઇને પોત પોતાને ઘેર ચાલ્યા ગયા, અને ઘરમાં માત્ર હું મારો ઓરમાન બાપ અને રહેમત રહી ગયા. મને યાદ છે કે થોડીવાર પછી રહેમત ઉઠી અને મને કહેવા લાગી કે મારા પ્યારા દીકરા, હું તને દૈત્યના આશ્રમમાં મુકી જાઉં છું, પણુ દર વખતે છુપી રીતે તારી ખબર રાખતી રહીશ. મને યાદ છે કે જતી વખતે રહેમતે મારી માનું નામ લઇને બહુજ રૂદન કર્યું અને મને ઇમામ ઝામિનને સોંપી ગઇ. મને યાદ છે કે જ્યારે તે જવા લાગી, ત્યારે હું રડવા લાગ્યો, અને હઠ કરવા લાગ્યો કે મને પણુ સાથે લઇ ચાલ, પરંતુ દાઉદખાને બહુ ક્રોધાવેશમાં આવી મારા તરફ એવી તો આંખો બતાવી કે હું જ્યાં હતો ત્યાંજ ચુપ થઇને બેસી રહ્યો. મને યાદ છે કે જ્યારે રહેમત ચાલી ગઇ ત્યારે દાઉદખાને બહુ પ્યારની સાથે મારા માથાપર હાથ ફેરવ્યો, અને પાસે બેસાડીને જીન્દગીમાં પેહલીજ વખતે મને ચુંબન કર્યું. મને યાદ છે કે તેણે ચુંબન કરીને કહ્યું કે, દીકરા! તે મરનારી તો મરી ગઇ, પણુ હું તને મારા જીવથી વધારે સમજીને રાખીશ, અને તને લગારે દુઃખ નહિ આપું. દીકરા, તું લગારે ગભરાતો ના! ઉઠ! અને મોંહઢું ધોઇ લે. જે થવાનું હતું તે થઇ ગયું. જોને મારી સ્થીતિ કેવી થઇ છે. તારી માની જીન્દગીમાં મારૂં ઘર આબાદ હતું, પણુ હવે તો બરબાદ થઇ ગયું, હવે પરમ દહાડે ત્રીજો છે, પણુ ઘરમાં એક પાઇ નથી,

જે કાંઇ હતું તે બધું કફન દફનમાં ખરચાઇ ગયું. માટે ચાલ, તારા નામ ઉપર થોડા ઘણા રૂપીઆ મોતી બજારવાળા શરાફને ત્યાં જમે છે તે લઇ આવીએ કે ખતમ દરૂદ વિગેરેમાં ખરચ થાય. મને યાદ છે કે હું દાઉદખાનનું આ કહેવું શાન્તપણે બેસીને સાંભળતો રહ્યો, અને હું હાં પણ ન કર્યું. મારી ચુપકીદીને તે હા સમજીને મને સાથે લઇ શરાફની દુકાનપર ગયો. જ્યાં બે માણસોની રૂબરૂ માત્ર ત્રણ હજાર રૂપીઆ જે બાકી રહી ગયા હતા તે ઘેર લાવ્યો. મને યાદ છે કે તેણે ઘેર આવીને મને એક આનાના પૈસા આપ્યા, અને કહ્યું કે દીકરા આને ખરચ કર, મેં તે પૈસા લઇને બહુજ ધીટકારની સાથે ઘરમાંના એક ગોખલામાં મુકી દીધા, અને ભુખ્યો તરસ્યો સુઇ રહ્યો. મને યાદ છે કે રાત્રે મેં બહુજ ભયંકર સ્વપ્નાઓ જોયા. જ્યારે સવારમાં હું ઉઠયો, ત્યારે મારા શરીરના બધા અવયવોમાં દરદ થતું માલમ પડયું. રડવાથી મારી આંખો કબુતરના લોહીની પેઠે લાલ થઇ ગઇ હતી. મને યાદ છે કે સવારમાં દાઉદખાને મને પથારીમાંથી હાથ પકડીને ઉઠાવ્યો, અને કહ્યું કે, ગધેડા દીવસ આટલો બધો ચઢી ગયો ને તું અત્યાર સુધી ઉંઘે છે, ચાલ ઉઠ અને સ્કુલમાં જા. આ વખતે મને ખબર પડી કે કાલે જે પ્યાર બતાવ્યો હતો તે માત્ર શરાફને ઘેર મને સાથે લઇને જવા માટેજ હતો. મને યાદ છે કે મારા ઓરમાન બાપે તે ત્રણ હજાર રૂપીઆમાંથી માત્ર પંદર વીસ રૂપીઆ મારી માના પછવાડે ખતમ દરૂદમાં ખરચ કર્યા, અને બાકી બધા રૂપીઆ દારૂ અને જુગારમાં બરબાદ કર્યા. મને યાદ છે કે એક અઠવાડીઆ પછી દાઉદખાન ફરી મને બોર્ડીંગ હાઉસમાં જઇને મુકી આવ્યો, અને મને જતી વખતે કહ્યું કે હવે તું કોઇ વખતે પણ ઘેર આવતો ના. મને યાદ છે કે દાઉદખાને માત્ર એક મહિનાની ફી આપીને ફરી ફી આપી નહિ તેથી મારૂં નામ બોર્ડીંગ અને સ્કુલમાંથી કપાઇ ગયું, અને સ્કુલ તથા બોર્ડીંગના સુપરવાઇઝરે મને કાઢી મુકયો, અને મારી ચોપડીઓ ફેંકી દીધી. મને યાદ છે કે હું ત્યાંથી નીકળીને મારે ઘેર આવ્યો તો પાપી દાઉદખાને મને એટલો બધો માર્યો કે મારા મરી જવામાં લગારે કસર રહી નહિ. તે પાપી એક બીજી સ્ત્રીને પોતાની પાસે બેસાડી દારૂ પી રહ્યો હતો. એટલે મને ધક્કા દઇને ઘરની બહાર કહાડી મુકયો.

પ્રકરણ બારમું.

મોલવી સાહેબને ત્યાં નોકરી.

જ્યારે દાઉદખાને મને માર મારી ઘર બહાર કહાઢી મુકયો, ત્યારે શીયાળાની રૂતુ અને જાનેવારીનો મહીનો હતો. મારી પાસે એક ફુટી બદામ પણ નહોતી, અને શરીરમાં પુરેપુરા લુગડાં પણ નહોતાં. ઠન્ડીમાં ધ્રુજતો ધ્રુજતો હું મીનારવાળી મસજીદ તરફ ગયો. ભુખથી મારા પેટમાં ખાડા પડી ગયા હતા, અને ઠંડીમાં મારો હાલ બેહાલ બની રહ્યો હતો. એવામાં એક ભાડભુંજાની દુકાન આવી, જ્યાં તે ચણા ભુંજી રહ્યો હતો. મારી સ્થીતિ ઠંડીમાં બેહાલ બની રહેલી હોવાથી હું તેની દુકાન પાસે જઇને બેઠો, ભાડભુંજાને મારૂં તેની દુકાનની પાસે બેસવું ગમ્યું નહિ તેથી તેણે મને એક પગની એવી ઠોકર મારી કે હું ચતોપાટ થઇને પડી ગયો, મારા એકદમ પડી જવાથી તે નિર્દય જરા ગભરાઇ ગયો અને મને ઉઠાવીને નવટાંક ચણા આપ્યા અને કહ્યું કે અહિંથી એકદમ ચાલ્યો જા, નહિ તો જીવથી મારી નાંખીશ, આ વખતે મને તે ચણા સ્વાદિષ્ટ પકવાનો કરતાં પણ વધારે પ્રિય લાગ્યા, મેં મસજીદના ઓટલાપર બેસીને ખાધા, આટલી રખડપટ્ટીમાં સાંજ પડી ગઇ, રાતની વખતે મારી ઠંડીથી કેવી સ્થીતિ થઇ હતી તે હું કાંઇ વર્ણવી શકતો નથી, ટાઢના લીધે હું આખી રાત બેચેન રહ્યો અને થરથર ધ્રુજતો હતો. મારા દાંત એવા તો વાગતા હતા કે જાણે તાંસા વાગી રહ્યા છે. કુતરાઓ મારી પાસેથી ભોંકતા ભોંકતા જતા, ત્યારે મારો જીવ નીકળી જતો હતો. તે પહાડ સરખી રાત મેં જાગતાં જાગતાંજ કાપી નાંખી. સવાર થઇ તો મસજીદના મોલવીએ મને નિરાધાર સમજીને અંદર બોલાવ્યો અને ટાઢના લીધે મારી ખરાબ હાલત થએલી જોઇ એક ચાનો પ્યાલો હોટલમાંથી મંગાવીને પાયો, તથા એક ફાટેલી જુની ચાદર આપી અને પછી મારાથી મારી હકીકત પુછી. મારી હકીકત પુછતાંજ મારૂં દિલ ભરાઇ આવ્યું, અને હું ચોધાર આંસુએ રડવા લાગ્યો. આ ભલા દિલના મોલવીનું નામ અમજદ હતું.

અમજદ—દીકરા! રડે છે શું કરવા, તારી હકીકત સંભળાવ?

હું—(રડતાં રડતાં) હું......હું......હું......

અમજદ—દીકરા ના રડ, મને બાપની પેઠે સમજ.

હું—ભલા મોલવી સાહેબ ઉં......ઉં......ઉં......

અમજદ—જણાય છે કે તું બહુજ દુઃખી થયેલો છે.

હું—નિરાધાર, લાચાર, યતીમ છું. મારૂં આ જગતમાં કોઇએ નથી.

અમજદ—તારા મા બાપ બન્ને મરી ગયા ?

હું—હા ! મારૂં કોઇ નથી.

અમજદ—ત્યારે તારી મરજી હોય તો મારે ત્યાં નોકરી કર, હું મહીને દહાડે ચાર આના અને બે વખતની રોટલી આપીશ.

હું—બહુ સારૂં.

અમજદ—તારૂં નામ શું છે ?

હું—નસીરૂદ્દીન.

અમજદ—વાહ મારા દીકરાનું નામ પણ નસીરૂદ્દીન છે, તેની વય ત્રણ વરસની છે, માટે તારૂં કામ પણ એજ કે તું તેને આખો દહાડો રમાડયા કરે, જાણે કે તું મારા દીકરાનો રમાડનાર છે.

હું—બહુજ સારૂં.

અમજદ—જો તું દીલ લગાવીને રહીશ તો આગળ ઉપર તારો પગાર વધારી આપીશ. પણ હાલ તો ચાર આનાના પૈસા અને બે વખતની રોટલી આપીશ.

હું—હું પૈસાને લઇને શું કરીશ. મને તો માત્ર રોટલીજ જોઇએ.

અમજદ—ના દીકરા, પૈસા પણ આપીશ.

હું—તમારી મેહરબાની સાહેબ.

અમજદ—ચાલ ત્યારે જરા મારા હોકાની ચલમ ભરી દે. મેં મારી જીન્દગીમાં કોઇ વખત પણ ચલમ ભરેલી નહોતી, તેથી જ્યારે ચલમ ભરવા લાગ્યો ત્યારે કેટલીક જગ્યાએથી મારી આંગળીઓ બળી ગઇ, પણ મેં હું સરખું પણ કર્યું નહિ અને મોલવી સાહેબની બીકથી ચુપ રહ્યો. આખો દીવસ હું મોલવી સાહેબના છોકરાને રમાડતો રહ્યો, અને મોલવી સાહેબની ચલમો ભર્યા કીધી. જ્યારે સાંજ થઇ ત્યારે મોલવી સાહેબે મને કહ્યું કે મારા દીકરાને ઉપાડી લે, મેં તેમના છોકરાને ગોદમાં લઇ લીધો.

તેઓ મને પોતાના ઘેર લઇ ગયા. મોલવી સાહેબની સ્ત્રી બહુજ બોલકણી અને અદેખી તથા મીજાજી હતી. તેણીનું નામ હલીમન હતું, મને મોલવી સાહેબની સાથે આવેલો જોઇ પુછ્યું.

હલીમન—આ છોકરો કોણ છે ?

મોલવી—આજે નોકર રાખ્યો છે.

હલીમન—પણ આને નકામો શું કરવા રાખ્યો ?

મોલવી—નકામો કેમ ? નસીરને રમાડશે.

હલીમન—પગાર શું ?

મોલવી—ચાર આના અને બે વખતની રોટલી

હલીમન—રોટલી અને ચાર આના બહુ થયા.

મોલવી—નારે, કાંઇ વધારે નથી.

હલીમન—હું તો કોઇ કાળે પણ આ છોકરાને ચાર આના નહીં આપું.

હું—માજી સાહેબ, જે તમારી મરજીમાં આવે તે આપજો.

હલીમન—અરે મેર મારા રોયા, નાહનું મોહડું ને મોહટી વાત, હું તારી મા ક્યાંથી આવી.

હું—હું તો તમને મારી મા સમજું છું.

હલીમન—ચાલ ચાલ સમજવા વાળો, રહેવું ઝુંપડામાં ને સ્વપ્ન જોવાં મહેલોના, અરે હું તો તારી શેઠાણી છુ, અને તું નોકર છે, માટે મને સરકાર, હજુર વીગેરે કહેજે.

હું—(દીલગીર થઇને) બહુ સારૂં સરકાર.

હલીમન—ઠીક ત્યારે છોકરા ! તારો પગાર મહીને દહાડે બે આના અને રોટલી નક્કી થયો.

હું—જેવી હુઝુરની ઇચ્છા.

હલીમન—વળી જો, જે આપણાથી મોહટાં હોય તેમને માન આપવું.

હું—વારૂ સરકાર,

હલીમન—અલ્યા તારૂં નામ શું ?

હું—હુઝુર મારૂં નામ નસીરૂદ્દીન છે.

હલીમન—ઠીક? અમારા દીકરાનું નામ પણ નસીરૂદ્દીન છે.

મોલવી—એ પણ એક જોગ.

હલીમન—પણ આ નામ આ છોકરાનું હોય તે મને લગારે પસંદ નથી.

મોલવી—એમાં તમારૂં શું જાય છે.

હલીમન—નહિ, આનું નામ ફેરવવું જોઇએ.

મોલવી—ઠીક ત્યારે તમે કોઇ નામ શોધી રાખો.

હલીમન—આજે કયો વાર છે?

મોલવી—ચોમે આદીના.

હલીમન—આ આદીનાપોદીના તો હું કાંઇ જાણુતી નથી. આપણું દેશી નામ લ્યોને.

મોલવી—જુમ્મા.

હલીમન—ચાલો ત્યારે આનું નામ જુમ્મા સારૂં છે.

મોલવી—વાહ, નામ તો બહુ સારૂં સોધ્યું.

હલીમન—ત્યારે નહિ. જો છોકરા તેં તારૂં નામ સાંભળ્યું.

હું—જી હા સરકાર.

હલીમન—શું નામ?

હું—જુમ્મા.

હલીમન—હવે તને અમે આજ નામથી બોલાવીશું, માટે હવે તું નસીરૂદ્દીનના નામથી બોલજે ના, નહિ તો પછી મારા જેવી ખરાબ એકે નથી. સમજ્યો.

હું—જી હા સરકાર.

પ્રકરણ તેરમું.

પગારનો રૂપીઓ ને રહેમતની મુલાકાત.

હું આઠ મહીના સુધી મોલવી અમજદને ઘેર નોકર રહ્યો. મોલવી સાહેબના છોકરાને આખો દીવસ રમાડતો હતો, અને જ્યારે તે પોતાની મા પાસે જતો ત્યારે મોલવી સાહેબના માટે ચલમો ભરતો, અને મોલવી સાહેબ સુઇ જતા ત્યારે તેમને પંખાથી પવન નાંખતો, અને કોઇ કોઇ વખતે મોલવી સાહેબના પગ પણ દાબતો હતો, એટલે ચંપી કરતો હતો. તે સિવાય શાકભાજી લાવી આપતો હતો. મોલવી સાહેબ તો બહુ નરમ દીલના અને દયાળુ હતા, પણ તેમની સ્ત્રી હલીમન બહુજ સખત અને જબરા દીલની હતી. તેણી મને આખો દીવસ અને અર્ધી રાત સુધી જંપીને બેસવા દેતી નહોતી, રાત્રે પલંગ અને પથારીઓ સાફ કરવાની નોકરી પણ મનેજ આપવામાં આવી હતી. જમવાની વખતે મને માત્ર બે બે પાતળી રોટલીઓ આપતી, જેથી મારૂં બરોબર પેટ પણ નહોતું ભરાતું. પરંતુ હું ખુદાનો આભાર માની માથે આવી પડેલી વીપત્તિને હસી ખુશી અને રમતગમતમાં ગુજારી દેતો હતો. જ્યારે મને મોલવી સાહેબના ઘેર નોકર રહ્યાને આઠ મહિના ગુજરી ગયા, ત્યારે મોલવી સાહેબે મને એક રૂપીઓ આપ્યો, અને કહ્યું કે "લે છોકરા આ તારો આઠ મહીનાનો બે આનાના હીસાબે થયેલો પગાર," મેં તે રૂપીઓ લઇને મોલવી સાહેબ અને તેમની સ્ત્રીને બહુજ નમીને સલામ કરી. તે બાદ હું રૂપીઓ લઇને બજારમાં ગયો અને જ્યારે જુમ્મા મસજીદની પાસે પહોંચ્યો ત્યારે શું જોઉં છું કે રહેમત હાથમાં લાકડી લઇને ધીમે ધીમે આવે છે. જ્યારે મેં મારી વહાલી રહેમતને જોઇ તો આનંદના ઉભરા સાથે તેની પાસે દોડયો, અને સલામ કરી. રહેમતે મને આવાં ફાટેલા લુગડાંમાં બીલકુલ ઓળખ્યો નહિ તેથી મેં તેને કહ્યું.

હું—નાની સલામ.

રહેમત—જીવતો રહે

હું—નાની તમે સારા છો ?

રહેમત—દીકરા ! અત્યારે મારી પાસે પૈસા નથી ફરી મળજે.

હું—નાની, મારે પૈસાની જરૂર નથી, લ્યો, આ રૂપીઆ આ મારા આઠ મહિનાના પગારનો છે.

રહેમત—દીકરા તું કોણ છે ?

હું—અફસોસ, નાની તમે મને વીસરી ગયા.

રહેમત—દીકરા, હું ઘરડી થઇ તેથી આંખોની સાથે પીછાણ શક્તિમાં પણ ફેર આવી ગયો છે.

હું—નાની, હું તો તમારો નસીર છું.

રહેમત—હેં ! શું તું નસીરૂદ્દીન છે ?

હું—નાની, હા હુંજ લયલાનો છોકરો છું, શું તમે મને વીસરી ગયા ?

જ્યારે રહેમતે મારા મુખથી લયલાનું નામ સાંભળ્યું, ત્યારે તરતજ દોડીને મને ગળે લગાડયો, અને બાથમાં ભીડી ચોધાર આંસુએ રડવા લાગી, અને રડતાં રડતાં કહેવા લાગી, મારા વ્હાલા હું તને અત્યારે આ કેવા હાલમાં જોઉં છું. હાય, મેં તને આ દીવસોના માટે ન્હાનપણમાં લાડ પ્યારથી ઉછેર્યો હતો. હાય, મારી આંખોના તેજ અને કલેજાના કટકા, મારી જીન્દગીમાં તું આવા ફાટેલા લુગડાંએ ફરે છે, હું માત્ર નવ મહિના બહારગામ ગઇ તેટલામાં તારી આ સ્થીતિ થઇ ગઇ. ઓ ખુદા, તે મુવા શહદખાનપર તારો ગઝબ ઉતારજે, તે મુવાએ આ યતીમના પંદર હજાર રૂપીઆ હજમ કર્યા અને ઘર દબાવી બેઠો છે. હાય દીકરા, તે મુવો કાણો, લંગડો, આંધળો થાય, અને હું જોઉં ત્યારે મારા કલેજામાં ઠંડક પડે અને રસ્તામાં કુબડો થઇ, દરદરની ભીખ માંગે અને કુતરાની પેઠે દરેક ઠેકાણેથી હડધુત થાય ત્યારે મારી આંખો ઠરે.

રહેમતના રૂદન અને કોસણાથી બહુ લોકોની ભીડ જામી ગઇ, પણ તે ભલી ડોસીએ બધાને આ કહીને વીખેરી નાંખ્યા કે ભાઇઓ મારી આ છોકરીનો છોકરો ઘણા દીવસથી ખોવાઇ ગયો હતો તે આજે મળ્યો છે. તેમાં તમારે શું જોવાનું છે. માટે જાવ, તે પછી રહેમત મને પોતાને ઘેર લઇ ગઇ અને પુછ્યું.

રહેમત—દીકરા, આ રૂપીઆ કેવા છે ?

હું—આ મારા આઠ મહીનાના પગારનો છે. આજે સવારમાં મોલવી અમજદે મને આપ્યો છે.

રહેમત—(રડીને) શું તું બે આને મહિને મોલવી અમજદને ત્યાં નોકર હતો ?

હું—જી હા ! મોલવી સાહેબે તો મહિનાના ચાર આના કર્યા હતા, પણ તેમની વહુએ બે આના કરી નાંખ્યા.

રહેમત—હાય ! આ હું શું સાંભળું છું.

હું—નાની, ઠીક થયું કે તમે મળી ગયાં, મારા હાથ તો ચલમો ભરતાં ભરતાં બળીને ખાક થઇ ગયાં છે.

રહેમત—હાય હું કુરબાન જાઉં, મારા દીકરા.

હું—નાની, હવે તમે મને પોતાની પાસેથી જુદો ન કરતાં.

રહેમત—હવે તો તું મારા જીવની સાથે છે.

હું—ત્યારે હું મોલવી સાહેબને કહી આઉં કે મારી નાની મળી ગયાં છે.

રહેમત—હમણાં ઉભો રહે, પ્રથમ હું તને નવડાવી લઉં.

આટલું કહી રહેમતે મારા માટે ચુલા પર પાણી મુક્યું, અને પોતે બજાર જઇ, પેહરણ, સુરવાલ અને ટોપી તથા એક બુટ ખરીદી લાવી, પછી મને નવરાવીને નવા લુગડાં પહેરાવ્યાં, અને ફરી બજારમાં સાથે લઇને એક કોટ અપાવ્યો. નવ દસ મહિનાની લાંબી મુદત પછી મારા શરીરને આરામ મળેલું હોવાથી, રાત્રે હું સારી પેઠે ઉંઘ્યો. સવારમાં વફાદાર રહેમત મને પોતાની સાથે લઇ મોલવી સાહેબને ત્યાં ગઇ. મોલવી સાહેબની વહુ મને આવતો જોઇ બુમ બરાડા મારવા લાગી.

હલીમન—જુઓ, આ છોકરાને ! આજ બે દીવસ પછી આવ્યો, હવે આપજો રૂપીઓ.

મોલવી—ચુપ થઇ જા. એની સાથે કોઇ સ્ત્રી પણ આવે છે.

રહેમત—મોલવી સાહેબ સલામ.

મોલવી—સલામ બાઇ આવો.

રહેમત—મોલવી સાહેબ, નસીરૂદીન મારી છોકરીનો છોકરો છે, તેના ઉપર તમે મારી ગેરહાજરીમાં બહુ મોહટા આભાર કર્યા છે, તેનો

બદલો હું કોઇ પણ રીતે વાળી શકતી નથી. હું ગરીબ છું, નહિ તો જરૂર તમારી કદર કરતી. પણ માત્ર આ વીસ રૂપીઆ છે, જે મારી તરફથી નસીરૂદ્દીનને જેને મારો નસીરૂદ્દીન રમાડતો હતો, તેને લુગડાં બનાવી આપજો.

હલીમન—(રૂપીઆ જોઇને) અરે આવું શું બોલો છો. મારા નસીરને તમારો નસીરૂદ્દીન રમાડનારો નોકર નહોતો, પણ તે તો અમારા દીકરાની બરાબરજ હતો, અને હાલ પણ છે.

રહેમત—આપે અને આપના ખાવીન્દે મારા ઉપર બહુ મોહટા આભાર કર્યા છે.

મોલવી—બહેન, આ બધી તમારી લાયકી છે, નહિ તો અમારાથી તો તમારા નસીરૂદ્દીન માટે કંઇ પણ બની શક્યું નથી.

હલીમન—નસીરૂદ્દીન જેવો નેક, ભલો અને સાચો છોકરો તો મારી જીન્દગીમાં કદીએ જોયો નથી.

મોલવી—ખરેખર, બહુજ નેક છોકરો છે.

રહેમત—એ બધી આપની મહેરબાની છે.

મોલવી—હે, હે, આવું શું બોલો છો.

રહેમત—લ્યો, હવે રજા લઉં છું, મારો વિચાર અમદાવાદ જવાનો છે, જો જીવતી રહી તો ફરી સેવામાં હાજર થઇશ.

હલીમન—(વીસ રૂપીઆને પાનદાનમાં મુકતાં) બેસો તો ખરા, જવાય છે.

રહેમત—ના, હજુ મારે બહુ કામ છે.

હલીમન—(પાન આપીને) તમારા નસીરૂદ્દીનની તો હું કાંઇ પ્રશંસા કરી શકતીજ નથી, એ તો જાણે હીરો છે હીરો.

રહેમત—એ બધી તમારીજ પ્રશંસા છે.

હલીમન—શું નસીરૂદ્દીન પણ તમારી સાથેજ જશે?

રહેમત—હા! કેમકે તેની ફોઇ હાલ અમદાવાદ રહે છે, તેમની પાસેજ એને લઇ જઇશ. હું ભોગજોગે નવાબ નજમુદ્દીન હસનની બેગમ સાથે અમદાવાદ ગઇ તો ત્યાં તેમની મુલાકાત થઇ હતી, નહિ તો મેં તો ઘણા વરસોથી એમની આશા મુકી દીધી હતી.

હલીમન—સારૂં ત્યારે આવજો, અને કાગળ લખતા રહેજો.

રહેમત—તમે મારા નસીરૂદ્દીનને ઓળખ્યો ?

મોલવી—ના.

રહેમત—શમસુદ્દીન ટોપીવાળાનો આ એકનો એક દીકરો છે.

મોલવી—કોણ મરહુમ શમસુદ્દીન ટોપીવાળાનો ?

રહેમત—જી હા, તેજ મરહુમનો.

મોલવી—અરે તે તો મારા બહુ મોહટા મહેરબાન હતા. અફસોસ, આવા નામદાર માણસનો બાળક આવી રીતે આથડે !

રહેમત—દુનિયાના ફેરફાર આનેજ કહે છે.

મોલવી—સત્ય છે.

રહેમત—ગમે તે કહો, પણ હું તો આપનોજ આભાર માનીશ કે મારો છોકરો અથડામણથી બચી ગયો. કદાચ તે કંટાળીને કુવામાં પડી જાત તો આજે હું તેને ક્યાં જોવા પામત.

મોલવી—એ બધી ખુદાની મહેરબાની છે.

રહેમત—લ્યો સાહેબો, હવે તો રજા લઉં છું. દીકરા નસીર, સલામ કર.

મેં મોલવી સાહેબ અને તેમની વહુને સલામ કર્યા, અને ત્યાંથી રહેમતની સાથે તેના ઘેર ઉપર આવ્યો.

પ્રકરણ ચૌદમું.

હું મારી મીઝાજી ફોઇને ત્યાં.

આનંદના દિવસોને જતાં લગારે વાર થતી નથી. પણ દુઃખ અને શોકના દિવસો કેમે કરીને પુરા થતા નથી. તેઓ દર વખતે સીયાહ વાદળાની પેઠે માથાપર છવાઇ રહે છે. સુખના સો વરસો, દુઃખના એક વરસથી પણ ઓછાં માલમ પડે છે, મેં મારી માના મરણ પછી લગભગ આઠ દસ મહિના બહુજ દુઃખ અને અથડામણમાં ગુજાર્યા, જે મને દસ વરસ કરતાં પણ વધુ લાગ્યા, અને જ્યારે રહેમત ડોસી મળી, અને તેણીએ મને વ્હાલ તથા પ્યારની સાથે નહવડાવી લુગડાં બદલાવ્યાં, ત્યારે તે એક દિવસ માત્ર એકજ મીનીટ જેવો લાગ્યો.

મોલવી સાહેબને ત્યાંથી ઘેર આવી રહેમતે મને કહ્યું કે દીકરા નસીર! હવે તારૂં અહીં રહેવું મને ઠીક લાગતું નથી. કેમકે તારી મીઝાજી અને વીચીત્ર તથા પૈસાદાર ફોઇ, જે તારી મરહુમ માથી લડાઇ કરીને એકાએક ગુમ થઇ ગઇ હતી, તેણીનો ઘણા વરસ પછી હાલમાં અમદાવાદ ખાતે પત્તો લાગ્યો છે, હું તો અત્યાર સુધી તેણીના એકાએક ગુમ થઇ જવાથી એમજ સમજતી હતી કે જાણ્યામાં તેણી દુનિયાથી કંટાળીને મક્કા મોઅઝ્ઝમા તરફ સદાને માટે ચાલી ગઇ હશે. પરંતુ મને તો હાલમાં અમદાવાદ જવાથી જણાયું કે તેણીએ આજ કેટલાક વરસથી પોતાનો વસવાટ અમદાવાદમાંજ રાખ્યો છે, માટે હવે ચાલ, હું તને તેણીની પાસે લઇ જાઉં, આશા તો છે કે તેણી તને જોઇને નરમ બની જશે અને તને સદાને માટે પોતાની પાસેજ રાખશે. આ સાંભળીને મેં રહેમતને જવાબ આપ્યો કે, સારૂં તમે જે કહો તે કરવા તૈયાર છું. મારૂં તમારા સિવાય આ જગતમાં બીજું કોઇએ નથી.

તે પછી બે ચાર દિવસ મુંબઇમાં રહી, હું રહેમતની સાથે અમદાવાદ આવ્યો, અને એલીસબ્રીજની પેલી બાજુએ આવેલા મારી ફોઇના બંગલામાં ગયો. રહેમતે બંગલાના દરવાજા આગળ ઉભેલા પટાવાળાને કહ્યું કે જાવ બેગમ સાહેબને કહો કે, એક ડોસી પોતાના શેઠના છોકરાંની સાથે આવી છે, અને તે છોકરો આપનો નજીકનો સગો છે.

પટાવાળો—બહુ સારૂં, આપ આ પાટ ઉપર બેસો, હું હમણા જઇને બેગમ સાહેબની ખાસ દાસી ગુલચમનને કહું છું.

રહેમત—બહુ સારૂં.

પટાવાળાએ અંદર જઇને ગુલચમનને બોલાવી અને કહ્યું.

પટાવાળો—બેગમ સાહેબને જઇને કહો કે એક ડોસી એક છોકરાને લઇને આવી છે, અને તેણી તે છોકરાને બેગમ સાહેબનો નજીકનો સગો જણાવે છે.

ગુલચમન—નામ શું છે?

પટાવાળો—(મને પુછીને) આપનું નામ શું?

હું—કહો કે મુંબઇથી નસીરૂદ્દીન આવ્યો છે.

પટાવાળાએ મારૂં નામ ગુલચમનને કહ્યું અને તેણીએ અંદર જઇને મારી ફોઇને કહ્યું મારી ફોઇએ અંદરથી પૂછ્યું.

શીરીન—નસીરૂદ્દીન ક્યાં રહે છે?

હું—હું મુંબઇમાં રહું છું, પણ હાલ તો હું મારી ફોઇના કદમોની પાસે ઉભો છું.

શીરીન—એટલે?

હું—હું આપના ભાઇ શમસુદ્દીનનો એકનો એક દીકરો છું.

શીરીન—શું મારા દીવાના ભાઇનો?

રહેમત—જી હા, બેગમ સાહેબ, આ આપના મરહુમ ભાઇની નીશાની છે અને તે હું આપને સોંપવા આવી છું.

શીરીન—કોણ રહેમત?

રહેમત—જી હા, સરકાર.

શીરીન—પટાવાળા અંદર આવવા દે.

અમે બેઉ જણા બંગલાના અંદર ગયા, તો મેં જોયું કે દીવાનખાનામાં એક ઇરાની કાલીન પાથરેલો છે, અને તેના ઉપર એક સફેદ વાળવાળી અને કમ્મરમાંથી વાંકી વળેલી ડોસી બેઠેલી છે, જ્યારે મને આવતો જોયો, ત્યારે તેણીએ મારા ચહેરા તરફ ટીકી ટીકીને જોયું અને પછી બોલી, જાણે આબાદ મારા બેવકુફ ભાઇનોજ ચહેરો.

હું—આદાબ બન્દગી, ફોઇ સાહેબા.

રહેમત—સરકાર સલામ.

શીરીન—(જરા હસીને) જીવતો રહે, કહે દીકરા, તારી મા તે સારી છે? અહિં કેમ આવવું થયું? રહેમત તારી તબીયત કેવી છે?

રહેમત—બેગમ સાહેબના જાન અને માલને આશિર્વાદ દઉં છું.

હું—ફોઇ સાહેબા, મારી ગરીબ માના મરણને તો લગભગ એક વરસ થઇ ગયો.

શીરીન—શું મરણ પામી?

હું—જી હા.

શીરીન—અરે, તે તો બાળક હતી.

હું—ખુદાની મરજી, બીચારી બળી બળીને મરી ગઇ.

શીરીન—બળી કેવી રીતે?

રહેમત—બેગમ સાહેબ, શું કહું, તેણીએ નાદાની કરીને બીજું લગ્ન કરી લીધું હતું, જે માણસની સાથે લગ્ન કર્યું હતું, તે બહુજ લુચ્ચો અને છાકટો નીકળ્યો, તેણે નસીરૂદીનના બધા રૂપીઆ પણ હજમ કરી નાંખ્યા, અને દરરોજ દારૂ પીને તે બિચારી ગરીબને મારધાડ કરી. છેવટે તેણી મરણને શરણ થઇ ગઇ. જ્યારે તે મરી ગઇ, ત્યારે આ તમારા ભત્રીજાને પણ મારીને કાઢી મુકયો.

જ્યારે મારી ફોઇએ આ સર્વે હકીકત સાંભળી અને મારા મોહઢેથી બધી મુસીબતોની હકીકતથી વાકેફ થઇ, ત્યારે તેણી જો કે ઘણીજ સખત દીલની હતી, તોપણ આંસુઓ કાઢીને રડી પડી, અને કહેવા લાગી.

શીરીન—તને જે જે સંકટો પડયા તેના કારણ રૂપ થોડી ઘણી હું પણ છું. ધીક્કાર છે મને કે મેં મારા ભાઇથી બગાડ કરી તેના બચ્ચાને દુઃખમાં રહેવા દીધો, અને તેની ગરીબ વહુના માથાપર હાથ ન મુકી તેને રઝળતી કરી. જો કદાચ હું મુંબઇ ન મુકતી, તો તેણી કદીએ બીજું લગ્ન કરત નહિ, અને જો કદાચ તે લગ્ન કરી લેત, તોપણ મારા પ્યારા ભાઇના હૃદયનો કટકો ભારે મુસીબતોમાં ફસવા ન પામત. અને મસજીદના મુલ્લાંઓને ઘેર રોટલીના કટકા માટે આથડતો નહિ, અફસોસ, મેં બહુજ ખોટું કર્યું, ખોટું તો શું બલકે મોહટું પાપ કર્યું. હવે હું અત્યારે મારા પાપોને કબુલી તોબા કરૂં છું અને કરેલા પાપોનો બદલો આવી રીતે વાળું છું કે, હું આજથી મારો દત્તક પુત્ર અને મારી પાસે જે

કાંઇ મીલકત છે, તેનો વારસ થયો. માત્ર હું તારાથી એટલુંજ માગું છું કે મારી જીન્દગીમાં તું મારી આજ્ઞા પ્રમાણે ચાલે, અને હું જે કહું તે તું કબુલ કરે. મારા મરણ પછી તારી મરજીમાં આવે તેમ કરજે, હા, હું તને ચેતાવી દઉં છું કે મારો સ્વભાવ બહુજ આકરો છે. હું મારી આજ્ઞાનો ભંગ થએલો જોવાને જરા પણ રાજી નથી. મારા બોલેલા બોલોને તું પત્થરની લકીર સમજજે, અને કોઈ કાળે પણ મારી વાતને કાપવાની કોશીશ કરતો ના. જો કદાચ તું મારી આ કહેલી વાતો વિરૂદ્ધ એક બોલ પણ બોલ્યો તો હું તને મારી પાસેથી એકદમ રૂખસત કરી દઇશ, અને મારી આજ્ઞા પ્રમાણે ચાલ્યો તો આ અત્યારે તું જે કાંઇ જુએ છે તે તથા જે કાંઇ બીજું છે તે બધું તારૂંજ છે.

રહેમત—બેગમ સાહેબ, માત્ર આપના આશરાની આશાથી હજારો સંકટો ઉઠાવી, આપની સેવામાં નસીરૂદ્દીન આવ્યો છે. હવે તે આપને મુકીને ક્યાંએ જઇ શકતો નથી. આપ જે કાંઇ હુકમ કરશો, તે બજાવી લાવવા હમેશા તત્પર રહેશે.

હું—ફોઇ સાહેબા, ખુદાતઆલા આપને મારા માથા ઉપર સેંકડો વરસ સુધી સલામત રાખે, અને આપની મીલકત આપને મુબારક રહે. હું માલ મીલકત કે ધન દોલતનો ભુખ્યો નથી. હું તો માત્ર આપની મોહબ્બત અને પ્યારનો ભુખ્યો છું.

શીરીન—હું જેવી રીતે તારો ચહેરો જોઇને આનંદ પામી છું, તેવીજ રીતે આ વાણી સાંભળીને પણ ખુશ થઇ છું. આશા છે કે તું આવીજ રીતે હમેશાં સુધી મારી સાથે રહીશ.

હું—જો કદાચ આપની સેવામાં મારો જીવ પણ કુરબાન કરવાનો વખત આવે, તો હું તે આપવા લગારે વાર કરીશ નહિ.

શીરીન—ખુદા તને જીવતો રાખે. હાલમાં તેં જે લુગડાં પહેર્યાં છે, તે મારા ભત્રીજાને શોભતાં ન હોવાથી હમણા હાલ નોકરની સાથે જઇ લુગડું ખરીદી લાવ, અને એકદમ સીવડાવી નહાઇ ધોઇ લુગડાં પહેરી સુખથી અહિં રહે, અને રહેમત ! તું પણ અહિંજ રહેજે.

રહેમત—સરકાર હું તો મારા નસીર અને આપને મુકીને મરતાં સુધી ક્યાંએ જનાર નથી.

તે પછી હું નોકરની સાથે બજાર જવાને ઉઠયો.

પ્રકરણ પંદરમું.

હું મારી મીઝાજી ફોઇનો દત્તક.

અલ્લાહ ! અલ્લાહ ! મને મારી ફોઇને ત્યાં આવ્યા પછીજ જણાયું કે દુનિયામાં જીવવું બહુજ સારૂં છે. હું કાંઇ પણ સહરાગત વિના કહું છું કે મારી ફોઇને ત્યાં આવ્યા પછી મને એમ લાગ્યું કે જાણે કોઇએ નર્કના ખાડામાંથી કાઢીને સ્વર્ગના શીખરે બેસાડી દીધો છે. અથવા એમ સમજો કે બળતી આગના ભડકાઓ ઇબ્રાહીમનો બગીચો બની ગયા છે. સુબહાનલ્લાહ ! જગતના ફેરફારો આને કહે છે. એક વખતે હું ભાડભુંજાની એક ચણાની મુઠી મળેલી જોઇ આનંદ પામતો હતો, તથા મોલવી અમજદને ત્યાંની રૂખી સુખી રોટલીને જોઇ ચાહથી ખાતો હતો. અને હવે જાત જાતના પકવાનો મળે છે. પૈસા ટકા ભરપુર હોવાથી તેને ગજવામાં રાખવાનો પણ જીવ ચાહતો નથી.

થોડા દીવસ પછી એક એવી વાત થઇ કે, જેથી મને બહુ મોહટો લાભ થયો, તે એ કે મારા આવ્યા પછી મારી ફોઇ એકદમ તાવમાં સપડાઇ, એક તો તેની પાકી અવસ્થા અને તે ઉપરથી સખત તાવ, આ કારણથી તેની હાલત બહુજ ખરાબ થઇ ગઇ, અને લગભગ આશા પણ મુકી દીધી. મેં તેની બીમારીમાં સેવા, ચાકરી કરવામાં લગારે કચાસ રાખી નહિ, દીવસમાં ચાર ચાર પાંચ પાંચ વખત ડોકટરને ઘેર જતો, અને એ બે કલાકના આંતરે મારા હાથેજ દવા પાતો, તથા આખી રાત તેના પલંગની પાસે બેસી રહેતો હતો. મારી આવી સેવા ચાકરીથી તેણી બહુજ ખુશ થઇ, અને ખુદાની મહેરબાનીથી પંદરેક દીવસમાં તો પુરી તંદુરસ્ત બની ગઈ. મને પોતાની બીમારીમાં રાત દીવસ પુરી જાંફેશાનીથી ચાકરી કરતો જોઇ, તે મને પહેલાં કરતાં વધુ ચાહવા લાગી, તે એટલે સુધી કે હું મારી માની મોહબ્બત થોડી થોડી ભુલવા લાગ્યો. એક દીવસે મારી ફોઇએ મને કહ્યું.

શીરીન—નસીર !

હું—જી હા,

શીરીન—મને ખાત્રી થઇ ગઈ કે તું બહુજ વફાદાર છોકરો છે.

હું—એ તો આપની મહેરબાની છે.

શીરીન—નહિ, તું બહુજ સારો અને તાબેદાર છે.

હું—એ બધી આપની નેક દીલી છે.

શીરીન—મેં તારી પરીક્ષા કરી લીધી. તારામાં લાલચ, જુઠ, બનાવટ, બદમીજાઝી અથવા બીજી કોઇએ ખોડ નથી.

હું—આ બધો આપનોજ પ્રતાપ છે.

શીરીન—તેં મારી માંદગીમાં બહુજ સેવા કરી છે.

હું—સેવા શાની ! આપ મારા વડીલ છો, તેથી મેં મારી ફરઝ અદા કરી.

શીરીન—આટલી નહાની વયમાં તારા જેવી સમજ રાખનાર છોકરા ઘણાં થોડા હોય છે.

હું—મેં મારી નહાની વયમાં દુઃખ ઉઠાવીને આ બધું શીખ્યું છે.

શીરીન—હવે જવા દે, તારા દુઃખી દિવસોની વાત ન કર, મને જ્યારે તે દિવસોનો ખ્યાલ આવે છે, ત્યારે મારા રૂંવે રૂંવા ઉભા થઇ જાય છે.

હું—બહુ સારૂં, હવેથી આપ કોઇ દહાડો પણ પહેલા દીવસોનું વર્ણન નહિ સાંભળો.

શીરીન—ઠીક, જો તું તો તારી ફરઝ અદા કરી ચુકયો, હવે હું મારી ફરઝ અદા કરૂં છું.

હું—મને જે કાંઇ આજ્ઞા ફરમાવો, તે બજાવી લાવવા હું તૈયાર છું.

શીરીન—જાવ, જરા ચુનીલાલ કારભારીને બોલાવીને લાવ.

હું—બહુ સારૂં.

હું બહાર ગયો અને બહાર ઓરડીમાં હીસાબ કીતાબ રાખનારા કારભારી ચુનીલાલને બોલાવીને પાછો અંદર ગયો.

કારભારી—બેગમ સાહેબ, સેવક હાજર છે.

શીરીન—તમે અત્યારે ને અત્યારે એક કંકોત્રી લખીને સોનેરી શબ્દોમાં છપાવો, અને પરમ દહાડે બધા આગેવાન શહેરીઓને આપણા બંગલા ઉપર બોલાવો. હું બધા આગેવાન શહેરીઓની વચમાં નસીરૂદ્દીનને દત્તક

લઇશ, અને જાહેર કરીશ કે આજથી નસીરૂદ્દીન મારો પુત્ર છે અને મારી બધી સ્થાવર અને જંગમ વીગેરે મીલકતનો માલેક છે.

કારભારી—બહુ સારૂં, સાહેબ.

રહેમત—(કારભારીના જવા પછી) બેગમ સાહેબ આપ તો ખરેખર દેવી રૂપ છો.

શીરીન—અરે, હું શું ને મારી વીસાદ શી? હું પાપીણી દેવી રૂપોના પગની રજ બરાબર પણ નથી.

મારી ફોઇ જો કે કંજુસ નહોતી, પણ જોઇ વિચારીને ખરચ કરનારી હતી, જે બંગલામાં તેણી રહેતી હતી, તે તેણીનો પોતાનો હતો. કારભારીના કહેવાથી મેં જાણ્યું હતું કે પંદર હજાર રૂપીઆમાં વેચાતો લીધો હતો. બંગલામાં એક માળી, પટાવાળો અને કારભારી મળીને ત્રણ નોકર હતા, અને સ્ત્રીઓમાં માત્ર એક ગુલચમન નામની છોકરી હતી. કારભારીનો પગાર વીસ રૂપીઆ અને પટાવાળા તથા માળીના મળી સોળ રૂપીઆ તથા ગુલચમનને ત્રણ રૂપીઆ પગાર મળતો હતો. મેં માત્ર એક મહીનામાંજ જોઇ લીધું કે મારી ફોઇનો દર મહીને ખરચ સો સવા સો રૂપીઆ છે. પણ હું અજબ થતો હતો કે તે આવે છે ક્યાંથી? મેં કારભારીથી આવક પુછવાનું વ્યાજબી ધાર્યું નહિ, કેમકે રખેને મારી ફોઇને ખબર પડે, અને તેણી એમ સમજી જાય કે આ છોકરો તો મારી મીલકત માટેજ ખુશામદ કરી રહ્યો છે. તેથી મેં આશ્ચર્યને દબાવી દીધો.

કારભારીએ કંકોત્રી છપાવીને શહેરના તમામ આગેવાનોને મોકલી, જે ઉપરથી શેહેરના સર્વે નામાંકિત હીન્દુ, મુસલમાન, પારસી, યાહુદી, વીગેરે શેઠીયાઓ નક્કી કરેલા ટાઇમે બંગલા ઉપર આવી પ્હોંચ્યાં. તે દિવસે બંગલાના મોહટા હોલને સુંદર ફરનીચરથી શણગાર્યો હતો. જ્યારે સર્વે ગૃહસ્થો આવી પ્હોંચ્યાં, ત્યારે સૌની વચમાં મારી ફોઇના કારભારીએ ઉભા થઇને મારી ફોઇનો લખેલો ખત જેમાં તેણીએ મને દત્તક લીધાનું કબુલ્યું હતું, તે વાંચી સંભળાવ્યો. આ વખતે મારી ફોઇ હોલની પાસેના ઓરડામાં ચક નાંખીને બેઠી હતી. જ્યારે ખત વંચાઇ રહ્યો, ત્યારે પધારેલા ગૃહસ્થોમાંના દસ જણાઓએ પોત પોતાની સહીઓ તે ખત ઉપર કરી અને મને તથા મારી ફોઇને મુબારકબાદી આપી. તે બાદ સર્વે જણાઓને રીફ્રેશમેન્ટ આપવામાં આવ્યું, જે લઇને એક પછી એક બધા

પોત પોતાને ઘેર ગયા, રાતની વખતે મારી ફોઇએ મને પોતાની રૂમમાં બોલાવ્યો અને કહ્યું.

શીરીન—દીકરા નસીર, કેમ તું મારાથી રાજી થયો.

હું—માજી, હું ક્યારે આપથી નારાજ હતો, હું તો આપથી રાજીજ છું, ખુદા ન કરે કે હું કદી પણ આપથી નારાજ થાઉં. હું મરવાને હજાર દરજ્જે બેહતર ગણું છું, પણ આપની આજ્ઞાનો ભંગ કરવાને લગારે પસંદ કરતો નથી.

શીરીન—નહિ, આજ્ઞા ભંગ કરવાની આ વાત નથી.

હું—અમ્મા સાહેબ, હું આપના પગની રજ થઇને ફરી શું કરવા નારાજ થાઉં.

શીરીન—(હંસીને) ચાલો ઠીક જીવતા રહો.

હું—બન્દગી.

શીરીન—હવે મારી મરજી છે કે હું તને સ્કુલમાં દાખલ કરાવું.

હું—ખુદા આપને સલામત રાખે, મારૂં દીલ પણ એજ ચાહે છે અને મને ભણવાનો પણ બહુજ શોખ છે.

શીરીન—મારી પણ એજ મરજી છે કે તને બી. એ. સુધી ભણાવું, અને જો જીવતી રહું તો વિલાયત મોકલું. અને પછી કોઇ સારા ઉંચા કુટુમ્બમાં લગન કરી, તારી વહુ લાવું, અને તારાં બચ્ચાંને રમાડી, મારી આંખો ટાઢી કરૂં.

હું—ખુદા આપને કયામત સુધી જીવતા રાખે.

શીરીન—ત્યારે તું કાલેજ સ્કુલમાં દાખલ થઇ જા.

હું—બહુ સારૂં.

શીરીન—આ જો ?

હું—આ તો નોટ છે.

શીરીન—હા, આ હજાર રૂપીઆની નોટ છે.

હું—આના માટે શી આજ્ઞા છે ?

શીરીન—કાલે કારભારીને સાથે લઇને સોદાગર લશકરીખાંના તબેલામાં જા, અને એક સારો ઘોડો ખરીદ કરી લાવ, આશરે પાંચસો રૂપીઆની કીમ્મતનો હશે તો ચાલશે. અને બાકીના રૂપીઆની એક સારી

સુન્દર ડોકકાર્ટ અથવા વીકટોરીઆ અગર તારી મરજીમાં આવે તે ગાડી ખરીદ કરીને મને દેખાડ, ઘોડાનો સુન્દર સામાન પણ લેજે, અને હવેથી દરરોજ તે ગાડીમાં બેસીને શહેરમાં અથવા બીજે કોઇ ઠેકાણે સાંજરે ફરવા જજે, સ્કુલમાં પણ તેજ ગાડીમાં જજે.

આ સાંભળી મારા હર્ષનો પાર રહ્યો નહિ, તેથી મેં તરતજ મારી ફોઇના બન્ને હાથોને ચુમ્બન કરી આંખો પર લગાવી માથા પર મુક્યા, અને ફરી મારા રૂમમાં જઇ મીઠી ઉંઘમાં પડયો. બીજે દીવસે હું અન્જુમન ઇસ્લામ સ્કુલમાં દાખલ થઇ ગયો.

પ્રકરણ સોળમું.

મારી ભલી ફોઇની મહેરબાનીઓ.

હું મારી ભલી ફોઇની મહેરબાનીઓની ક્યાં સુધી પ્રશંસા કરૂં, તેણીએ મારા માટે બંગલાના દીવાનખાનાને ઉંચા ફરનીચરથી શણગારી આપ્યો, અને દર મહિને પચીસ રૂપીઆ ખીસા ખરચ માટે મુકરર કર્યા. મારા માટે ઉંચામાં ઉંચા ડ્રેસ તૈયાર કરાવ્યા. સ્કુલમાં ભણવા મોકલ્યો, એક બી. એ. મુસલમાન માસ્તર માત્ર મને ભણાવવા માટે રાખ્યો. ધાર્મીક શિક્ષણના માટે એક મોલવી સાહેબને નોકર રાખ્યા. ટુંકમાં એ દીન પ્રતિદીન મારા પર વધુને વધુ મહેરબાનીઓ કરવા લાગી.

એક દિવસે હું સ્કુલમાંથી પાંચ વાગે આવ્યો, ત્યારે મારી ફોઇ એક લોખન્ડની ત્રીજોરી ઉઘાડીને બેઠી હતી, અને તે વખતે તેણી બહુજ આનંદી લાગતી હતી. દરરોજ મારો નિયમ હતો કે હું સ્કુલમાંથી આવી સૌથી પહેલાં મારી ફોઇના રૂમમાં જઇને તેણીને સલામ કરતો, અને ત્યાંજ બેસીને તેણીની સાથે ચા બીસ્કુટ લેતો હતો. જ્યારે હું સ્કુલમાંથી આવ્યો, અને ફોઇને સલામ કરી પાસે પડેલી કુરસીપર બેસી ચાહ પીવા લાગ્યો, ત્યારે મારી ફોઇએ મને કહ્યું કે—નસીર, હું તને એક વસ્તુ દેખાડું, મેં કહ્યું જી હા, દેખાડો.

મારી ફોઇએ ત્રીજોરીમાંથી એક પીત્તળની નાહની પેટી કહાડી, અને પીત્તળનીજ ચાવીથી તેને ઉઘાડી, તો જણાયું કે તેમાં હીરા મોતી

અને જડાવની જણુસો મુકેલી છે. મારી ફોઇએ એક પછી એક જણુસ બહાર કાઢી અને તેમાંથી એક ચંપાકળી મને દેખાડી. જેમાં ફરતા બધા હીરા જડેલા હતા. પછી એક મોતીની માળા દેખાડી, જેમાં ફરતા લીલમ અને પોખરાજ મોતીઓની વચમાં રાખેલાં હતાં, આ જોઇ મારી આંખો ઉઘડી ગઇ, અને મને તે વખતે જણાયું કે મારી ફોઇ ખરેખર બહુ મહોટી પૈસાદાર છે. મારી ફોઇએ મને જણુસો દેખાડીને કહ્યું.

શીરીન—તું જાણે છે કે આ જણુસો કોની છે?

હું—હા! મારી ફોઇ સાહેબાની.

શીરીન—(નિશ્વાસ નાંખીને) પહેલાં હતી હવે નહિ.

હું—ત્યારે હવે કોની છે?

શીરીન—તું કહે જોઇએ?

હું—મારી સમજમાં તો એજ આવે છે કે આપની છે.

શીરીન—નહિ, હવે મારી નથી.

હું—શું, ત્યારે કોઇએ અમાનત મુકી છે?

શીરીન—હા, હવે આ એક માણુસની અમાનત છે.

હું—એમ કે!

શીરીન—પણુ તું બતાવ, કે આ કોની છે?

હું—હું કાંઈ ઇલ્મે ગેબ તો ભણેલો નથી કે બતાવું.

શીરીન—તો પણુ તારી બુદ્ધિ શું કહે છે?

હું—કોઇ વેપારીની હશે.

શીરીન—નહિ દીકરા, આ જણુસો તારી વહુની છે.

હું—(શરમાઇને) તો ફરી અમાનત કેવી રીતે?

શીરીન—હવે આ જણુસો મારા માટે હરામ છે, મેં તેણીના માટેજ રાખી છે.

હું—ફોઇ સાહેબા! આપ પણુ વિચીત્ર છો, ખુદા આપને સલામત રાખે.

શીરીન—દીકરા! આ જણુસો આજ ત્રીસ વરસથી મારા પર હરામ થઇ ચુકેલી છે, જ્યારથી તારા ફુવા મરણુ પામ્યા છે, ત્યારથી મેં હાથ વટિક પણુ લગાડ્યો નથી. પહેલાં એવો વિચાર થયો હતો કે આ

જણસોને વેચી નાંખું, પણ હવે તો તારી વહુના નામની કરીને રાખી છે, ખુદા તેને પહેરવા નસીબ કરે.

રહેમત—(રૂમમાં આવીને) ખુદા તે રૂડો દીવસ બહુજ જલદી લાવે કે તમે પોતાના હાથે મારા નસીરની વહુને પહેરાવો.

શીરીન—આમીન !

રહેમત—સુમ્મા આમીન.

શીરીન—હવે તો મારી એકજ આશા છે કે નસીરના દીકરાને રમાડું.

રહેમત—શું મોટી વાત છે, ખુદા ચાહે તો કાલે કરે.

શીરીન—(નિશ્વાસ નાંખી) જે ભાગ્યમાં હશે તે ખરૂં.

રહેમત—ખુદાથી આશા રાખવી જોઇએ.

શીરીન—ખરૂં છે. જગત પણ આશાના લીધેજ છે.

હું આ સાંભળીને શરમના લીધે ત્યાંથી ઉઠીને મારી રૂમમાં ચાલ્યો ગયો. ખરેખર મરહુમો મગફુર શાયર ઝોક સાહેબે સત્ય કહ્યું છે કે,

ગુઝરતી ઉમ્ર હે યું દારે આસમાની મેં
સવાર જયસે કે હોં કશતીએ દુખાની મેં

મને મારી ફોઇને ત્યાં રહેતાં આઠ વરસ ગુજરી ગયાં, પણ મને તો તે માત્ર આઠ દીવસજ લાગ્યાં, મને આઠ વરસમાં એટલીએ ખબર ન પડી કે સુરજ કયાંથી ઉગે છે, અને કયાં અસ્ત પામે છે. પરંતુ દુનિયામાં મોહટા મોહટા ફેરફારો થઇ ગયાં, બીચારી મારી ખેરખ્વાહ અને ભલી ડોસી રહેમતને સ્વર્ગવાસ થયે એક વરસ ગુજરી ગયો, મારી ફોઈ પણ ઘણી વૃદ્ધ થઇ ગઇ હતી. પ્રથમ ચશ્મા લગાવીને વાંચતી અને કાંઇક સીવી લેતી, પણ હવે આંખો નકામી થઇ ગઇ હતી. એટલે સુધી કે જ્યાં સુધી આવનાર બોલે નહીં અને તેનો સાદ સંભળાય નહીં ત્યાં સુધી ઓળખી શકતી નહોતી.

હું મેટ્રીકમાં ફતેહમન્દીથી પસાર થઇ ગયો, મને ભણત્રા ઉપર પુરેપુરી પ્રીતિ હોવાથી ધાર્મીક શિક્ષણ પણ લગભગ પુરૂં થઇ ગયું હતું, મને ખાનગી રીતે ભણાવનાર પણ બહુ મહેનતુ હોવાથી હું થોડીજ મુદતમાં મેટ્રીક થઇ ગયો. હું મેટ્રીકમાં પાસ થયો, તેની ખબર જ્યારે મારી ફોઇને થઇ, ત્યારે તેણીની ખુશાલીનો પાર રહ્યો નહિ, તેણીએ શાહેરમાં સર્વે

ઠેકાણે સાકર વહેંચી અને ગરીબોને લુગડાં તથા અનાજ આપ્યું, એક દિવસે મારી ફોઈ સાથે નીચે પ્રમાણે વાતચીત થઈ.

શીરીન—દીકરા નસીર, જો તારી મરજી હોય તો હું તારૂં લગ્ન કરી આપું.

હું—આપે તો તે દીવસે ફરમાવ્યું હતું કે તું બી. એ. પાસ કરી લઇશ, ત્યારે તારૂં લગ્ન કરીશ.

શીરીન—પ્રથમ મારો વિચાર એમજ હતો પણ.

હું—પણ શું ?

શીરીન—હવે હું વૃદ્ધ થઇ ગઇ, શરીરના દરેક અવયવો જવાબ આપવા લાગ્યા, શક્તિ ઓછી થવા માંડી, હવે મને આશા નથી કે હું થોડા ઘણા વરસો કાઢું, તેથી હું તારા લગ્નની આશા મનમાં ન લઇ જાઉં એ બીક રહે છે.

હું—નહિ અમ્મા ! ખુદા આપને સલામત રાખે, હમણા તો આપ પુરા તન્દુરસ્ત અને મજબુત છો.

શીરીન—દીકરા ! મરતાં કાંઇ વાર લાગે છે, જીન્દગીનો ભરૂસો નથી. માણસ પાણીના પરપોટા સમાન છે, જો ને, બાપડી રહેમત, સારી તન્દુરસ્ત માત્ર બે દીવસનીજ બીમારીમાં મરી ગઇ.

હું—હશે, અમ્મા, આપ આવી વાત ન કરો, ખુદા આપને ઓછામાં ઓછા તો પચીસ ત્રીસ વરસ સલામત રાખે.

શીરીન—ઓહોહો, પચીસ ત્રીસ વરસ ! હું જીવીને શું કરીશ. આંખો જવાની તૈયારીમાં છે, કાનો પણ તેનો સાથ આપશે એમ જણાય છે. હાથ પગ તો પહેલાંથીજ જઇ ચુકયાં છે, હવે તો ખુદા હાલતાં ચાલતાં ઉપાડી લે તે સારૂં.

હું—હું તો એજ કહીશ કે આપ સેંકડો વરસ સુધી સલામત રહો.

શીરીન—એ તો ઠીક, પણ તું લગ્ન માટે શું કહે છે ?

હું—આપ કહો છો તેથી હું આપને નારાજ કરવા માંગતો નથી, પણ મને એક વરસની મુદત આપો તો ઠીક, કેમકે ત્યાં સુધી હું પ્રીવીયસ પાસ કરીને ઇન્ટરમાં દાખલ થઇ જઇશ. ફરી જેવી આપની મરજી.

શીરીન—સારૂં દીકરા, ત્યારે એ તો હું પણ જાણું છું કે માણસ લગ્ન કર્યા પછી વધુ ભણી શકતો નથી.

પ્રકરણ સત્તરમું.

એ તે મારી ફોઇ કે મારી ઓરમાન મા?

એક દિવસે રાતની વખતે હું મારા રૂમમાં બેસીને એક પુસ્તક વાંચી રહ્યો હતો, તેવામાં ગુલચમને બહારથી બારણું ખટખટાવ્યું. હું સાદ સાંભળીને ઉઠયો, અને બારણું ઉઘાડી પુછ્યું કે કેમ શું છે? તેણીએ જવાબ આપ્યો કે, ચાલો આપને બેગમ સાહેબ બોલાવે છે, આ સાંભળી હું તરતજ ટોપી પહેરીને તેની સાથે મારા ફોઇના રૂમમાં આવ્યો, અને સલામ કરીને ફોઇની પાસે બેસી ગયો. આ વખતે મારી ફોઇ કાશ્મીરી સાલ ઓઢીને બેઠી હતી, અને પીકદાનની તરફ જોઇ રહી હતી. મેં પાસે બેસીને મારી ફોઇને કહ્યું.

હું—અત્યારે સેવકને કેમ યાદ કર્યો?

શીરીન—નસીર? મને અત્યારે ખાંસીની સાથે ગલફામાં લોહી પડયું છે.

હું—લોહી શાનું, થુંકની સાથે પાનની લાલાશ હશે.

શીરીન—નહિ, દીકરા! મેં તો આજ સવારથી પાન ખાધુંજ નથી.

હું—શું સાચું?

શીરીન—જોઇ લેને આ પીકદાન રહ્યો.

મેં પીકદાન લઇને જોયું, તો ખરેખર તેમાં લોહી પડેલું હતું.

શીરીન—ગુલચમન! જા જઇને સુઇ રહે?

ગુલચમન—બેગમ સાહેબ, આજે પગ દબાવવા નથી.

શીરીન—પગ દબાવવા હશે, તો બોલાવી લઇશ.

હું—(ગુલચમનના જવા પછી) કાંઇ ચિન્તા જેવું નથી, એ તો અમસ્થા પડયું હશે.

શીરીન—નહિ, ગરમીથી કે કોઇ બીજા કારણથી નહીં પણ હવે સ્થીતિ ભયંકર થઇ ગઇ છે.

હું—(ગભરાઇને પણ હીમ્મત રાખી) નહિ, નહિ, એ તો હમણાં બંધ પડી જશે.

શીરીન—બંધ પડવું હશે તો પડશે, પણ જોઉં બતાવ કે હું કોણ છું ?

હું—(આશ્ચર્ય પામીને) આપ મારા ફોઇ છો.

શીરીન—ફોઇ કોને કહે છે ?

હું—(વધારે આશ્ચર્ય પામીને) ફોઇ એટલે મારા પીતાની બ્હેન.

શીરીન—તારો બાપ કોણ હતો ?

આ સવાલથી તો હું સમજ્યો કે ખરેખર આજે ડોસી ગાંડી થઇ ગઇ છે, તો પણ મેં કહ્યું.

હું—શમસુદ્દીન.

શીરીન—હું શમસુદ્દીનની બ્હેન નથી.

હું—તો શું, આપ મારાં ફોઇ નથી ?

શીરીન—નહિ, દીકરા હું તારી ફોઇ નથી.

હું—તો શું, આ વાત માનવામાં આવે છે કે આપ કાંઇ પણ સગાઇ વિના એક મારા જેવા અજાણ્યાપર આટલી બધી મહેરબાનીઓ કરી ચુકયા છો ?

શીરીન—તું અજાણ્યો પણ નથી.

હું—માજી, જરા સાફ સાફ કહો, નહિ તો હું જરૂર ગાંડો થઇ જઇશ.

શીરીન—સાંભળ, નસીરૂદ્દીન, અત્યારે હું તને એક આશ્ચર્યમાં નાંખનાર વાત સંભળાવું છું, પણ આ કુરઆને મજીદ છે, તે પર હાથ મુકીને પહેલાં સોગન ખા, કે જ્યાં સુધી હું જીવતી રહું, ત્યાં સુધી આ વાત કોઇ બીજાના કાન સુધી ન પહોંચે. હા ! મારા મરણ પછી તને પરવાનગી છે. જો આ એક મોહટો ભેદ છે.

હું—(કુરઆને મજીદ પર હાથ મુકીને) હું આ પવિત્ર કુરઆને મજીદ પર હાથ મુકીને કહું છું કે જ્યાં સુધી આપના જીવમાં જીવ છે, ત્યાં સુધી આ ભેદ કોઇને પણ કહીશ નહિ. જો કદાચ હું મારા કરારમાં પુરો ન ઉતરૂં તો કુરઆને મજીદ જે બંને જહાનમાં મુક્તિ અપાવનાર છે, તે મને નર્કમાં નંખાવે, અને મારી આકેબત ખરાબ કરે.

શીરીન—બસ, હવે મને ભરૂસો આવી ગયો.

હું—ત્યારે હવે ફરમાવો.

શીરીન—જો સાંભળ, હું શમસુદ્દીનની બ્હેન નહિ, પણ વહુ છું.

હું—ઓ ખુદા........કોઇ સાહેબા........શું કહો છો?

શીરીન—ગભરા ના, હું તારી ઓરમાન મા છું.

હું—આપ મારી ઓરમાન મા........

શીરીન—બેશક, હું તારી ઓરમાન મા છું.

હું—ઓ ખુદા! હું જાગું છું કે સ્વપ્ન જોઇ રહ્યો છું.

શીરીન—તું જાગે છે.

હું—ઓ અમ્મા! સાચું કહો, આ શું ભેદ છે?

શીરીન—સાંભળ, હું તારા બાપની પહેલી વહુ છું. તેઓ મને ઘોડા પર ચઢીને ધુમધામની સાથે પરણી લઇ ગયા હતા. લગ્ન થયું ત્યારે મારી વય દસ વરસની અને તારા બાપની વય અગ્યાર વરસની હતી. ચાલીસ પીસતાલીસ વરસની વય સુધી અમારાં બન્નેની જીન્દગી બહુજ સુખ અને આરામમાં ગુજરી. અમારાં બંનેનું અસલ વતન સુરત છે. એક દીવસની વાત છે કે હું અને તારો બાપ બેસીને વાતો કરી રહ્યા હતા, તારા બાપાએ વાતો વાતોમાં મને કહ્યું કે આ દુનિયામાં આવીને હું તો નીરાશજ રહ્યો, કેમકે જીન્દગીના સુંદર બગીચામાં અગર કોઇ સુંદર ફુલ છે તો તે સંતતી છે, પણ અફસોસ, કે તે ભાગ્યમાં નથી, જો કદાચ તમોને ખોટું ન લાગે, તો હું માત્ર પુત્રના માટે બીજું લગ્ન કરૂં. આ વાત મને તીરના પેઠે લાગી, અને તે ઉપરથી તારા બાપની સાથે મારી લડાઇ થઇ ગઇ, હું ન્હાનપણથીજ ભુંડા તથા ઉતાવળા સ્વભાવની હતી, તે વખતે મારા માથાપર ભુત ચડેલો હતો, તેથી મેં ગુસ્સામાં આવીને કહ્યું કે, સાંભળ, ઓ શમસુદ્દીન! આજથી હું તને મારો ભાઇ સમજું છું, માટે હવેથી તું મારી સાથે રહે, તો મરદ નહિ પણ........છે, અગર તને તારી દાઢીનો લગારે પાસ હોય તો જા, બીજું લગ્ન કર, અને મને પોતાની બ્હેન સમજ, તારો બાપ બહુજ નરમ સ્વભાવનો અને સાદો હતો, પરન્તુ મારા આ વેણોના સબબે તેને પણ ક્રોધ ચઢી ગયો, અને એકદમ ઉભા

થઇ કહ્યું કે જા, હું પણ આજથી તને મારી બ્હેન સમજું છું, અગર આજથી હું તારી સાથે રહું તો જાણે મારી પોતાની બ્હેનની સાથે રહ્યો. આટલું કહી તે એકદમ ઘરની બહાર ચાલ્યો ગયો, ઘરની અંદર તારા બાપ-દાદાની મહેનતના કમાયલા હીરા જવાહેરાતના દાગીના અને લાખો રૂપીયા પડેલા હતા, પણ તારા નેક બાપે તે મીલકત તરફ ફરીને એક નજર વટિક પણ કરી નહિ, તે વખતે હું પણ ક્રોધમાં ભરાયલી બેઠી હતી, તેથી તેને જતો અટકાવ્યો નહિ, જ્યારે તારો બાપ એક મહીના સુધી પાછો ન આવ્યો, ત્યારે મને ચીન્તા પેદા થઇ. મેં જુદા જુદા પેપરોમાં જાહેર ખબરો છપાવી, અને સરકારમાં ખબર આપી. પરંતુ કયાંયે પત્તો લાગ્યો નહિ. છેવટે મેં આ સમજીને મારા જીવને વાળ્યો કે તે કુવા કે નદીમાં ડુબીને મરણ પામ્યો હશે. તારા બાપને ગુમ થયે બે વરસ ગુજરી ગયા હતા. એક દીવસે મારી પાડોસણ મુંબઇથી આવી, તો તેણીએ મને કહ્યું કે, બ્હેન મેં તમારા ખાવીન્દને ભીંડી બજારમાં ટોપીઓની દુકાન ઉપર બેઠેલાં જોયાં. આ સાંભળી મને તારા બાપથી મળવાની ઉત્કન્ઠા થઇ, તેથી હું તરતજ મુંબઇ ગઇ, અને પાડોસણે બતાવેલા ઠેકાણે ભીંડી બજારમાં તારા બાપને જોયો, અને ટોપીઓ ખરીદવાના બહાનાથી ઘેર બોલાવ્યો. જ્યારે મારા મકાનપર તારો બાપ આવ્યો, ત્યારે હું તેની સામે ગઇ, તો તેણે કહ્યું કે પુરૂષો જે વચન બોલે છે તે પાળે છે, માટે હવે તમે મારા બ્હેન છો, અને તમને પણ એજ શોભે છે કે તમે મને પોતાનો ભાઇ સમજો, કેમકે હવે મેં લગન કરી લીધું છે, લગનનું સાંભળતાંજ હું પાછી આગ થઇ ગઇ, અને લાખો ગાળો તે નેક માણસને આપી, તે બીચારાએ મારી ગાળોની લગારે પરવા કરી નહિ, અને તરતજ ત્યાંથી ચાલ્યો ગયો. તે પછી એક દીવસે હું તારી માને જોવા માટે તારા બાપને ઘેર ગઇ, અને તારી માની આગળ પોતાને નણંદ જાહેર કરી. તું હવે મ્હોટો થયો છે, તેથી સમજી શકીશ કે તારી માને જોઇ મારા મનમાં કેટલી બધી અદેખાઇ આવી હશે, અને મનમાં કેવા કેવા વિચારો આવ્યા હશે. શોકયનું સાલ બહુજ ખરાબ હોય છે, જો કદાચ તે વખતે મારૂં ચાલત તો કોણ જાણે નાદાનીમાં હું શું ને શું કરી નાંખત. તારા ઘેરથી લોહીના ઘુંટડા પીતી હું પાછી મારે ઘેર આવી. આખી જીન્દગી મુંબઇમાં પોતાનું શમસુદ્દીનની વિધવા બ્હેન જાહેર કરીને ગુજારી, અને કોઇ દીવસે પણ તારા બાપની રૂબરૂ ગઇ નહિ, જ્યારે મેં તારા બાપના મરવાની અને તારી મા ગર્ભવન્તી છે, એવી ખબર સાંભળી, ત્યારે એક દીવસે તારી માની પાસે

ગઇ, અને કહી આવી કે જો તને છોકરી થશે તો તેનું પાલણ પોષણ મારા માથે છે, અને જો છોકરો થયો, તો તું જાણે અને તારૂં કામ. છોકરાના નામથી મને એટલા માટે સુગ હતી કે છોકરાના માટેજ મારો પ્યારો ખાવીન્દ, મારો નેક ખાવીન્દ, મારો કમાઉ ખાવીન્દ મારાથી સદાને માટે જુદો થયો.

મેં જોયું કે મારી ફોઇની (હવે હું મારી ફોઇને ફોઇ કહું કે મા!) આંખોમાં આંસુ ભરાઇ આવ્યા, અને જો કે તે એવી દમામદાર સ્ત્રી હતી કે તેની આગળ હજારો નવજવાન પાણી ભરે છે. તો પણ આટલી મ્હોટી વય થએલી છતાં છેલ્લું વાક્ય બોલતાં બોલતાં રડી પડી, અને એક આઠ વરસના બાળકની પેઠે રડવા લાગી. મેં પ્રથમ તો તેને રોવા દીધી, પણ જ્યારે તેના આંસુઓ ઓછાં થયાં ત્યારે મેં કહ્યું. હાં, મા ફરી શું થયું?

શીરીન—ફરી મને ખબર મળી કે તું જન્મ્યો, તારો જન્મ પણ મને દુઃખ આપનાર હતો, કેમકે તું મારી શોક્યનો છોકરો હતો, અને હું તારી માને ધીક્કારની નજરથી જોતી હતી.

હું—ફરી શું થયું?

શીરીન—ફરી એક દીવસે તારી મા તને લઇને મારી પાસે મારે ઘેર આવી. તે વખતે તું બહુજ નહાનો હતો, જાણ્યામાં અઢી ત્રણ વરસનો હઇશ, તેથી તે વાતની તને ખબર નહિ હોય. તને લઇને તારી માનું મારે ત્યાં આવવું મને બહુજ દુઃખ ઉપજાવનાર થયું, તેથી હું તેને આદર સત્કાર આપવાના બદલામાં અને તને પ્યાર કરવાના બદલામાં તે મરહુમને ગાળો દેવા મંડી ગઇ. હાય, મેં તે મરનારીને એવા તો ધીક્કારની સાથે ધુતકારી કાઢી કે જ્યારે યાદ આવે છે ત્યારે છાતી પર સાંપ લોટે છે. હાય, શી ખબર હતી કે તે જલ્દીથી મરી જશે. હાય, મને શી ખબર હતી કે તે એક પાપીના પંજામાં ફંસાઇ પડશે, અને તેના સબબે તને પણ દુઃખ ઉઠાવવાનો વખત આવશે. હાય, જો કદાચ મને આજની ખબર હોત તો હું તારી માને અને તને તેજ વખતે કલેજાથી ચાંપી લેત, અને પછી મરતાં દમ સુધી પણ જુદી થવા ન દેત. પરંતુ શું કરૂં ભાગ્યનું લખેલું મટતું નથી.

હું—ફરી શું થયું?

શીરીન—બસ, મેં તારી માને ઉભી ને ઉભી કાઢી મુકી, અને તે બાપડી રોતી રોતી દુટેલા દીલે પાછી ચાલી ગઇ. હાય, શોકયના જલાપાનું ખાનાખરાબ થજો, તે બીચારીના આવવાથી મને એટલું તો ખરાબ લાગ્યું, કે મેં મારૂં મુંબઇનું એટલે વાંદરાનું મકાન વેચી નાંખ્યું, અને ત્યાંથી અમદાવાદ ચાલી આવી. મારા આવ્યા પછી તારા પર જે જે ગુજરી તેથી તુ પોતે સારી પેઠે જાણીતો થએલો છે, અને જે વાતોની તને જાણ નહોતી થઇ, તે અલ્લાહ બખશે રહેમતે કહી સંભળાવી છે.

જ્યારે મેં આ વર્ણન સાંભળ્યું, ત્યારે મારૂં દીલ ભરાઇ આવ્યું, અને હું મારી ગરીબ અભાગ્યણી માને યાદ કરી રોવા લાગ્યો.

પ્રકરણ અઢારમું.

મારી ઓરમાન માનો સ્વર્ગવાસ.

તે દીવસ પછી મારી ઓરમાન માનું શરીર વધુ ને વધુ લથડતું ગયું, અને દરરોજ ખાંસીની સાથે લોહીના ગલફા પડવા લાગ્યા. તાવ પણ રહેતો હતો, પાચન શક્તિ પણ બગડી ગઇ હતી, બીજે ત્રીજે કમતાકતીના સબબે બેશુદ્ધિ પણ થઇ જતી હતી, મેં શહેરના તમામ નહાના મ્હોટા હકીમ, ડોકટરો અને વૈદ્યોને બોલાવ્યા, અને દવાઓ કરી, પણ એકેની દવાએ ફાયદો પહોંચાડયો નાહ, તેથી છેવટે થાકીને વડોદરા રાજ્યના પ્રખ્યાત શાહી હકીમ છોટે સાહેબને તાર કરીને બોલાવ્યા. હકીમ સાહેબ બીજે દીવસે સવારમાં આવી પોંહચ્યા, તેઓએ મારી ઓરમાન માની હીકમતની રૂએ પુરેપુરી તપાસ કરી, મને કહ્યું કે હવે આ બીમાર બચી શકશે નહિ, કેમકે કમતાકતીના સબબે બીમારીએ પોતાનો પુરો કાબુ બેસાડી દીધો છે, અને વળી અવસ્થા પણ થઇ છે, તેથી તમારે જે કાંઇ બન્દોબસ્ત કરવો હોય તે કરી લેજો. હું ઇલાજ તો કરૂં છું, પણ ફાયદો કરવો ન કરવો ખુદાના હાથ છે.

હકીમ સાહેબે બે દીવસમાં હજારો દવાઓ કરી, પણ એકે કારગર થઇ નહિ, તેથી મારી ઓરમાન મા પણ સમજી ગઇ કે હવે હું દુનિયામાં

વધુ વાર રહેનાર નથી. આખેરાતની સફર મારે કરવીજ પડશે. તેથી એક દીવસે સવારે મને પોતાની પાસે બોલાવીને કહ્યું.

શીરીન—દીકરા ! નસીરૂદ્દીન.

હું—જી હા, અમ્મા જાન.

શીરીન—દીકરા, હું તારાથી હવે જુદી પડું છું.

હું—માજી, આવું ન બોલો. મને કંઇને કંઇ થઇ જાય છે,

શીરીન—દીકરા, ખરૂં કહું છું, જો હુશીયાર રહેજે, અને કોઇ પણ રીતે ગભરાતો ના.

હું—ખુદા તમને બહુજ જલ્દી તન્દુરસ્ત કરી દેશે.

શીરીન—હવે હું તન્દુરસ્ત થઇ ચુકી, જ્યારે છોટે સાહેબ જેવા નામવર હકીમની દવાએ અસર ન કર્યો, તો પછી થઇ ચુક્યું.

હું—અમ્મા જાન, ખુદા આપને તન્દુરસ્ત કરી દેશે.

શીરીન—જો દીકરા, હું તન્દુરસ્ત થઇ તો એ શું ? અને ન થઇ તો એ શું ? પણ તું આરામથી રહેજે, તેં મારી જે સાચા દીલે સેવા ચાકરી કરી છે, તેનો બદલો ખુદા તને આપશે. હું તારાથી બહુ ખુશ થઇને મરીશ.

હું—મેં જેવી જોઇએ તેવી આપની ચાકરી કરી નથી, મારાથી બહુ વખતે આપની આજ્ઞાઓનું ઉલ્લંઘન થઇ ગયું હશે. તે માફ કરજો.

શીરીન—નહિ, તેં મને પુરેપુરી સંતોષી છે, ખુદા તારૂં ભલું કરે, તારૂં ભાગ્ય ખીલવે, પણ હાય, દીકરા ! મારા દીલમાં એક આશા લઇને જાઉં છું.

હું—તે કઇ ?

શીરીન—મેં તારા લગ્નનો લ્હાવો લીધો નહિ, હાય, જો હું તારા બચ્ચાંઓને જોઇ લેતી, તો ફરી એક આશા મારી બાકી રહેલી ન હોત. ખેર, જે થયું તે થયું, ને જે થવાનું હશે તે થશે. શુકર છે, પરવરદગારના કે તેણે આખી જીન્દગી આરામ આપ્યો, અને મરતી વખતે તારા જેવા તાબેદાર છોકરાને મોકલ્યો.

હું—માજી, તમે નિરાશ શું કરવા બનો છો.

શીરીન—આ લે, પેટીઓની કુંચીઓ.

હું—નહિ, હું નહિ લઉં, આપ તન્દુરસ્ત છો, આપની પાસેજ રાખો.

શીરીન—દીકરા ! હું તને જે કાંઇ કહું તે કર, મારી વાતને ન કાપ.

હું—જેવી આપની આજ્ઞા.

શીરીન—હું મોતના માટે હર વખતે તૈયાર છું, તેથી મેં એક વસીયત લખીને આ લોખંડની ત્રીજોરીમાં મુકી છે, તે મારા મરણ બાદ તું તરતજ વાંચજે, અને તે ઉપર અમલ કરી મારા આત્માને શાન્ત કરજે. જો કદાચ તું મારી વસીયત પર અમલ નહિ કરે તો હું હશ્રના મેદાનમાં તારો દામન પકડીશ.

હું—માજી, આવું શું ફરમાવો છો. હું હર વખત આપની આજ્ઞા પ્રમાણે ચાલવા તૈયાર છું. હું તો આપની માત્ર આજ્ઞાનીજ વાટ જોઉં છું.

શીરીન—મને પણ તારાથી પુરેપુરી આશા છે કે તું મારી વસીયત પર અમલ કરી, મારા આત્માને ખુશ કરીશ.

હું—મેં અત્યાર સુધી આપની તે વસીયત જોઇ નથી, અને તેમાં આપની શી આજ્ઞા છે, તે પણ જાણતો નથી, તો પણ હું પરવર દિગારના સોગન ખાઇને કહું છું કે હું આપની આજ્ઞા પ્રમાણેજ કરીશ.

શીરીન—બસ, હવે મને ખાત્રી થઇ ગઇ.

હું—હવે બીજો કોઇ હુકમ ?

શીરીન—નહિ, જે કાંઇ મારી વસીયતો છે, તે બધી વસીયતનામામાં લખેલી છે, માટે અત્યારે મારે કાંઇ વધુ કહેવાની જરૂર નથી.

હું—જો આપ હુકમ કરો તો હું મુંબઇ તાર કરીને મહોટા ડોકટરને બોલાવું.

શીરીન—નહિ, દીકરા ! વડોદરાવાળા હકીમ છોટે સાહેબ જેવા લુકમાને સાની હકીમે ઇલાજ કર્યો ને કાંઇ ફાયદો ન થયો તો હવે મહોટા ડાકટર આવીને શું કરશે. હવે મારી જીન્દગી આખર થવા આવી છે, તેથી મહોટામાં મહોટા હકીમ કે ડોકટરનો ઇલાજ કારગર નહિ થાય.

હું—માજી, આપ નિરાશ ન બનો, જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી આશ છે.

શીરીન—દીકરા ! હું મારી હાલત સારી પેઠે સમજી શકું છું, માટે આ સર્વે ફોગટ ફાંફાં છે. મારામાં જે અત્યારે જરા શક્તિ આવેલી લાગે છે તે પેલા દીવાની પેઠે છે કે જે હોલવાઇ જવાની તૈયારી વખતે જરા વધારે પ્રકાશ આપી, અંધારામાં પોતાનો પ્રકાશ મેળવી દે છે.

હું—(રડીને) નહિ એમ નથી, હાય.

શીરીન—દીકરા રડ નહિ, આ રસ્તો તો બધાને માટે છે. જા જરા ગુલચમનને બોલાવી લાવ.

ગુલચમન—બેગમ સાહેબ, હું તો આપની પાસેજ બેઠેલી છું.

શીરીન—તેં મારી બહુજ સેવા ચાકરી કરી છે, તેથી તારાથી હું બહુજ ખુશ થઇ છું. ખુદા તને નેક, કમાઉ અને સારો ખાવીંદ આપે. તું બહુજ નેક અને સારી છોકરી છે.

ગુલચમન—(રડીને) બેગમ સાહેબ, હું આપ પર કુરબાન જાઉં, મને પણ પોતાની સાથેજ લેતા જાવ. હું કોના આધારે રહીશ. હાય, હવે હું નિરાધાર થઇ જઇશ.

શીરીન—તું લગારે ચીન્તા ન કર, અલ્લાહનો આધાર રાખ, તેજ તારી આશાઓ પુર્ણ કરશે. નસીર ! જરા સુરએ યાસીન પઢીને સંભળાવ.

મેં ધીમે ધીમે સુરએ યાસીન પઢવી શરૂ કરી, જે પહેલાંથી છેલ્લા સુધી મારી ઓરમાન માએ બહુજ શાંન્તપણે સાંભળી, અને જ્યારે તે પુર્ણ થઇ ત્યારે મને પાસે બોલાવીને કહ્યું કે દીકરા ! મારા મુખમાં જરા મધનો શરબત બનાવીને નાંખ. મેં તરતજ બે ચમચા શરબત મારી માના મુખમાં નાંખ્યાં. તે પછી મારી માએ કહ્યું.

શીરીન—આ દીકરા નસીર ! મારી બાથમાં આવી જા, હું તને ગળે લગાડીને છેવટનો પ્યાર કરી લઉં.

હું આ સાંભળીને મારી મરણ પથારીએ પડેલી માના ગળે વળગી પડયો, અને રડવા લાગ્યો. તે જોઇ મારી માએ કહ્યું.

શીરીન—ખુદા તને ઇમાનની સલામતી આપે, તું દુનિયામાં સદા સુખી રહે, અને તારી આશાઓનો બગીચો સદા ફુલતો ફલતો રહે. દીકરા ! હવે તું મારા માથા આગળ બેસી જા, ગુલચમન ક્યાં છે ?

હું—ગુલચમન ! માજી, તને બોલાવે છે.

શીરીન—(ગુલચમન) દીકરી, આ તું પણ મારાથી મળી લે.

ગુલચમન આ સાંભળીને મારી માના ગળે વળગી પડી, અને મોટેથી પોક મુકીને રડવા લાગી. મારી મા તેને દીલાસો આપીને પોતાના બંને હાથ આકાશ તરફ ઉઠાવી દોઆ માંગવા લાગી.

શીરીન—ઓ પરવરદિગાર ! હવે હું દુનિયાથી કુચ કરવાની તૈયારીમાં છું, તું મારા ઇમાનને મારી સાથે રાખજે. ઓ દોજહાનના માલેક ! મેં આ જગતમાં આવીને અનેક પાપો કર્યાં છે, ઘણાંઓના દીલ દુખાવ્યા છે, હજારોને સતાવ્યા છે, તે તું ક્ષમા કર, હું મારા સાચા દીલથી તોબા કરૂં છું, ઓ કયામતના પાદશાહ ! તું મને તારા હબીબના સાયા તળે રાખ, અને મારા ગુનાહો પર પરદો નાંખ. ઓ ખુદા મને માફ કર, માફ કર, હું ગુનેહગાર છું. ઓ અલ્લાહ, અત્યારે આ તારા બન્ને સેવકો નસીરૂદ્દીન અને ગુલચમન જેઓ મારી પાસે ઉભેલા છે, તેઓને તારા સાયા તળે રાખ અને મારા પાપો માફ કર.

ગુલચમન—આમીન.

શીરીન—કલમો ભણો, લાએલાહા ઇલલલ્લાહ મોહમ્મદુર રસુલિલ્લાહ.

હું—લાએલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસુલિલ્લાહ.

ગુલચમને પણ કલમો ભણ્યો. અને ફરી બીજીવાર કલમો ભણતાં ભણતાં મારી ઓરમાન માને એક આંચકી આવી, અને તે સદાને માટે આ જગતમાંથી કુચ કરી ગઇ.

પ્રકરણ ઓગણીસમું.

મારા સુખી દીવસો.

મારી ઓરમાન માના સ્વર્ગવાસની ખબર જેમ જેમ શહેરમાં ફેલાતી ગઇ, તેમ તેમ લોકોના ટોળેટોળાં આવતાં ગયાં, થોડી વારમાં તો બંગલાની બહાર પાંચસો સાતસો માણસોની ભીડ જામી ગઇ. કોઇ તો મરહુમની સાદાઇની પ્રશંસા કરતાં, અને કોઇ તેની દર્યા દીલીની વાતો કરતા હતા. ગરીબ લોકો તેની સખાવતના ગુણ ગાતા, તો નોકરો તેની મહેરબાનીયો યાદ કરી આંસુઓ કાઢતા હતા. મને મારી માના સ્વર્ગવાસથી એટલો બધો રંજ થયો કે હું બંગલામાં એક કુરસી ઉપર બેહોશીની હાલતમાં સ્તબ્ધ પુતળાની પેઠે બેસી રહ્યો હતો. એવામાં ગુલચમનના આવવાથી હું લગાર હુશીઆર થયો. તેણી બીચારી પણ ચોધાર આંસુએ રડતી હતી, હું તરતજ મારી માની મરતી વખતની વસીયત યાદ આવી જવાથી ત્રીજોરીની પાસે ગયો, અને તેને ઉઘાડી તો તેમાંથી એક વીલ નીકળ્યું. જેના ઉપર મોહટા અક્ષરે " આ વીલ મારા વ્હાલા દીકરા નસીરૂદ્દીનને મળે " એમ લખેલું હતું. તરતજ મેં તે વીલ કાઢ્યું, અને વાંચવું શરૂ કર્યું.

મારા વ્હાલા દીકરા નસીરૂદ્દીન.

તને મારૂં આ વીલ તે વખતે મળશે કે જે વખતે મને દુનિયાથી કુચ કરી ગયાને એક બે કલાક વીતી ગયા હશે. મારા મરણથી તને બહુજ દીલગીરી ઉપજી હશે. પણ દીલગીરીને દીલમાંથી કાઢી નાંખી, મારી નીચે લખેલી આજ્ઞાઓ ઉપર અમલ કરજે, જો કદાચ નીચેની આજ્ઞાઓ ઉપર અમલ કરવામાં તારાથી ચુક થશે, તો મને કબરમાં બહુ મહોટો સદમો પહોંચશે. માટે દ્રઢતાથી મારી આજ્ઞાઓ પર અમલ કરી મારા આત્માને સુખ પહોંચાડજે.

૧. હું તારા માટે નેવું હજાર રૂપીઆ મુકી જાઉં છું, જે મુંબઇ બેન્કમાં જમે છે. બેન્કની ચોપડી ત્રીજોરીના નીચલા ખાનામાં છે.

૨. હું તારા રહેવાના માટે એક બંગલો આપી જાઉં છું, જેમાં આજકાલ તું રહે છે.

૩. હું તને મારી તમામ હીરા, મોતી, માણેક વીગેરેની જણસો આપી જાઉં છું, જે લોખન્ડની ત્રીજોરીમાંની પીત્તળની પેટીમાં છે.

૪. હું તને ઉપરની મીલકત સિવાય, સોના રૂપાના વાસણો, દાગીનાઓ અને ફરનીચર વીગેરે તથા એક ગામ જે અમદાવાદ જીલ્લામાં બેગમપુરના નામે ઓળખાય છે, અને જેના ખતો, સનદો વીગેરે આ સાથે છે, તે તને આપી જાઉં છું.

૫. હું તને ચાલીસ હજાર રૂપીઆની નોટો જે ત્રીજોરીના ચોરખાનામાં મુકેલી છે, તે તથા બે હજાર અશરફીઓ આપી જાઉં છું.

આ ઉપર લખેલી બધી મીલકત હું તને રાજી ખુશીથી આપી જાઉં છું, પણ તે ક્યારે કે જ્યારે તું મારી નીચે લખેલી ત્રણ આજ્ઞાઓ ઉપર અમલ કરી મહારા આત્માને ખુશ કરે ત્યારે, નહિ તો આ બધી મીલકત તારા માટે હરામ, હરામ, હરામ અને હરામ બરાબર છે.

આજ્ઞા પેહલી—ગુલચમન, બહુજ નેક અને પતિવ્રતા છોકરી છે, વળી નહાનપણથી તેણે મારી સેવા ચાકરી કરી સાબીતી આપેલી છે કે તે કોઇ ઉંચા કુળમાં જન્મેલી હોવી જોઇએ. તેણી ખુબ સુરતીમાં પણ બીજી સ્ત્રીઓ કરતાં ઉતરે તેવી નથી. માટે તારે તેણી સાથે લગ્ન ગાંઠથી જોડાવું.

આજ્ઞા બીજી—ગુલચમનથી લગ્ન કર્યા બાદ તને ચાહે ઓલાદ થાય કે ન થાય, પણ ગુલચમનની જીન્દગીમાં તારે બીજું લગ્ન કરવું નહિ, કેમકે શોક્યનું સાલ બહુજ દુઃખ આપનાર હોય છે. શોક્યનું દુઃખ હું સારી પેઠે જાણું છું, ગુલચમનને આખી જીંદગી સુધી તારે હેત અને પ્યારથી રાખવી જોઇએ, અને તેને પત્નિના પુરેપુરા હક આપવા. કોઇ દીવસ પણ તેને દાસી સમજી હલકી નજરથી જોવી નહિ. ગુલચમન મને મારી સગી દીકરી કરતાં પણ વધારે વ્હાલી છે. જો કદાચ રહેમત તને મારી પાસે ન લાવત, તો હું મારા મરણ પછી ગુલચમનને આ બધી મીલકતની વારસ બનાવત. કેમકે તે બહુજ વફાદાર, નેક, અને સાચી તાબેદાર છે.

આજ્ઞા ત્રીજી—મારી લાશને અહીં દફન ન કરતાં, મુંબઇ લઇ જજે, અને તારા બાપના પગ આગળ દફન કરજે, કેમકે તેના પગ

આગળ દફન થવું મુક્તિ પામવા જેવું છે. મેં મારી જીંદગીમાં તારા બાપને અનહદ દુઃખો આપ્યા છે. તે બીચારાએ મારા ગરમ સ્વભાવનાજ પ્રતાપે બહુ સંકટો વેઠયા છે. મેં તેને જે જે દુઃખો આપ્યા છે, તે ખુદા સારી પેઠે જાણે છે, તેથી કદાચ તેના પગ આગળ દફન થવાથી મને મુક્ત કરી દે. એવી આશાથી હું તારા બાપના પગ આગળ દફન થવામાં બહુ મ્હોટું માંન સમજું છું.

આ મારી ત્રણ આજ્ઞાઓ છે, જે તારે બજાવવી જોઇએ, જો ત્રણેમાંથી એકમાંએ વાળ બરાબર ફેર પડશે, તો હું કયામતમાં ખુદાની આગળ તારો દામન પકડીશ.

જો દીકરા, નસરૂદીન ! દુનિયામાં પૈસો એક અજબ વસ્તુ છે. હાલતાં ચાલતાં તેનું કામ પડે છે. જો માણસની પાસે પૈસો હોય તો તે ઇજ્જત, આબરૂ અને ચાહે તે મેળવી શકે છે, પણ પૈસા વીના કાંઇએ થઇ શકતું નથી. જીંદગીમાં પૈસોજ એક સુંદર સાથી છે કે જેના સબબે હજારો સંકટો દુર થાય છે. આ મારો પૈસો, મારી મીલકત અને ધન દોલત, જે હું તને આપી જાઉં છું, તે મારી પોતાની કમાએલી નથી, પણ તારા બાપ-દાદાની જાનતોડ મહેનતના પ્રતાપે પ્રાપ્ત થયેલી છે. તેથી તું તેની કદર કરજે, નકામી રીતે તેનો ઉપયોગ કરી દઇશ તો પાછળથી પસ્તાવું પડશે. એક પૈસો ખરચ કરતી વખતે આગળ પાછળનો પુરેપુરો વીચાર કરી લેજે. તું પોતે શાણો અને સમજદાર હોવાથી. હું વધારે લખવા ચાહતી નથી. તો પણ એટલું કહું છું કે તું તારા પૈસાને એવા ઠેકાણે વાપરજે કે જેથી લોકોને ફાયદાઓ પહોંચે. તું તારા પૈસાથી ગરીબોની મુસીબતો ટાળજે. ગજા પ્રમાણે યતીમો અને લુલા, લંગડા તથા વિધવાઓની ખબર રાખી મદદ કરતો રહેજે. હવે હું તને વધુ કાંઇ કહેવા માંગતી નથી, મારા ઉપર જે જે ફરઝ હતી તે તને કહી દીધી. તે પ્રમાણે કરવું ન કરવું તારા હાથમાં છે.

સિપુર્દમ બ તો માય એ ખીશરા
તુ દાની હિસાબે કમો બીશરા

લી૦ તારી ઓરમાન મા,

શીરીન.

જ્યારે મેં મારી ઓરમાન માનું આ વીલ વાંચ્યું, ત્યારે મારી આંખો ઉઘડી ગઇ. અને મેં જાણ્યું કે ઓહો, હું બહુ મ્હોટો ધનવાન છું. એકદમ ખુદાતઆલાએ મને લાખોનો માલેક બનાવી દીધો, આ વિચાર આવતાંજ મેં પરવરદિગારનો બહુ મ્હોટો આભાર માન્યો, અને ફરી બહાર જઇ આવેલા માણસોમાંથી આઠ દસ શહેરોના મ્હોટા મ્હોટા મશાયખોને બંગલામાં બોલાવ્યા, અને મારી માની દફન કરવાની વસીયત સંભળાવી. તેઓએ તરતજ એક માણસને સ્ટેશન ઉપર મોકલી ડબાનો બન્દોબસ્ત કરાવ્યો, ડબાનો બન્દોબસ્ત થાય તેટલામાં તો મારી માને નહવડાવી, ધોવડાવી કફન પ્હેરાવી જનાઝારૂપી પેટીમાં રાખી, અને કલમએ શાહાદત પઢતાં પઢતાં સ્ટેશન ઉપર લઇ ગયાં, જ્યાં ડબો તૈયાર હતો, મેલની પહેલા ઉપડતી પેસેન્જરમાં હું મારા આઠ દસ મળતીયાઓની સાથે મારી માની લાશને લઇ મુંબાઇ ગયો, જ્યાં બીજે દીવસે સવારે સોનાપુરમાં મારા બાપની કબરના પંગાતી દફનાવી. તેની એક આજ્ઞાને પુરી કીધી.

ઝયારતના દીવસે સવારે હું મુંબઇથી મારી માને દફનાવી અમદાવાદ આવ્યો, અને ખાણું રંધાવી ઓળખીતાઓને ખવડાવ્યા, અને સર્વેની રૂબરૂ એક હજાર રૂપીઆ લાહોરની એક અન્જુમનના યતીમખાનામાં મોકલી આપ્યા.

મારી માના સ્વર્ગવાસને દિન પ્રતીદિન દીવસો વીતવા લાગ્યા. તેથી મેં તેમની પહેલી આજ્ઞા પુર્ણ કરવા વીચાર કર્યો. વાંચકો અત્યાર સુધી મેં તમારાથી એક વાત છુપાવી છે. પણ હવે કહ્યા વિના છુટકો નથી. તે એ કે હું લાંબા સમયથી ગુલચમનને ખરા જીગરથી ચાહતો હતો, ગુલચમન અસલ ઇરાની હતી, પણ નહાનપણમાં કોણ જાણે શા કારણથી હિંદુસ્તાનમાં આવી હતી. મ્હારી ઓરમાન મા એક વખતે કહેતી હતી કે મેં ગુલચમનને એક ફકીરની પાસેથી સો રૂપીયા આપીને લીધી છે. ગુલચમનનો દમામદાર ચેહરો, સાદગી, અને બોલવાની મીઠાશ આ વાતની સાબેતી હતી કે તેણી ખરેખર કોઇ ઉંચા કુળમાં જન્મ પામેલી છે. જેવી રીતે હું ગુલચમનને ચાહતો હતો, તેવીજ રીતે તેણી પણ મને ચાહતી હોય એમ તેણીના ચેહરા ઉપરથી જણાતું હતું. જે વખતે મારી ઓરમાન માએ મારા લગ્નની વાત કાઢી હતી, તે વખતે મને બીક લાગી હતી કે રખેને મારૂં લગ્ન બીજે ઠેકાણે થઇ જાય, અને હું ગુલચમનને મેળવવામાં નિષ્ફળતા

પામું. પણ ફરી લગ્નની વાત પડતી રહી, તેથી મને બહુજ ખુશાલી ઉપજી હતી. જ્યારે મેં મારી માની પહેલી આજ્ઞા જોઇ, ત્યારે મને એટલી બધી ખુશી ઉપજી કે હું મારી માના મરણનો દુઃખ થોડીવાર ભુલી ગયો. મારી માએ પોતાના વીલમાં મને ગુલચમનથી લગ્ન કરવા આપેલી આજ્ઞાથી મારી માને દોઆઓ દેવા લાગ્યો. મેં મારી માની પહેલી આજ્ઞા ગુલચમનને સંભળાવી, તો તેણીએ શરમ અને લજ્જાથી પોતાનું મુખ નીચું કરી લીધું, અને ખુશીથી આંસુઓ તેના ગુલાબી ગાલ ઉપર પડી મારી માની પહેલી આજ્ઞાને વધામણી આપવા લાગ્યા. મેં ગુલચમનને તરતજ ગળે વળગાડી અને જલ્દીથી લગ્નની તૈયારીમાં ગુંથાયો.

મારી માની છ માસી થયા બાદ મેં ગુલચમનથી લગ્ન કર્યું, અને આનંદમાં દીવસો ગુજારવા લાગ્યો. આજ લગ્નને ચાર વરસ વીતી ગયા છે, ખુદાના ફ઼ઝલથી ગુલચમનની ગોદ ત્રણ વરસના પુત્રથી ભરેલી છે. મારા પુત્રનો ચેહરો જોઇ મને બહુજ આનંદ થાય છે. તેનું નામ શરીઉદ્દીન રાખ્યું છે

જ્યારે મારો પુત્ર ચાર વરસ ને ચાર મહીનાનો થયો, ત્યારે તેની બીસમીલ્લાહ પઢાવા સારૂ હું ગુલચમનની સાથે માહીમ શરીફગયો, અને બીસમીલ્લાહ પઢાવી માત્ર સેલ કરવાને એક મહીના સારૂં મુંબઇ ભાયખાલામાં એક બંગલો લઇને રહ્યો. મુંબઇમાં દરરોજ મારી ઓરમાન અને સગી મા તથા બાપની કબર ઉપર ફાતેહા પડવાને જતો હતો. એક દીવસે મને મોલવી અમજદની યાદ થવાથી હું તેમને ઘેર ગયો. તેઓ તથા તેમની બીબીજી વહુ હલીમન મને જોઇને બહુજ ખુશ થયા, હવે તો તેમનો પુત્ર નસીરૂદ્દીન પણ મ્હોટો થયો હતો. મેં નસીરૂદ્દીનને પાસે બોલાવી સો રૂપીઆની નોટ આપી. જે જોઇ મોલવી સાહેબ અને તેમની વહુ ઘેલાં ઘેલાં થઇ ગયાં, અને મને આસીર્વાદો આપવા લાગ્યાં. મેં મુંબઇમાં મારા ઓરમાન બાપ લુચ્ચા દાઉદખાનની ખબર કઢાવી તો માલમ પડયું કે તેણે મારા ઘરને વેચી દારૂ અને વ્યભિચારમાં બધા પૈસા ઉરાડી દીધા છે. અને હવે હાથમાં હુક્કો લઇ ભીંડી બજારમાં બધાને પાતો ફરે છે, તથા કાવાખાનામાં હુક્કા ભરી આપી લોકોની પગ ચંપી કરે છે. આ સાંભળી મારાથી રહી શકાયું નહિ તેથી તરત વીકટોરીઆ મંગાવી, હું ભીંડી બજાર તરફ ગયો. જ્યાં ફુલગલીના નાકા ઉપર ફાટેલા અને મેલાં લુગડાં પહેરી હાથમાં તુટેલો હુક્કો લઇ દાઉદખાનને ઉભેલો જોયો તેથી મેં

ગાડી ઉભી રખાવી અને દાઉદખાનને બોલાવ્યો, તે સમજ્યો કે હું હુક્કો પીવા માંગુ છું, તેથી તે દોડતો દોડતો ગાડી પાસે આવ્યો અને હાથમાં હુક્કો પકડી અદબથી સલામ કરી ઉભો રહ્યો. મેં તેને કહ્યું કે હું હુક્કો પીતો નથી, તેથી તે જરા નિરાશ બની પાછો જવા લાગ્યો, તો મેં તેને રોકીને કહ્યું, કેમ તું મને ઓળખે છે? દાઉદખાને મારી તરફ ટીકીને જોતાં જવાબ આપ્યો. નહિ સાહેબ, હું આપને ક્યાંથી ઓળખું? મેં તેને એક સો રૂપીઆની નોટ આપતાં ધીક્કારની સાથે કહ્યું. લે, આ નોટ અને મારી સામેથી તારૂં કાળું મોહડું દુર કર. તેં મને ઓળખ્યો નહિ, પણ હું તને સારી પેઠે ઓળખું છું. હું તેજ યતીમ બાળક છું કે જેની પ્યારી માને રીબાવી રીબાવીને મારી નાંખી. હું તેજ યતીમ નસીર છું કે જેની મીલકત તેં બરબાદ કરી નાંખી. જા, મારી સામેથી દુર થા, આટલું કહી તે ગાડીવાળાને ગાડી હાંકવા કહ્યું. તરતજ ગાડી ચાલી અને દાઉદખાન મને આશ્ચર્યથી જોતો ઉભોજ રહ્યો. તે પછી હું મારી ગુલચમન અને પુત્રની સાથે અમદાવાદ આવ્યો.

હાલમાં હું બી. એ. પાસ કરીને એલ. એલ. બી. નો અભ્યાસ કરૂં છું. મારો વિચાર અમદાવાદમાં કોઇ ઇસ્લામી વકીલ ન હોવાથી એલ. એલ. બી.ની પરિક્ષા પાસ કરી વકીલાતનો ધંધો કરવાનો છે. ખુદાતઆલા તે પુરો કરે. આમીન! કહો વાંચકો, સુમ્મા આમીન!!?!!

સમાપ્ત.

કનીઝે ફાતમા

અથવા

અરબાબે ઝમાના.

(અનુવાદક. નિઝામુદ્દીન કુરેશી.)

અસલ ઉર્દુ ભાષામાં આ પ્રખ્યાત વાર્તા ખાનબહાદુર કાઝી અઝીઝુદ્દીન એહમદ સાહેબ એમ. આર. એ. એસ. એફ. એ. યુ. ડેપ્યુટી કલેક્ટરે લખી છે. અને વિલાયતના સીવીલ સર્વીસના ઉર્દુ કોર્સમાં મંજુર કરવામાં આવી છે. મી. કુરેશીએ આ વાર્તાનો સરળ ગુજરાતી તરજુમો કરી બહાર પાડી છે.

આ વાર્તામાં એક અનાથ બાળાની દુઃખ ભરી દાસ્તાન લખવામાં આવી છે, જેને ચડતી પડતીના દરેક જાતના અનુભવ થાય છે, અને છેવટે ઇલ્મ-વિદ્યાના પ્રતાપે સુખી જીંદગી ગુજારે છે.

આ વાર્તા વાંચવી શરૂ કરવામાં આવશે તો પુરી કર્યા વિના ચેન પડશે નહીં. લગભગ બસ્સો પાનાના પુસ્તકની કીંમત માત્ર સવા રૂપીઓ, પોસ્ટેજ જુદું.

—મેનેજર—

નિઝામીયા બુક ડેપો,

પાંચપટી—અમદાવાદ.

ઇસ્લામી લેખક મી. નિઝામુદ્દીન કુરેશીની લખેલી

આ વાર્તા વાંચી છે!?!

સલીમ

અને

મેહરૂન્નીસા.

(આવૃતિ બીજી).

પહેલી આવૃતિ કરતાં બીજી આવૃતિ ઉંચા ગ્લેઝ કાગળ અને સુંદર છપાઈ સાથે બહાર પાડવામાં આવી છે.

હિંદના મહાન શહેનશાહ જહાંગીર ઉરફે સલીમ અને તેની પ્રેમદા નુરજહાં બેગમ ઉરફે મહેરૂન્નીસાની પ્રેમભરી દાસ્તાનથી કોણ અંજાણ છે? સલીમ અને મેહરૂન્નીસા વચ્ચે સૌથી પહેલાં પ્રેમનું બી રોપાયું ત્યાંથી છેવટ સુધીની દિલચસ્પ હકીકત મનહરણ શબ્દોમાં લખવામાં આવી છે. આખી વાર્તામાં હીંદના પ્રખ્યાત શાએરોના સેંકડો અશઆર (કાવ્યો) ઠેક ઠેકાણે દરજ કરી વાર્તાની દીલકશીમાં ખાસ વધારો કર્યો છે.

કીમ્મત આઠ આના પોસ્ટેજ જુદું.

મેનેજર....નિઝામીયા બુક ડેપો,

પાંચપટી—અમદાવાદ.

એક પૈસાનો પોસ્ટ કાર્ડ લખવાથી અમારૂં મોહટું પ્રાઇસ લીસ્ટ મફત મોકલવામાં આવે છે.